بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-સપ્ટેમ્બર-૨૦૦૮**

**રમઝાનુલ મુબારક-શવ્વાલુલ્ મુકર્રમ**

**હિજરી સન : ૧૪૨૯**

**વર્ષ : ૦૫, અંક : ૧૦, સળંગ અંક : ૫૮**

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦/- |
| આજીવન | રૂા. | ૩૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | આ ત્રાસવાદીઓ પ્રત્યે કૂંણું વલણ કેમ ?! | ૦૨ |
| ૦૨ | **બંને જહાનમાં કામયાબીનો નુસ્ખો મસ્જિદોને તમારાં ઘર બનાવી લો !** *(તંત્રી લેખ...)* | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૯ |
| ૦૪ | જુમ્આ સંબંધે જરૂરી મસ્અલો | ૧૦ |
| ૦૫ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૧ |
| ૦૬ | શિફા શરીફ | ૧૨ |
| ૦૭ | રહમતે દારૈન ﷺ ના શયદાઈ | ૧૪ |
| ૦૮ | નબી ﷺ ની સુન્નત અને આધુનિક વિજ્ઞાન | ૧૬ |
| ૦૯ | ક઼ાનૂને શરીઅત | ૨૦ |
| ૧૦ | **ભોળા લોકોને સુન્નિયતથી દૂર કરતાં દુષણો અને તેનો ઈલાજ** | ૨૩ |
| ૧૧ | નેક અમલ કરો અને રબથી મહાન બદલો પામો ! | ૨૮ |
| ૧૨ | ચાંદ જોવું ઈબાદત છે | ૨૯ |
| ૧૩ | **અલ્લાહ વ રસૂલની શાન સંબંધે... મર્યાદા ભંગ કરનારાઓને લાલબત્તી !** | ૩૨ |
| ૧૪ | **રહમતે આલમ અને ખુદાનો ડર !** | ૩૮ |
| ૧૫ | ઘમંડની તબાહી અને તેનો અઝાબ | ૪૨ |
| ૧૬ | સ્ત્રી નિકાહની ક઼ાઝી બને તો તેનાં બુરાં પરિણામો ! | ૪૫ |
| ૧૭ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૭ |


## હમ્દે બારી તઆલા

કયા બયાં હો હમ્દ તેરી માલિકે અર્શે અઝીમ
હદ નહીં લુત્ફો કરમ કી તેરે અય રબ્બે કરીમ
હૈ કલામે પાક શાહિદ ફૈસલા હૈ યે અટલ
હૈ પનાહ હર એક શય કો ઝાત હૈ તેરી ક઼દીમ
જિસસે હમ પહચાને તુઝકો ઔર તેરે મહબૂબ કો
તૂને બખ્શી હૈ ઈલાહી હમ કો વો અક઼્લે સલીમ
દેખકર આષારે જલ્વા ખા ગએ ગશ એક દમ
ક્યા તેરે દીદાર કો આસાન સમઝે યે કલીમ

## આ ત્રાસવાદીઓ પ્રત્યે કૂંણું વલણ કેમ?!

કા...ર્યા...લ...ય...

આશ્ચર્યની વાત છે કે ત્રાસવાદી હોવાના ખરા ખોટા શક પર મુસ્લિમ નામી યુવાનોને પકડી પકડીને જેલોમાં સબડતા કરી દઈને તેમની તથા તેમના કુટુંબીઓની જિંદગીને વેરણ છેરણ કરનાર પોલીસ તેમજ સત્તાધારીઓ સહેજ ક્યાંક ધડાકો થતાં તાત્કાલિક મુસ્લિમ નામી સંગઠનો સાથે તે ધડાકો જોડી જાત જાતની ટ્રીકો વડે આખી મુસ્લિમ જાતિ પ્રતિ લોકોને ધૃણા થાય તેવા સમાચારો સતત રેલાવનાર તથા વહેતા રાખનાર મીડિયા આજે એવા જ એક ત્રાસવાદી સંગઠનનું કારસ્તાન પકડાવા છતાં તદ્દન ચૂપ છે ! બોમ્બ ફોડનાર ત્રાસવાદી કોઈપણ જાતિનો હશે પણ તેનાથી તો લોહી જ રેડાવાનું અને માનવ અંગો જ હવામાં ઉડવાનાં છે ! છતાં આ સમાચારથી કોઈપણ જાતિનો માણસ જો માનવ હક્કોનું મૂલ્ય સમજતો હશે અને ન્યાયપ્રિય હશે તો આશ્ચર્ય સાથે આઘાત અનુભવશે કે ત્રાસવાદીના આટલા ક્રૂર કૃત્યનું ષડયંત્ર ચલાવનાર આ સંગઠન પર કોઈ કાર્યવાહી નહીં ! આ વલણ શું દેશની વ્યવસ્થા તથા શાંતિને જોખમમાં મૂકનારું નથી ? અને આવું વલણ દેશદ્રોહમાં નહીં ખપે ?!

સાંભળો ! 'મુસ્લિમ ટાઈમ્સ'–મુંબઈ, ૧ થી ૭ સપ્ટે.–૦૮માં છે : ઉત્તર પ્રદેશના એક મહત્વના ઉદ્યોગમય શહેર કાનપુરમાં બજરંગ દળ અને તેના સમર્થક દળોની ત્રાસવાદી પ્રવૃત્તિઓનો ભાંડો ફૂટી ગયો ! ૨૨–ઓગસ્ટ ૨૦૦૮ રવિવારે કાનપુરમાં કલ્યાણપુર થાણા રાજીવનગરના એક મકાનમાં એ સમયે જબરદસ્ત ધડાકો થયો જ્યારે બે વ્યક્તિઓ બોમ્બ બનાવવામાં વ્યસ્ત હતી. અને બંનેવ જણ બજરંગ દળના મહત્વના સ્થાનિક લીડર ગણાતા હતા. એ બંનેવ જણ બનાવના સ્થળે જ ધડાકામાં પતી ગયા. એ બંનેવમાં એકનું નામ રાજીવ મિશ્રા અને બીજાનું ભુપેન્દ્રસિંઘ હતું. વ્યવસ્થા તંત્રે આ પ્રસંગે ત્યાં પહોંચીને બોમ્બ બનાવવાના સામાનને કબજે લીધો. આ સિવાય પણ આ પ્રકારના એક નહીં અનેક પ્રસંગો બની ગયા જે બજરંગ દળની આતંકવાદી પ્રવૃત્તિઓને ઉઘાડી પાડે છે. ઓકટો. ૨૦૦૬માં નાંદેડમાં પણ આ જ પ્રમાણેના ષડયંત્રોનો ભાંડો ફૂટયો હતો. પરંતુ ગવર્નમેન્ટ તથા ગુપ્તચર એજન્સીઓ ન તેમના વિરુદ્ધ તપાસ ચલાવે છે અને ન તેમની ધરપકડ કરે છે ! શું આ નીતિ દેશને ડૂબાડી દેશે કે નહીં ? તથા નિદોર્ષ પ્રજાનું જીવવું મુશ્કેલ કરી નાખશે કે નહીં ! આ ધડાકા સાથે પણ એવું જ થયું કે વ્યવસ્થાતંત્ર કહે છે કે, "તપાસ ચાલુ છે ! છાનબીન પછી જ ચોક્કસ નિર્ણયે પહોંચી શકાય !"

વિચારો ! જો આ જ બનાવ ખુદા ન ખ્વાસ્તા કોઈ મુસ્લિમ નામી લોકો સાથે થયો હોત તો પૂરી પેઢીની પેઢીઓ ઘરે ઘરથી જેલમાં નાખી દેત ! મીડિયાવાળા તો ઝાલ્યા ન ઝલાત ! ને કાંઈક કેવીક રસપ્રદ સ્ટોરીઓ જે તે પ્રસંગની રજૂ થાત ! પણ અહીં ત્રાસવાદી ગૈર મુસ્લિમ છે જેથી સૌ કૂંણું વલણ અપનાવી રહેલ છે ! કાનપુરના આ ધડાકા પર સમગ્ર મીડિયા ખામોશ છે ! ખૂબ આતંકવાદ વિરુધ્ધ બરાડા પાડનાર શીવસેના, બજરંગદળ, વિહિપ, બીજેપી સૌને સાપ સૂંઘી ગયો ! શું આ બેવડી નીતિ દેશના માટે ખતરનાક નથી ? હિંદી તથા અંગ્રેજી મીડિયાએ તો આ ખબર સુદ્ધાં પ્રસિદ્ધ કરી નથી ! આવું વલણ આતંકવાદી પ્રત્યે ?! શાથી ?!

આશ્ચર્યની વાત તો એ છે કે જે જગાએ કાનપુરમાં ધડાકો થયો તેના ત્રીજા દિવસે તેનાથી ત્રણ કિલોમીટરના અંતરે ભુપેન્દ્રસિંઘના ઘરમાં વિનાશક સામાન અને બોમ્બ બનાવવાની ચીજો મળી આવી. બતાવવામાં આવે છે કે આ ષડયંત્ર કરનારાઓએ એટલો બધો સામાન એકત્ર કરી રાખ્યો હતો કે અડધુ કાનપુર એનાથી અસર પામત ! આના પરથી અંદાજો થાય છે કે દેશના અન્ય ભાગોમાં ઘણા સ્થળોએ આ પ્રકારની ત્રાસવાદી પ્રવૃતિ ચાલુ છે જેની ભરપુર ચકાસણી તથા તપાસ થવી જોઈએ. આ તો તેમની ટેકનિકલ ખામીઓના કારણે આ ભાંડો ફૂટી ગયો, નહીં તો ક્યાં ક્યાં બોમ્બ ફોડાત અને મુસલમાનોને માથે ચડાવી વિના વાંકે તેમનાથી જેલ ભરી પોલીસ મુજરિમોને પકડવાનો સેહરો માથે બાંધી લેત ! જો નિષ્પક્ષ સંશોધન કરવામાં આવે તો જયપુર, ઈંદોર, અમદાવાદ, બેંગ્લોર વગેરે જગાએ થયેલ બોમ્બ બ્લાસ્ટના તાર પણ કદાચ અહીંથી જોડાયેલા મળી જાય, અને ખરા દેશ દ્રોહીઓ કોણ છે તે ખબર પડી જાય કે જેઓ દેશની એકતા, અખંડિતતા અને શાંતિને દહોળીને તોફાનો ખડાં કરી દેશની પ્રગતિને રૂંધી રહ્યા છે. નિષ્પક્ષ તપાસ તથા પગલાં નહીં ભરનાર હજીય કુદરતથી ડરે અને નિર્દોષોના ખૂનના નિમિત્ત ન બને અને દેશના સંયુક્ત હિતને જોખમમાં ન નાખે.

## બંને જહાનમાં કામયાબીનો નુસ્ખો

# મસ્જિદોને તમારાં ઘર બનાવી લો !

તંત્રી લેખ..

**મસ્જિદ તો બના લી શબભરમેં ઈમાં કી હરારતવાલોંને**
**મન અપના પુરાના પાપી થા બરસોંમેં નમાઝી બન ન સકા**

પ્યારા સુન્ની ભાઈઓ ! આપણે જોઈ રહ્યા છીએ કે આજકાલ મોંઘી મોંઘી મોટી મોટી મસ્જિદો બનાવવાની જાણે કોઈ હરીફાઈ ચાલી રહી છે. નાની સરખી આબાદીમાં બે કરોડ, વળી ક્યાંક અઢી કરોડ, ત્રણ કરોડ ! ની મસ્જિદો બની રહી છે. એક જગાએ સવા બે કરોડની મસ્જિદ બની રહી હતી. મેં ત્યાંનાં વતનીને પૂછયું કે ફજરમાં કેટલા નમાઝી થાય છે ? તો જવાબ મળ્યો, દસથી પંદર ! અન્ય નમાઝોમાં ? ત્રીસ ! કે વધુમાં વધુ ચાલીસથી પચાસ ! અને જુમ્આમાં ? દોઢસોથી બસો ! આ સ્થિતિ જોઈને મને તે હદીષે પાક યાદ આવી કે સાચું જ ફર્માવ્યું આપણા આક઼ા નબી કરીમ ﷺએ ક઼યામતની નિશાનીઓ સંબંધે કે, ''લોકો પોતાની મસ્જિદો પર ફખ્ર કરશે.'' અને હઝરત અલી كرم الله تعالىٰ وجهه الكريم નું કથન પણ યાદ આવ્યું કે....''મસ્જિદો બાંધકામના હિસાબે ખૂબ જ ખૂબસૂરત હશે પણ અલ્લાહ جل جلاله ના ઝિક્રથી ખાલી હશે...'' જ્યાં જુમ્આમાં ૧૫૦–૨૦૦ નમાઝી થાય છે ત્યાં કમસે કમ ૧૨ લાખમાં અને વધુમાં વધુ ૧૮ થી ૨૦ લાખમાં ખૂબ ડેકોરેટેડ મસ્જિદ બની જાય, પણ શું થાય ? માણસ પાસે પૈસો આવી ગયો પણ દીની સમજ તથા સમગ્ર સુન્ની આલમની ખરી લાગણીનો અભાવ રહ્યો, જેથી પોતાને ત્યાં કરોડો ખર્ચે અને જેઓ તદ્દન મુફલિસ છે તેવી આબાદીઓ પ્રતિ ધ્યાન પણ ન કરે ! કે ક્યાં મસ્જિદ–મદરસાની જરૂરત છે અને કયા કામમાં અધિક સવાબ છે. ખૈર ! વાત અન્ય વિષય પર જતી રહી.

**અલ્લાહ અને ક઼યામત પર ઈમાનવાળા કોણ ?!**

મારા કહેવાનો મૂળ હેતુ એ છે કે આજકાલ મોટાભાગે લોકોને મસ્જિદથી, નમાઝથી તે લગાવ નથી રહ્યો જે એક મો'મિનમાં હોવો જોઈએ. જ્યારે કુર્આને પાકમાં રબ્બે કરીમનો ઈર્શાદ છે :–

اِنَّمَا یَعۡمُرُ مَسٰجِدَ اللّٰہِ مَنۡ اٰمَنَ بِاللّٰہِ وَالۡیَوۡمِ الۡاٰخِرِ **તર્જુમો** : ''અલ્લાહની મસ્જિદોને માત્ર એ જ લોકો આબાદ કરે છે જેઓ અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન લાવે છે.'' મસ્જિદની જાહેરી આબાદી એ છે કે તેને બનાવવામાં આવે અને બાતિની આબાદી એ છે કે તેને નમાઝીઓથી ભરવામાં આવે.

મસ્જિદની જાહેરી તામીર બેશક ! ખૂબ જ બરકત તથા ફઝીલત ધરાવે છે. ફર્માને નબવી છે કે **જે વ્યક્તિએ અલ્લાહના રાજીપણાના માટે મસ્જિદ બનાવી ભલે ને તે મસ્જિદ એક પ્રકારના તેતરના છિદ્રના જેટલી જ કેમ ન હોય પણ અલ્લાહ તઆલા તે વ્યક્તિના માટે જન્નતમાં મહેલ બનાવી દે છે.** તો જેને અલ્લાહ તૌફીક઼ આપે, માલ દૌલત આપે તો તેણે જરૂર મસ્જિદો બનાવવી જોઈએ, પણ ગમે ત્યાં નહીં બાંધતાં યોગ્ય આબાદી, જરૂરતમંદ સ્થળ પસંદ કરી બનાવવી જોઈએ અને જરૂરત પ્રમાણેની કમખર્ચામાં બનાવવી જોઈએ, અને બીજી રકમ વધે તો અન્ય ઠેકાણે મસ્જિદ મદરસા બનાવવામાં વાપરવી જોઈએ.

**મસ્જિદ આબાદ કરનારને રબ તરફથી ઈનામોની વર્ષા !**

મસ્જિદને આબાદ કરવાનો બીજો મક્સદ એ છે કે તેમાં નમાઝો પઢવામાં આવે, તેને નમાઝીઓથી આબાદ કરવામાં આવે, આ તેની બાતિની તામીર છે. મસ્જિદને આબાદ કરનારને રબ તઆલા તરફથી ખૂબ નવાઝવામાં આવે છે. જેમ કે ફર્માને નબવી છે કે અલ્લાહ તઆલાનો આ ઈર્શાદ અમુક ઈલ્હામી કિતાબોમાં મૌજૂદ છે કે.... **ખુશખબર છે મારા તે બંદા માટે જે પોતાના ઘરમાં પાકી મેળવીને મારા ઘરમાં મારી મુલાકાતે આવે છે, જેથી મારા પર હક઼ છે કે હું આવવાવાળા મુલાકાતીને ઈજ્જત તથા વક઼ાર આપું.**

જનાબ સઈદ ઈબ્ને મુસૈયિબ رضی اللہ عنہનો ક઼ૌલ છે કે **જે વ્યક્તિ મસ્જિદમાં બેઠો છે તે જાણે કે અલ્લાહની મજલિસમાં બેઠો છે** જેથી તેણે ભલાઈ સિવાય કોઈ બીજી વાત ન કરવી જોઈએ. *(મુક઼ાશફતુલ કુલૂબ)*

આજે જો કોઈને કોઈ સંસ્થા તરફથી ગોલ્ડ મેડલ કે ટ્રોફી કે ગવર્નમેન્ટ તરફથી કે રાષ્ટ્રપતિ તરફથી કોઈ એવોર્ડ દુનિયાવી કોઈ તરક્કીના સબબે મળી જાય તો તે ફૂલ્યો નથી સમાતો, જગતભરમાં તેની વાહ વાહનો શોર સંભળાય છે ! પણ મસ્જિદ આબાદ કરનારને તો ખૂદ પાક પરવરદિગાર ખુશખબરી આપે છે અને ઈજ્જત તથા પ્રતિષ્ઠા (વક઼ાર) આપે છે, રાષ્ટ્રપતિ શેક હેન્ડ કરી આપે તો છાતી ગજ ગજ ફૂલી જાય ! જ્યારે મસ્જિદમાં આવનાર તો ખૂદ જાણે રબ તઆલાની જ મુલાકાતે આવનાર ગણાય છે, અને જાણે રબ તઆલાની મજલિસમાં બેસનાર ગણાય છે. તો આટલી મહાનતા દુનિયામાં ક્યાંય મળવી અશક્ય છે, એ મસ્જિદમાં જ મળી શકે ! દુનિયાની જૂઠી પ્રતિષ્ઠા ''ચાર દિન કી ચાંદ''ની જેવી છે પણ રબ તઆલા તેનો ઈમાનવાળો જે મુખ્લિસ બંદો મસ્જિદમાં આવે તેને જે પ્રતિષ્ઠા ઈજ્જત, વક઼ાર તથા ઈનામો આપે છે તે કદી નષ્ટ થનાર નથી, ન આ દુનિયામાં ન તે દુનિયામાં અને બંને જહાનમાં માણસ ઈજ્જતવાન બની જાય છે.

ઈમામ નખઈ رضی اللہ عنہનો ક઼ૌલ છે કે પૂર્વજ બુઝુર્ગોએ ફર્માવ્યું કે, **''રાતના અંધકારમાં મસ્જિદમાં આવવાળા માટે જન્નત વાજિબ થઈ જાય છે.''** પ્યારા દીની ભાઈઓ ! તો બુદ્ધિજીવી તેને કહેવાશે જે દુનિયાની વાહ વાહ નહીં પણ આખેરતની કામયાબી તથા રબનાં ક઼ાયમી ઈનામો પામવા કોશિશ કરે અને મસ્જિદને આબાદ કરે.

**અંધારામાં મસ્જિદે જનારને ક઼િયામતમાં નૂર મળશે**

આજે આપણી મસ્જિદોનો હાલ જુઓ તો મોટા ભાગે ફજર તથા ઈશામાં મસ્જિદોમાં ખૂબ ઓછી સંખ્યા જોવા મળે છે અને ખાસ કરીને ફજરમાં તો મોટાભાગે વૃદ્ધો તથા કમજોર માણસો જ જોવા મળે છે, એક આખી પેઢી જાણે મસ્જિદથી કપાય ચૂકી છે ! અને દિવસ ચઢયા પછી ઉઠવાની આદતવાળી બની ચૂકી છે. જો એમનામાં ઈમાનની હૂંફ બાકી હોય તો સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمની આ મુબારક હદીષોનો અભ્યાસ કરે અને ગંભીરતાથી વિચારે કે તેમની આ નમાઝથી તથા મસ્જિદની હાજરીથી ગફલત તેમને કેટલી મહાન ખુશખબરીથી મેહરૂમ રાખી રહેલ છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **''મસ્જિદો તરફ અંધારામાં ચાલવાવાળાઓ એ જ લોકો અલ્લાહની રહમતમાં ડૂબકીઓ લેનાર છે.''** *(ઈબ્ને માજહ)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''અંધારામાં નમાઝ માટે ચાલનારાઓને **જોરદાર નૂર** (પ્રકાશ)ની **ખુશખબરી** છે, ક઼િયામતના દિવસે એમની

સામે અને એમની આજબાજુમાં." *(ઈબ્ને માજહ)*

બીજી હદીષમાં છે, અંધારામાં મસ્જિદો તરફ ચાલનારાઓને **મહાન નૂરની ખુશખબરી** છે ક઼િયામતના દિવસે અલ્લાહ તઆલા તરફથી." *(તબ્રાનીએ કબીરમાં રિવાયત કરી અબૂ મૂસાએ)*

નબી ﷺ પાસે હઝરત જિબ્રઈલ عليه السلام આવ્યા અને કહ્યું, "અંધારામાં મસ્જિદો તરફ ચાલનારાઓને **સંપૂર્ણ નૂરની બશારત** આપો ક઼િયામતના દિવસે." *(રિવાયત હઝરત ઉમરથી, ઈબ્ને ઝૌજી)*

નબી ﷺએ ફર્માવ્યું, "**બશારત** આપો અંધારામાં મસ્જિદો તરફ ચાલનારાઓને ક઼િયામતના દિવસે **નૂરના મિમ્બરોની**. લોકો ગભરાશે પણ તેઓ ગભરાશે નહીં." *(રિવાયત કરી અબૂ ઓમામાએ તબ્રાનીએ કબીરમાં)*

**હે મારા નવયુવાન મિત્રો** ! વડીલો ! ક઼યામત પર ઈમાન એ જરૂરિયાતે દીનમાંથી છે, તેને નકારનાર "કાફિર" છે. અને ક઼િયામતનો આલમ એવો હશે કે એક દિવસ ત્યાંનો અહીંના ૫૦ હજાર વરસનો હશે, સૂર્ય સવા નેજા પર હશે, જમીન તાંબાની હશે, દરેક પોતપોતાના ગુનાહોના હિસાબે પરસેવામાં ડૂબેલો હશે. કોઈને ઘૂંટી સુધી કોઈને ગુથણ સુધી, કોઈને કેડ સુધી, છાતી સુધી તો કાફિરને મોઢા સુધી હશે અને તેમાં તે ડૂબકીઓ ખાતો હશે. આ ઉપરાંત વિવિધ પ્રકારના અઝાબોમાં કાફિરો તથા ગુનેહગારો સપડાયેલા હશે. તો શું એ અઝાબોથી તમે બે પરવા છો ? કે એ અઝાબો સહન કરવાની તમારામાં તાક઼ાત છે ?! જેથી તમે નચિંત થઈને સૂઈ રહ્યા છો ! માં બાપોને પણ પોતાની ઔલાદ ખરેખર વહાલી હોય તો આ અઝાબોથી બચે માટે તેમને ઈસ્લામ પર ચાલવા અને નેક બનવા તથા નમાઝોની પાબંદ બનાવવા પ્રયત્નો કરવા જોઈએ, કેવળ દુનિયામાં સુખ ચૈનમાં રહે એ ફિકર ન કરો પણ આખેરત જે હમેશાંની જિંદગી છે તેને આરામદાયક બનાવવા માટે તેમને સમજાવો, ટ્રેઈન્ડ કરો અને નેક બનાવો.

હઝરત ઈબ્ને ઉમર رضي الله عنهماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"જે મસ્જિદ તરફ ચાલે તો એક ડગલુ એક ગુનોહ મિટાવે છે અને બીજા પર નેકી લખવામાં આવે છે, જતાં અને પરત આવતાં."**

**પ્રથમ સફનો દરજ્જો અને આપણી સુસ્તી !**

હદીષે પાકમાં છે કે, **"જો લોકોને ઈલ્મ હોતું કે પ્રથમ સફમાં શું છે ? (કેટલો સવાબ છે ?) તો એના માટે ચિઠ્ઠી ફેંકવામાં આવતી."** *(ઈબ્ને માજહ રિવાયત અબૂ હુરૈરહ્થી)*

બીજી હદીષે પાકમાં છે, "બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ પહેલી સફ પર દુરૂદ મોકલે છે." સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ બીજી પર ? તો આ જ શબ્દો દોહરાવ્યા. ફરી અર્ઝ કરી, "અને બીજી પર ?" તો ફર્માવ્યું, "બીજી પર પણ." *(ઈમામ અહમદ રિવાયત અબૂ ઓમામાથી)*

આપણે કોઈને ત્યાં શાદી વગેરેની દા'વતમાં જઈએ તો તેને મળીને તેને ખુશ કરવા આપણી હાજરી નોંધાવીએ છીએ, આગળ આગળ રહીએ છીએ ! ત્યાં આપણે ખૂબ જ ખયાલ આગળ રહેવાનો રાખીએ છીએ. જ્યારે અહીં રબ તઆલા ખૂદ આગલી સફમાં રહેનારને ખુશખબરીઓ તથા અગણિત રહમતોની બશારતો આપે છે છતાં લોકો સુસ્તી કરે છે ને આગલી સફો ખાલી હોય છતાં પાછલીમાં ઉભા રહે છે ! તો રબને રાજી કરવા આગલી સફોમાં રહેવા પ્રયત્ન કરવો જોઈએ.

## સહાબા તથા બુઝુર્ગોની મસ્જિદથી મહોબ્બત અને આજે !

સહાબીએ રસૂલ હઝરત અબૂ દરદા رضی اللہ عنہએ હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہને એક નસીહતના પત્રમાં લખ્યું કે..... મસ્જિદને તારું ઘર બનાવી લે, મેં હુઝૂર નબી કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યાં કે, ''મસ્જિદો મુત્તક઼ીઓનાં ઘર છે. **બેશક ! અલ્લાહ તઆલા ﷻ મસ્જિદોને ઘર બનાવનારાઓને રાહત તથા આરામનો, પુલસિરાતથી સરળતાપૂર્વક પસાર થવા, જહન્નમથી છૂટકારો પામવા તથા મકામે રઝા સુધી પહોંચની જામિનગીરી આપે છે.''** *(તંબીહુલ ગાફિલીન, ૧/૪૦૪)*

પ્યારા દીની ભાઈઓ ! મસ્જિદને ઘર બનાવવાનો મતલબ એ નથી કે પોતાના ઘરની જેમ શોર મચાવે, દુનિયાવી વાતો ચીતોમાં ખોવાયેલા રહે... વગેરે બલ્કે મસ્જિદના આદાબની પાબંદી સાથે મસ્જિદમાં રહે અને ઈબાદતોમાં વ્યસ્ત રહે, તો અલ્લાહ ﷻ તેના માટે રાહત તથા આરામ અને પુલસિરાત કે જે બાલથી બારીક અને તલ્વારથી તેજ છે તેના પરથી પસાર થવાનો અને જહન્નમની આગથી છૂટકારાનો જામિન બની જાય છે ! આટલી મહાન બશારત પછી શું જોઈએ ! તો કોણ એવો છે જેને પુલસિરાતથી સરળતાપૂર્વક પસાર નથી થવું અને જહન્નમથી છૂટકારો નથી જોઈતો ?! સર્વ ચાહે જ છે ! તો પછી મસ્જિદથી દૂર ભાગવાથી એ કેમ કરીને મળી શકશે ?!

સહાબીએ રસૂલ ﷺ હકીમ બિન ઉમૈર رضی اللہ عنہ ફર્માવે છે કે, ''દુનિયામાં મહેમાન બનીને રહો, **મસ્જિદોને તમારાં ઘર બનાવી લો !** દિલોને (ખૌફે ખુદામાં) કાંપતાં રાખો, આખેરતની ચિંતા અને રડવામાં અતિશયતા કરો તો મનેચ્છાઓ તમારા પર કબ્જો કરી શક્શે નહીં. *(હવાલો ઉપર મુજબ)*

હઝરત ઈમામ અવઝાઈ رحمۃ اللہ علیہનું બયાન છે કે પાંચ ચીજો એવી છે જેના પર હુઝૂરે અકરમ ﷺ તથા આપના અનુયાયીઓ સારી રીતે અમલ કરતા રહેતા હતા. જેમાંથી બે **''બાજમાઅત નમાઝની અદાયગી''** તથા **''મસ્જિદોને આબાદ કરવું''** છે.

એક કથન એવું છે કે મુસલમાનના માટે ત્રણ કિલ્લાઓ છે : (૧) મસ્જિદ (૨) અલ્લાહ ﷻનો ઝિક્ર (૩) કુર્આન મજીદની તિલાવત. જ્યાં સુધી મુસલમાન તેમાંથી એક સાથે પણ સંબંધિત રહે છે તો તે કિલ્લામાં શૈતાનથી સુરક્ષિત રહે છે. હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે **મસ્જિદમાં ઝાડુ આપવું તથા તેની દેખભાળ કરવી જન્નતની હુરોની મહેરનો હક઼ છે.**

એટલા જ માટે આપણે પહેલાંના બુઝુર્ગોનાં જીવન ચરિત્રોમાં જોઈએ છીએ કે તેઓને મસ્જિદથી ખૂબ જ લગાવ હતો, સફરમાં કે ઘરે હોય પણ આખી આખી રાત જે તે સ્થળની મસ્જિદોમાં રબ ﷻની ઈબાદતમાં તેઓ રડી રડીને પસાર કરતા હતા, નમાઝોમાં, તિલાવતમાં પસાર કરતા હતા અને આજે પણ સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ, હઝરત નિઝામુદ્દીન ઔલિયા, હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, હઝરત શૈખ અબ્દુલ હક઼ મુહદ્દિષે દહેલ્વી, હઝરત મખ્દૂમ સમનાની, શાહ બરકતુલ્લાહ મારહરવી, ઈમામ અહમદ રઝા, શાહે આલમ, કુત્બે આલમ, શાહ વજીહુદ્દીન અલ્વી, હઝરત દરિયાઈ દુલ્હા બીરપુરી رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરે તેમજ હિંદુસ્તાન સિવાય જગતભરમાં બુઝુર્ગોનાં મઝારો સાથે મસ્જિદો આબાદ છે. પરંતુ અફસોસ ! વર્તમાનકાળમાં ઘણા બધા કહેવાતા બુઝુર્ગો, હસ્તીઓ રસ્મી પ્રોગ્રામો સિવાય ભાગ્યે જ મસ્જિદોમાં જોવા મળે છે. (ઈલ્લા માશાઅલ્લાહ !) અને એના જ લીધે પબ્લિકમાં પણ બેઅમલી ફેલાય છે. ઉપરોક્ત લખાણમાં તમે અગાઉના બુઝુર્ગોની નસીહતો જોઈ જ્યારે આજે પરિસ્થિતિ કાંઈ જુદી જ છે ! અલ્લાહ ખૈર કરે !

**કયામતમાં મસ્જિદો શું કામ લાગશે ?**

હઝરત અનસ બિન માલિક رضي الله عنه બયાન કરે છે કે હુઝૂર ગયબદાં નબી ﷺએ ફર્માવ્યું કે કયામતના દિવસે મસ્જિદો સફેદ બખ્તી ઊંટોના સ્વરૂપમાં લાવવામાં આવશે જેમના પગો અંબરના હશે, ગરદનો ઝાફરાનની હશે, માથાં મુશ્કનાં હશે અને તેમના પર લીલાં મોતી હશે. મોઅઝ્ઝિનના હાથોમાં તેમની લગામ હશે અને ઈમામ પાછળથી ચલાવશે અને તે હશ્રના મેદાનથી વીજળી વેગે પસાર થઈ જશે, અને કયામતવાળા કહેશે કે આ મુકર્રબ ફરિશ્તાઓ છે કે નબી તથા રસૂલ છે ? તો તેમને જણાવવામાં આવશે કે હે કયામતવાળાઓ ! ન એ મુકર્રબ ફરિશ્તાઓ છે અને ન તો નબીઓ તથા રસૂલો છે, બલ્કે આ ઉમ્મતે મુહમ્મદી ﷺના તે લોકો છે જેઓ હમેશાં બાજમાઅત નમાઝ પઢતા હતા. *(તંબીહુલ ગાફિલીન)*

હઝરત વહબ બિન મુનબ્બિહ رضي الله عنه ફર્માવે છે કે મસ્જિદોને એવી કશ્તીઓના સ્વરૂપમાં કયામતના દિવસે લાવવામાં આવશે જેમના પર મોતી તથા યાકૂત જડેલા હશે અને તેઓ પોતાના નમાઝીઓની મગફેરતની સિફારિશ કરશે. સુબ્હાનલ્લાહ !

આ હતી મસ્જિદથી મહોબ્બત તથા લગાવ રાખનારા અને બાજમાઅત નમાઝ પઢનારાઓ માટે બશારતો ! જે સંક્ષિપ્તમાં વર્ણન કરવામાં આવી, હવે અંતમાં મસ્જિદમાં નમાઝ માટે ન આવનારાઓને ચેતવવા માટે કુર્આન હદીષના આધારે લખાણ રજૂ કરવામાં આવે છે.

**બેનમાઝીઓ ! સાવધાન ! જલ્દી તૌબા કરી લો !**

અગાઉ કુર્આનનો જે આદેશ વર્ણન થયો કે, **"અલ્લાહની મસ્જિદોને એ જ લોકો આબાદ કરે છે જેઓ અલ્લાહ તથા કયામતના દિવસ પર ઈમાન રાખે છે."** જો મુસલમાનમાં ઈમાની ગૈરત (શરમ) બાકી હોય અને દિલમાં ખુદાનો ડર હોય તો આ આયતના જાહેરી અર્થ પર વિચાર કરે કે **ખૂદ રબ તઆલાએ તેના પર તથા કયામત પર ઈમાનવાળા તેમને જ બતાવ્યા કે જેઓ મસ્જિદોને આબાદ કરે છે, તેમાં નમાઝો પઢે છે, અલ્લાહનો ઝિક્ર કરે છે.** તો જેઓ નમાઝોનો ત્યાગ કરી નચિંતપણે જીવી રહ્યા છે તેમણે પોતાની ચિંતા કરવી જોઈએ ! પોતાના અંજામથી ડરવું જોઈએ. કાફિરો નમાઝ પઢતા નથી, તો પોતાનામાં કાફિરોની નિશાની ન આવવા પામે તે બાબતથી ગંભીરપણે સાવચેત થઈ નમાઝ બાજમાઅતના પાબંદ બની જવું જોઈએ.

હઝરત અબૂ સઈદ رضي الله عنهથી રિવાયત છે કે રસૂલે પાક ﷺએ ફર્માવ્યું, "જેણે જાણી જોઈને **નમાઝ છોડી એનું નામ દોઝખના દરવાજા પર લખી દેવામાં આવ્યું** જેનાથી એ પ્રવેશશે." *(અબૂ નુઐમ)*

કોણ બંદો હિંમતવાન છે જેને અલ્લાહના અનહદ સાચા રસૂલ ﷺનું ફર્માન ડરાવી નથી શક્તું ! **કોણ એ વાતથી ખુશ છે કે તેનું નામ જહન્નમના દરવાજા પર લખાય જાય જેમાંથી તેને જવું પડશે !** કોઈનામાં એ હિંમત નથી ! તો દિમાગને ઠેકાણે લાવો અને તૌબા કરો ને નમાઝો પઢો ! આ વાતોની અસર જો ન થાય તો તેને જે ગૈર મુસ્લિમ છે અથવા પાગલ થઈ ગયો છે ! કેમ કે તેને સમઝબુઝ છે જ નથી ! પણ તમારા શરીરમાં એક મુસલમાનનું દિલ ધડકે છે અને ખોપરીમાં એક અલ્લાહ વ રસૂલ رضوان الله تعالى عليهم اجمعينની મહોબ્બત સમાવતું દિમાગ વસેલું છે જેથી તમારે તો હવે તૌબા કરીને નમાઝ તથા જમાઅતના પાબંદ બની જવું જોઈએ.

હદીષેમાં પાકમાં છે કે, "જેણે નમાઝ છોડી તો જાણે તેનાં ઘરવાળાં અને એનો માલ બર્બાદ કરી દેવામાં આવ્યો." *(દારકુત્ની, બયહકી, અબૂ દાઊદ)* કોણ છે જે આવી બર્બાદીઓ વેઠવા તૈયાર છે ? ઘર

કુટુંબ બર્બાદ થઈ જાય તો માણસની શું હાલત થાય એ જ હાલ નમાઝ છોડનારનો છે.

**જમાઅત ત્યજનાર પર હુઝૂર ﷺ સખત નારાજ !**

હે આશિકે રસૂલ સુન્ની ભાઈઓ ! જમાઅતને શરઈ ઉઝર (મજબૂરી) વિના ત્યજનાર રસૂલે પાક ﷺની નજીક કેટલો મહાન મુજરિમ છે તે સંબંધે નીચેની હદીષોનો ઠંડા દિલે અભ્યાસ કરો અને તમારી ઈમાની ગૈરતને જાગૃત કરો !

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "મેં વિચાર્યું કે નમાઝનો હુકમ આપુ તો ઈકામત કહેવામાં આવે, પછી હું ધ્યાન કરું તો **જેણે મસ્જિદમાં હાજરી ન આપી એના પર એનું ઘર સળગાવી આપું.**" *(તબ્રાનીએ સગીરમાં)*

બીજી રિવાયતમાં છે, "હું વિચારું છું કે લોકો માટે કોઈને ઈમામ બનાવું પછી નીકળું અને **જે માણસને નમાઝથી પાછળ રહી જવામાં એના ઘરમાં પામી લઉં એના પર એને (ઘરને) સળગાવી આપું.** *(ઈબ્ને ઉમ્મે મકતૂમથી, ઈમામ અહમદ)*

ત્રીજી રિવાયતમાં છે, "મેં વિચાર્યું કોઈ બૂમ પાડનારને હુકમ કરું એ નમાઝ માટે અવાજથી બોલાવે પછી હું એવા લોકો પાસે જાઉં **જેઓ નમાઝથી પાછળ રહી ગયા છે એમના પર એમનાં ઘરોને આગ લગાડી દઉં.**" *(હઝરત જાબિરથી, અબૂ દાઊદ, તિયાલિસી)*

વિચારો ! તમે પોતે આશિકે રસૂલ હોવાનો દાવો તો કરો છો પણ જેમનાં ઘર તેમના સમેટ સળગાવી દેવાનો જલાલ આપણા પ્યારા નબી ﷺ જે રહ્મતુલ્ લિલ્ આલમીન છે છતાં જમાઅત ત્યજનાર પર દર્શાવી રહ્યા છે તે લોકોમાં તમે તો નથી આવતા ને ! જો એવું હોય તો **તમે કયા મોઢે પોતાને આશિકે રસૂલ કહો છો !** આ વિષયની અન્ય ઘણી રિવાયતો છે, તો આ હદીષોનો અભ્યાસ કરો અને ગંભીર બની નમાઝ તથા જમાઅત ત્યજવાથી તૌબા કરી લો.

**ફજર તથા ઈશા મુનાફિક્ને અઘરી લાગે છે !**

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **"ઈશાની નમાઝ અને ફજરની નમાઝ મુનાફિક્ો પર અધિક અઘરી છે,** જો એમને ખબર હોત કે એમાં શું છે તો ઘસેડાઈને પણ એના માટે આવતા." *(ઈમામ અહમદ બુખારી, મુસ્લિમ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

જેમનું દિલ મસ્જિદમાં નથી લાગતું તેમણે પોતાના ઈમાનની જાંચ કરી લેવી જોઈએ અને ચિંતિત થવું જોઈએ. જેમ કે નઝ્ઝાલ ઈબ્ને સબરા رحمۃ اللہ علیہ કહે છે કે, **"મુનાફિક્ મસ્જિદમાં એ પક્ષીની જેમ છે જે પિંજરામાં પૂરાયેલું હોય."** *(તંબીહુલ ગાફિલીન)*

હે સુન્ની મુસલમાનો ! મુનાફિક્ તે છે જે જાહેરમાં મુસલમાન છે પણ દિલથી કાફિર છે, સામાન્યતઃ મુસલમાનોની એ હાલત છે કે ઈશામાં અને ખાસ ફજરમાં નમાઝના સમયે ઊંઘી રહી ફજરને ત્યજી દે છે. તેઓ વિચારે કે **મુનાફિક્ તે બદ્તરીન કાફિર છે કે તેના માટે જહન્નમનો સૌથી નીચલો તબકો રિઝર્વ છે ! તેવા ખતરનાક કાફિરની નિશાની તમારામાં ક્યાંથી ?!** કેમ કે ઈશા તથા ફજર મુનાફિક્ને અઘરી પડે છે એવું નબી પાક ﷺ જ કહે છે, તો જો તમે સાચા આશિકે રસૂલ છો તો ઈશા તથા ફજરના પણ પાબંદ થઈ જાવ જેથી મુનાફિકની નિશાનીથી બચી જાવ ! અને અલ્લાહ વ રસૂલ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પણ તમારાથી રાજી થઈ જાય.

અલ્લાહ તઆલા આપણને સૌને મસ્જિદોની સાથે મહોબ્બત રાખવાની, જમાઅતોની પાબંદીની, મસ્જિદમાં ઝિક્ર તથા ઈબાદતની, મસ્જિદની ખિદમતની તથા તેની અદબ કરવાની તૌફીક્ અતા ફર્માવે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ
لَعَلَّكُمْ تَتَفَكَّرُوْنَ ﴿٢١٩﴾ فِی الدُّنْيَا وَالْاٰخِرَةِ ؕ وَيَسْـَٔلُوْنَكَ عَنِ
الْيَتٰمٰی ؕ قُلْ اِصْلَاحٌ لَّهُمْ خَيْرٌ ؕ وَاِنْ تُخَالِطُوْهُمْ فَاِخْوَانُكُمْ ؕ
وَاللّٰهُ يَعْلَمُ الْمُفْسِدَ مِنَ الْمُصْلِحِ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ لَاَعْنَتَكُمْ ؕ
اِنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿٢٢٠﴾ وَلَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ حَتّٰی يُؤْمِنَّ ؕ
وَلَاَمَةٌ مُّؤْمِنَةٌ خَيْرٌ مِّنْ مُّشْرِكَةٍ وَّلَوْ اَعْجَبَتْكُمْ ۚ وَلَا تُنْكِحُوا
الْمُشْرِكِيْنَ حَتّٰی يُؤْمِنُوْا ؕ وَلَعَبْدٌ مُّؤْمِنٌ خَيْرٌ مِّنْ مُّشْرِكٍ
وَّلَوْ اَعْجَبَكُمْ ؕ اُولٰٓئِكَ يَدْعُوْنَ اِلَی النَّارِ ۖۚ وَاللّٰهُ يَدْعُوْٓا
اِلَی الْجَنَّةِ وَالْمَغْفِرَةِ بِاِذْنِهٖ ۚ وَيُبَيِّنُ اٰيٰتِهٖ لِلنَّاسِ لَعَلَّهُمْ
يَتَذَكَّرُوْنَ ﴿٢٢١﴾

**તર્જુમો** : એ જ પ્રમાણે ખુલીને વર્ણન કરે છે અલ્લાહ તઆલા તમારા માટે પોતાના હુકમોને જેથી તમે વિચારણા તથા ચિંતન કરો[૨૭૯] દુનિયા તથા આખેરત (નાં કામો)માં. અને પૂછે છે તમને યતીમોના બારામાં[૨૮૦] ફર્માવો (તેમનાથી અલગ થલગ રહેવા કરતાં) તેમની ભલાઈ કરવી બેહતર છે, અને જો (કારોબારમાં) તમે તેમને સાથે મિલાવી લો તો તે તમારા ભાઈ છે. અને અલ્લાહ સારી રીતે જાણે છે બગાડનારને સમારનારથી[૨૮૧]. અને જો અલ્લાહ ચાહત તો તમને મુશ્કેલીમાં નાખી આપત. બેશક ! અલ્લાહ તઆલા મહાન શક્તિવાળો હિકમતવાળો છે. અને નિકાહ ન કરો[૨૮૨] મુશ્રિક સ્ત્રીઓની સાથે ત્યાં સુધી કે તેણીઓ ઈમાન લઈ આવે. અને બેશક ! મુસલમાન લોંડી બેહતર છે (આઝાદ) મુશ્રિક સ્ત્રીથી ભલે તે ઘણી પસંદ આવે તમને અને નિકાહ ન કરી આપ્યા કરો (તમારી સ્ત્રીઓને) મુશિરકોને, ત્યાં સુધી કે તેઓ ઈમાન લાવે, અને બેશક ! મુસલમાન ગુલામ બેહતર છે (આઝાદ) મુશ્રિક કરતાં, ભલે તે પસંદ આવે તમને. તે લોકો તો બોલાવે છે[૨૮૩] દોઝખની તરફ, અને અલ્લાહ તઆલા બોલાવે છે જન્નત તથા મગફેરતની તરફ પોતાની તૌફીકથી. અને સ્પષ્ટપણે વર્ણન કરે છે અલ્લાહ તઆલા પોતાના હુકમો લોકોના માટે જેથી તેઓ નસીહત ગ્રહણ કરે.

**તફસીર..............**

**૨૭૯** : એટલે કે દુનિયા તથા આખિરત બંનેને બેહતર બનાવવાના માટે વિચારણા તથા ચિંતન કરો. આ છે કામિલ મો'મિનની કાર્યશૈલી.

**૨૮૦** : અમુક લોકો તો યતીમોનો માલ પડાવી ખાવા માટે તેમની સાથે ભાગીદારી કરતા, પણ કેટલાક એવા પણ હતા જેઓ હમદર્દીની દષ્ટિએ પોતાના કારોબારમાં તેમને ભાગીદાર કરી લેતા. અને પ્રમાણિકપણે તેમના ભાગનો નફો તેમને આપી દેતા અને તેમની સરળતાને લક્ષમાં રાખીને તેમના ખાવા પીવાની વ્યવસ્થા પોતાની સાથે કરી લેતા. જ્યારે કુર્આને હકીમે યતીમોના માલોમાં અપ્રમાણિક્તા કરવાથી સખ્તીપૂર્વક રોક્યા, બલ્કે તેમના માલની નજીક સુધી જવાથી મના કરી આપી તો એનાથી એ લોકોને પણ ઘણી મોટી પરેશાની થઈ જે લોકોએ યતીમોની બેહતરી તથા ફાયદાના માટે તેમને પોતાની સાથે ભાગીદાર કર્યા હતા, એટલા માટે ફર્માવવામાં આવ્યું કે જો તમે યતીમોના રૂપિયા કારોબારમાં લગાડો જેથી એના થકી એમને નફો પહોંચે તો એ સારી વાત છે, મના તો એ બાબતથી કરવામાં આવ્યું કે તમે તેમનો માલ હજમ કરી જાવ.

**૨૮૧** : તે દરેકની નિય્યત અને ઈરાદાથી વાકેફ છે, એનાથી કોઈ ચીજ છુપી નથી.

**૨૮૨** : ઈસ્લામના પ્રારંભિક દૌરમાં મુસલમાન કાફિરોથી સગાઈ કર્યા કરતા હતા, દીકરી આપતા લેતા હતા, પરંતુ હવે તેમને એ વાતથી રોકી દેવામાં આવ્યા અને તેમને જણાવી દેવામાં આવ્યું કે માનો કે કોઈ મુશ્રિક સ્ત્રી પોતાની માલ મિલ્કત, હુસ્નો જમાલ તથા પોતાની ખૂબીઓ તથા કાબેલિયતોમાં ચઢીયાતી છે પરંતુ તેણીની શિર્કની ખામીએ તેના તમામ હુસ્ન તથા કમાલને બેડોળ કરી રાખેલ છે અને મુસલમાન સ્ત્રી પર ઈમાનના નૂરનું જે વર્તુળ છે તેણે એની અન્ય સર્વ ખામીઓની ઉણપ કાઢી નાખી છે, અને આ જ તફાવત મુસલમાન તથા મુશ્રિક પુરૂષ બાબતે પણ છે. એનું એક કારણ એ પણ છે કે જ્યારે પતિ તથા પત્નીના અકીદા તદ્દન વિરોધી હશે કે એક અલ્લાહ વહદહુ લાશરીકનો બંદો અને બીજુ હજારો મૂર્તિઓને પૂજનાર હશે તો તેમનો કેમ કરીને નિભાવ થશે ! આપોઆપ આજે નહીં તો કાલે આ કશ્તી કોઈ ચટ્ટાન સાથે ટકરાશે અને ટુકડે ટુકડા થઈ જશે. તેમજ તે બે કૌમો જેઓ એકબીજા સાથે ઝઘડામાં પડેલી છે તેમની વ્યક્તિઓને એકબીજા પર વિશ્વાસ પણ કેમ કરીને થશે. અને તે શાદી જેમાં આપસમાં વિશ્વાસ ન હોય, જઝબાત તથા ઉમંગો એકબીજાથી તદ્દન વિરોધાભાસી હોય તે અધિક દૂર સુધી નથી જઈ શકતી, એટલા માટે તમે જઝબાતના પ્રવાહમાં ન વહી જાવ અને તમારા ભવિષ્યને બર્બાદ ન કરો. (અહલે કિતાબની સ્ત્રીઓ સાથે શાદી કરવા વિશેનો હુકમ તેના પ્રસંગે આવશે.)

**૨૮૩** : માજીના હુકમની હિકમત વર્ણન કરવામાં આવી રહી છે. એટલે કે જો મુશ્રિક સ્ત્રીથી શાદી કરી તો તેણી પોતાની સંપૂર્ણ કોશિશ કરશે કે તેણી તમને ઈસ્લામથી દૂર કરી આપે, અને સ્ત્રીના દાવપેચમાં તો મોટા મોટા સુરમાઓને ફસાતા જોયા છે. અને જો તમે તમારી પુત્રી કોઈ મુશ્રિકથી પરણાવશો તો શક્ય છે કે તેના પ્રભાવનો કોઈ સાયો તમારી પુત્રીના ઈમાનની શમ્અને ઓલવી નાખે. તો ખૂદ વિચારો કે આ કેટલું અસહ્ય નુકસાન છે.

**નોંધ** : હવે વિચારો કે મુશ્રિકોથીય બદ્તર તો ગુસ્તાખે રસૂલ વહાબીઓ છે તો તેમની સાથે શાદી વહેવાર કરવો એ કેટલો ભયાનક છે, અને ખરેખર એવું કરનારાઓને સુન્નિયતથી હટતા કે ડગમગતા આપણે જોઈ જ રહ્યા છીએ. તો એમનાથી પણ શાદી વહેવાર કરવાથી બચો જો તમને ઈમાન પ્યારું હોય અને જહન્નમથી બચવું હોય તો. *–તંત્રી*

## જુમ્આ સંબંધે જરૂરી મસ્અલો

**કાર્યાલય**

**''ઈમામ મિમ્બર પર ચઢે ત્યાંથી નમાઝ ખત્મ થતા સુધી (સિવાય નમાઝની તકબીર તસ્બીહ વગેરે) સર્વ મુક્તદી ચુપ રહે ! ''**

શું ફર્માવે છે ઉલમાએ દીન આ મસ્અલામાં કે ખુત્બાના સમયે અઝાને ષાની પછી (કે ખુત્બા વચ્ચે) હાથોને ઉઠાવી દુઆ માંગવી કે નહીં ? જો દુઆ માંગવાનો હુકમ છે તો કેવળ મુક્તદીઓ માટે છે કે ઈમામ પણ માંગી શકે છે ?

**જવાબ** : મુક્તદીઓએ ન માંગવી જોઈએ. હિદાયહ્માં એક હદીષ છે કે ''ઈમામ ખુત્બા માટે નીકળ્યો તો ન નમાઝ છે ન કલામ.'' એક અન્ય હદીષમાં છે કે, (તર્જુમો) : જેણે જુમ્આના દિવસે ગુસલ કર્યુ અને સારાં કપડાં જે તેની પાસે છે તે પહેર્યા અને ખુશ્બુ જો હોય તો લગાડી, પછી જુમ્આની નમાઝ માટે આવ્યો અને લોકોની ગરદનો ન ઓળંગી. પછી જે મુકદ્દર હોય નમાઝ પઢી. અને **ઈમામ જ્યારે (ખુત્બા) માટે નીકળ્યો તો ચુપ રહ્યો, ત્યાં સુધી કે નમાઝથી પરવારી જાય.** તો એના માટે આ જુમ્આ અને આગલા જુમ્આની વચ્ચેના ગુનાહોનો કફ્ફારો છે. (રિવાયત કરી અબૂ દાઊદે અબૂ સઈદ رضی اللہ عنہ તથા અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી)

જ્યારે ઈમામના (ખુત્બા માટે) નીકળ્યા બાદ લોકોને મૌન ધારણ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે તો એ સમય દરમ્યાન દુઆ (દુરૂદ) વગેરેમાં મશ્ગૂલ ન થવું જોઈએ. (આ હુકમ મુક્તદીઓ માટે છે, ખતીબ દુઆ માંગે દુરૂદ પઢે.) વલ્લાહુ તઆલા અઅ્લમ. *–(ફતાવા અમજદિયા, ૧/૨૯૫)*

**નોંધ** : આ પરથી જણાયું કે ઈમામના મિમ્બર પર પહોંચ્યાથી નમાઝની સલામ ફેરવાતા સુધી સિવાય ઈમામ કોઈ મુક્તદી કે મોઅઝ્ઝિને (તક્બીર સિવાય) જીભથી કાંઈ પઢવું કે એલાન કરવું મના છે. હવે આપણી મસ્જિદોમાં આ સમય દરમ્યાન આની વિરુદ્ધ થતું હોય તો શરીઅતનો મસ્અલો હદીષે પાકના હુકમાનુસાર જે છે તે મહોબ્બતથી સમજાવી વિવાદમાં પડયા વિના, સખ્તી કર્યા વિના શરીઅત મુજબ કરવા કોશિશ કરવી જોઈએ. *–તંત્રી*

## મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

દર્સે હદીષે પાક

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ

**હદીષ ૬૬ :** અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારામાંથી જ્યારે કોઈ મરી જાય છે તો સવાર સાંજ તેના સમક્ષ તેનું ઠેકાણુ રજૂ કરવામાં આવે છે[૧]. જો જન્નતી છે તો જન્નતનું ઠેકાણુ અને જો દોઝખીઓમાંથી છે તો દોઝખનું ઠેકાણુ[૨]. પછી તેને કહેવામાં આવે છે કે આ તારું ઠેકાણુ છે, ત્યાં સુધી કે ક્યામતના દિવસે અલ્લાહ તને એ તરફ મોકલશે[૩]. *(મુસ્લિમ, બુખારી)*

હઝરત આઈશા رضی اللہ عنہાથી રિવાયત છે કે એક યહૂદી સ્ત્રી તેમની ખિદમતમાં હાજર થઈ[૪] અને તેણીએ અઝાબે કબ્રના વિશે ઉલ્લેખ કર્યો[૫]. અને આપને કહ્યું કે અલ્લાહ તમને કબરના અઝાબથી બચાવે. ત્યારે હઝરત આઈશા رضی اللہ عنہાએ નબી ﷺને કબ્રના અઝાબ વિશે પૂછયું[૬]. આપે ફર્માવ્યું, હા ! કબ્રનો અઝાબ હક્ક છે[૭]. હઝરત આઈશા ફર્માવે છે કે ત્યારબાદ મેં કદી ન જોયું કે નબી ﷺએ કોઈ નમાઝ પઢી હોય અને કબ્રના અઝાબથી રબની પનાહ ન માંગી હોય[૮]. *(મુસ્લિમ, બુખારી)*

### સ.....મ.....જૂ.....તી.....

**૧.** અહીં સવાર સાંજથી મુરાદ હમેશાં છે. એટલે કે મૈયત કબરેથી દરેક સમયે પોતાના જન્નતી અથવા દોઝખી ઠેકાણાને જોતો રહે છે જેથી હદીષમાં ટકરાવ નથી. એનું સમર્થન આ આયતથી થાય છે : اَلنَّارُ یُعْرَضُوْنَ عَلَیْهَا غُدُوًّا وَّعَشِیًّا *(અઝ : મિર્કાત)*

**૨.** જોતો રહે છે અને કબ્રમાં જન્નતની ખુશબુઓ, ત્યાંની ઠંડી હવાઓ બલ્કે ત્યાંનાં ફળો પણ આવતાં રહે છે. એ જ પ્રમાણે કાફિરની કબ્રમાં દોઝખની લૂ, ત્યાંની બદબૂ અને સાપ, વિંછી કબ્રમાં પહોંચતા રહે છે. યાદ રાખશો કે કબ્રમાં જન્નતનો આરામ અથવા દોઝખની તકલીફ પહોંચી જાય છે પણ શરીરનું સવાબના માટે જન્નતમાં પહોંચવું એ કયામત પછી થશે. હા ! શહીદોની રૂહો મરતાં જ જન્નતમાં પહોંચી જાય છે, શરીરનો પ્રવેશ તેમનો પણ કયામત પછી છે.

**૩.** યાદ રાખશો કે મો'મિનની રૂહ કબ્રમાં અથવા કોઈ અન્ય સ્થળે કૈદ નથી થતી, બલ્કે અમુક રૂહ તો સર્વ આલમમાં ચક્કર મારે છે, જેવું કે મિર્કાત વગેરેમાં છે, પણ હેડ ક્વાર્ટર કબ્ર જ હોય છે, અને સંબંધ ત્યાંથી દરેક સમયે રહે છે. જેમ કે કબ્રોની ઝિયારત કરવામાં આવે છે અને ત્યાં મૈયતને ઈસાલે સવાબ અને રજૂઆત તથા અરજો ગુઝારિશો કરવામાં આવે છે. هٰذَا مَقْعَدُكَ થી એ જ મુરાદ છે.

**૪.** મળવા અથવા કોઈ અન્ય કામના માટે આવી, ન કે મહોબ્બત વગેરેના લીધે આવી. મુસલમાન સ્ત્રીનો બદ્કાર સ્ત્રીઓથી પર્દો જરૂરી છે, ન કે કાફિરા સ્ત્રીઓથી. જેથી ફકીહોનો કૌલ આ હદીષથી વિરુધ્ધ નથી.

**૫.** કેમ કે તૌરાત શરીફમાં પઢયું હતું અથવા પોતાના પાદરીઓ થકી સાંભળ્યું હતું. જાણવા મળ્યું કે યહૂદી તથા નસારા (ઈસાઈ) પણ કબ્રના અઝાબને માનવાવાળા છે. જે મુસલમાન ઈસ્લામનો દાવો કરીને એનો ઈન્કાર કરે તે એમનાથી પણ બદ્તર છે. સર્વ આસ્માની કિતાબોમાં એનું વર્ણન હતું. મોઅતઝલા, રાફઝી અને વર્તમાનકાળના અમુક આઝાદ ખયાલ દિમાગો એનો ઈન્કાર કરનારા છે.

**૬.** કેમ કે અત્યાર સુધી આપને એની ખબર ન હતી અને યહૂદીની વાત પર વિશ્વાસ ન કર્યો. એનાથી જાણવા મળ્યું કે કાફિરોની દર્શાવેલી વાત પર વિશ્વાસ ન મૂકવો જોઈએ જ્યાં સુધી તેનું સમર્થન ઈસ્લામના ઉલમાથી ન કરી લેવામાં આવે.

**૭.** કે સર્વ આસ્માની ધર્મો એને માનવાવાળા છે. યાદ રાખશો કે કાફિરોનો કબ્રનો અઝાબ કોઈ સંજોગોમાં દૂર નથી થઈ શકતો. પણ ગુનેહગાર મો'મિનનો એ અઝાબ લીલોતરીની તસ્બીહ, બુઝુર્ગોની દુઆ, ઈસાલે સવાબ વગેરેથી ખત્મ અથવા ઓછો થઈ જાય છે, જેવું કે હદીષોથી સાબિત છે કે નબી ﷺએ કબ્ર પર ખજૂરની લીલી ડાળીઓ ખોસી. હવે કબ્રો પર ફૂલ રાખવા, ઘાસ ઉગાડવાનો પણ આ જ હેતુ છે.

**૮.** દરેક નમાઝ બાદ મોટા અવાજથી. એનાથી પહેલાં ધીમેથી દુઆ માંગતા હતા. આ દુઆ ઉમ્મતની તા'લીમના માટે છે જેથી લોકો શીખી લે, નહીં તો અંબિયાએ કિરામથી ન કબ્રનો સવાલ થશે ન અઝાબ, તેમની બરકતથી લોકોનો અઝાબ દૂર થશે.

# شفا شریف

# શિફા શરીફ

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી** رحمۃ اللہ علیہ

**ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)***

## ★ શાને મુસ્તફવી ﷺ ★

બીજી હદીષમાં હઝરત હુઝૈફહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને ખુશખબરી આપી કે તમારી ઉમ્મતના જે શખ્સો સૌ પ્રથમ જન્નતમાં પ્રવેશ કરશે તેમની સંખ્યા સિત્તેર હજાર હશે, તેમનામાંથી દરેક હજારના સાથે વધારાના સિત્તેર હજાર હશે. તેમનામાંથી કોઈનો પણ હિસાબ લેવામાં નહીં આવે. અને મારા પર એ કરમ પણ ફર્માવ્યું કે મારી ઉમ્મત દુકાળની સ્થિતિમાં મરણ પામશે નહીં અને ક્યારેય પણ પરાજિત થશે નહીં. મને સહાયતા, ઈજ્જત અને દબદબો બખ્શિશ કરવામાં આવ્યો છે જે એક મહિનાના રસ્તાના અંતર સુધી અસરકારક છે. મારા માટે અને મારી ઉમ્મતના માટે ગનીમતનો માલ હલાલ ફર્માવવામાં આવ્યો છે. અને અમારા પહેલાંના લોકો પર જે સખ્તાઈ કરવામાં આવી છે તે અમારાથી ઉઠાવી લેવામાં આવી છે અને અમારા ઉપર દીન (ધર્મ)માં તંગી રાખવામાં આવી નથી.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે સરવરે કોનોમકાં ﷺ એ ફર્માવ્યું, દરેક નબીને એટલા જ મો'જિઝા આપવામાં આવ્યા, જેને જોઈને લોકો ઈમાન લાવે, પરંતુ મને જે મો'જિઝો આપવામાં આવ્યો છે તે વહી (કુર્આને કરીમ) છે જેથી મને આશા છે કે ક઼િયામતના રોજ મારી પૈરવી કરનાર તમામ અંબિયાથી વધુ હશે.

સંશોધન કરનાર હઝરાતના નજીક આ હદીષનો ઉદ્દેશ એ છે કે જ્યાં સુધી દુનિયા બાકી છે ત્યાં સુધી આપનો આ મો'જિઝો પણ રહેશે. અન્ય અંબિયાએ કિરામના મો'જિઝા સમય પૂરતા જ હતા, તે પછી તેની કોઈ નિશાની પણ નજરે પડતી નથી. કેવળ તે સમયના લોકોએ તેને જોયા, પરંતુ કુર્આને કરીમ એક એવો મો'જિઝો છે જે ક઼િયામત સુધી મૌજૂદ રહેશે, દરેક તેને જોઈ શકે છે. આ અન્ય અંબિયાએ કિરામના મો'જિઝાના જેમ કેવળ એક ખબર બનીને રહી જશે નહીં. ક઼ાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આ મસ્અલામાં ચર્ચા તો વિસ્તૃત છે જેનો ખુલાસો અમે રજૂ કરી દીધો. કુર્આનની પ્રતિષ્ઠા પર વિસ્તૃત ચર્ચા મો'જિઝાતના પ્રકરણમાં કરવામાં આવશે.

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે દરેક નબીને સાત બુઝુર્ગો તેમની ઉમ્મતમાંથી આપવામાં આવ્યા અને તમારા નબીને ચૌદ આપવામાં આવ્યા જેમાંથી અબૂબક્ર, ઉમર ઈબ્ને મસ્ઊદ અને અમ્મારા رضوان اللہ تعالیٰ علیہم اجمعین પણ છે. હઝરત અરબાઝ બિન સારિયાહ رضی اللہ عنہ નું બયાન છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હું અલ્લાહનો બંદો અને તમામથી અંતિમ નબી છું. હું તે વખતે પણ નબી હતો જ્યારે હઝરત આદમ علیہ السلام ની માટી ગુંદવામાં આવતી હતી. હું હઝરત ઈબ્રાહીમ علیہ السلام ની દુઆ અને હઝરત ઈસા علیہ السلام ની બશારત છું. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, મને આસમાની પ્રજા પર અને અંબિયાએ કિરામના સમૂહ પર ફઝીલત (પ્રતિષ્ઠા) આપવામાં આવી છે. પૂછવામાં આવ્યું, આસમાનવાળા પર ફઝીલત કેવી રીતે જાણવા મળી ? ત્યારે ફર્માવ્યું કે આસમાનવાળાથી બારી તઆલાએ ફર્માવ્યું હતું : **(અર્થ)** : ''અને તેમનામાં જે કોઈ કહે છે કે, હું અલ્લાહ સિવાય મઅબૂદ છું તો તેને જહન્નમની સજા કરીશું અને જુલ્મીઓને એવી જ સજા કરીએ છીએ.'' *(સૂરએ અંબિયા)*

અને નબી કરીમ ﷺ ના વિશે ફર્માવ્યું :–

**(અર્થ)** : ''બેશક ! અમે તમારા માટે ઉઘાડો વિજય આપ્યો.'' *(સૂરએ ફત્હ, આ. ૧)*

સહાબાએ કિરામ અર્ઝ કરવા લાગ્યા કે યા રસૂલલ્લાહ ! ﷺ અન્ય અંબિયાએ કિરામ علیہم السلام પર આપને કઈ ફઝીલત (પ્રતિષ્ઠા) પ્રાપ્ત થયેલ છે ? આપે જવાબ આપતાં ફર્માવ્યું કે, અલ્લાહ عزوجل એ

તેમના વિશે ફર્માવ્યું છે : **(અર્થ)** : "અને અમે પ્રત્યેક રસૂલ તેમની કૌમની ભાષામાં જ મોકલ્યો કે તે એમને સ્પષ્ટ જણાવી દે." *(સૂરએ ઈબ્રાહી, આ. ૪)*

અને મારા સંબંધે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આ ફર્માવ્યું :–

**(અર્થ)** : "અને અય મહબૂબ ! અમે તમને એવી રિસાલત સાથે મોકલ્યા છે જે બધા જ માનવીઓને ઘેરી લેનારી છે. ખુશખબરી આપતા અને ડર સંભળાવતા." *(સૂરએ સબા, આ. ૨૮)*

હઝરત ખાલિદ બિન મઅદાન رضی اللہ عنہથી રિવાયત છે કે કેટલાક સહાબાએ કિરામ علیہ السلام બારગાહે રિસાલતમાં અર્ઝ કરવા લાગ્યા કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم અમને આપના સંબંધે કાંઈક બતાવો. અને આવી રીતની રિવાયતો હઝરત અબૂ ઝર, હઝરત શદાદ બિન ઔસ અને હઝરત અનસ બિન માલિક رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી પણ છે. રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે હું પોતાના બાપદાદા હઝરત ઈબ્રાહીમ علیہ السلامની દુઆ છું જેની દુઆનું વર્ણન બારી તઆલાએ આ રીતે ફર્માવ્યું :–

**(અર્થ)** : "અય અમારા રબ ! અને મોકલ એમનામાં એક રસૂલ એમનામાંથી જ કે એમના પર તારી આયતો તિલાવત કરે અને અમને તારી કિતાબ અને પાકુ ઈલ્મ શિખડાવે. અને એમને ખૂબ પાક કરે. બેશક ! તું જ છે ચઢીયાતો હિકમતવાળો છે." *(સૂરએ બકરહ, આ. ૧૨૯)*

અને હું હઝરત ઈસા علیہ السلامની બશારત (ખુશખબરી) અને પોતાનાં વાલિદા માજિદાનું સ્વપ્ન છું કેમ કે જ્યારે હું તેમના મુબારક પેટમાં જલ્વા અફરોઝ (ઉપસ્થિત) હતો ત્યારે તેમણે સ્વપ્ન જોયું કે તેમના મુબારક શરીરથી એક નૂર નીકળ્યું છે જેનાથી જમીન પરના શામ અને બસરાના મકાનો સુધી પ્રકાશિત થઈ ગયાં છે.

મેં કબીલા બની અસદ અને બની બકરમાં દૂધ પીધું તે સમયે જ્યારે એક દિવસે હું પોતાના દૂધભાઈના સાથે બકરીઓ ચરાવી રહ્યો હતો ત્યારે બે શખ્સ આવ્યા, જેમણે ખૂબ જ સફેદ કપડાં પહેરલાં હતાં અને બીજી રિવાયતમાં ત્રણ શખ્સનું વર્ણન છે. તેમના પાસે સોનાનો એક થાળ હતો જે બરફના જેવા ઠંડા પીણાથી ભરેલો હતો. તેમણે મારું મુબારક પેટ ચીરી નાખ્યું. બીજી રિવાયતમાં છે કે છાતીથી લઈને પેટના ઉદરપટલ (પેટના અંદરના પડદા) સુધી ચીરી નાખ્યું અને તેમાંથી એક લોહીનો કાળો લોચો કાઢી લીધો, પછી મારા દિલ અને પેટને આ બરફ જેવા પાણીથી ખૂબ ધોયું. પછી તેઓએ એક ચીજ પકડી જોયું તો તે એવી નૂરાની મોહર હતી જે નજરોને ચકિત કરી રહી હતી. તેઓએ તેના વડે મારા દિલ પર રહમતની મહોર લગાડી દીધી જેના કારણે તે ઈમાન અને હિકમતથી ભરપૂર થઈ ગયું. પછી દિલને તેની જગ્યા પર મૂકી દીધું. બીજા શખ્સે મારી છાતી પર હાથ ફેરવ્યો ત્યારે તે એવી રીતે મળી ગયો જેવો કે એનાથી પહેલાં હતો. (સુબ્હાનલ્લાહ !)

એક રિવાયતમાં એ પણ છે કે તે સમયે હઝરત જિબ્રઈલ علیہ السلامએ કહ્યું કે તેમનું હૃદય ખૂબ જ મજબૂત છે, તેમાં બે આંખો છે જે કાયનાતનાં દર્શન કરે છે, બે કાન છે જે દૂર અને નજીકથી બરાબર સાંભળે છે. પછી તેમાંથી એ કે પોતાના સાથીથી કહ્યું કે ઉમ્મતના દસ વ્યક્તિઓના સાથે તેમનું વજન કરો. વજન કર્યું તો ભારી નીકળ્યું. પછી કહ્યું કે એક હજારના સાથે વજન કરીએ, વજન કર્યું તો હું તેમનાથી ભારી નીકળ્યો. ત્યારે એક પોતાના સાથીથી કહેવા લાગ્યો કે હવે વજન કરવાનું છોડી દો, તેઓને તમામ ઉમ્મતના સાથે તોલવામાં આવશે ત્યારે પણ તેઓ જ ભારે નીકળશે !

બીજી હદીષમાં છે કે પછી તેમણે વારાફરતી પોતાની છાતી સાથે લગાવ્યો અને મારી આંખો વચ્ચે બોસો આપીને કહેવા લાગ્યા, અય હબીબ ! ગભરાશો નહીં ! આપને જાણીને ખૂબ જ ખુશી થશે કે જે પણ આપના સાથે કરવામાં આવ્યું છે તે સંપૂર્ણપણે શુભેચ્છા છે. આ હદીષના બાકીના ભાગમાં એ પણ છે કે આ ફરિશ્તાઓએ બારગાહે રિસાલત મઆબમાં એ પણ અર્ઝ કરી કે આપ અલ્લાહના નજીક (માશાઅલ્લાહ !) કેટલા પ્રતિષ્ઠાવાન છો કે અલ્લાહ તઆલા અને તેમના ફરિશ્તા પણ આપના સાથે છે. હઝરત અબૂઝર رضی اللہ عنہવાળી રિવાયતમાં એ પણ છે કે જ્યારે તે ફરિશ્તાઓ મારી પાસેથી ચાલ્યા ગયા ત્યારે આ સંપૂર્ણ ઘટના એવી રીતે મારી સમક્ષ હતી, જેવું કે તેમનાં તમામ કામનું નિરીક્ષણ કરી રહ્યો છું.

# રહમતે દારૈન ﷺના શયદાઈ

રજૂકર્તા ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ઝુહરી رضی اللہ عنہ

ઈસ્લામ લાવ્યા પછી હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ પણ અન્ય મુસીબતો વેઠતા મુસલમાનો જેમ મક્કાના કાફિરોના જુલ્મો સિતમના નિશાન બની ગયા. નબવી સન પાંચ પછી સરવરે આલમ ﷺએ મઝલૂમ સહાબીઓને હબ્શાની તરફ હિજરત કરવાની સૂચના આપી, તો હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ દસ પુરૂષો અને ચાર સ્ત્રીઓની સાથે હબ્શા ચાલ્યા ગયા. એ સમયે એમની બે પત્નીઓ અને બાળકો હાજર હતાં પરંતુ તેઓ એકલા ગયા અને બીવી બચ્ચાંઓને અલ્લાહના ભરોસા પર મક્કામાં જ છોડયાં. ત્રણ ચાર માસ પછી હબ્શાની હિજરત કરનારાઓએ ઉડતી ખબર સાંભળી કે મક્કાના કાફિરો અને રસૂલુલ્લાહ ﷺ વચ્ચે સમજૂતી થઈ ગઈ છે. આ ખબર સાંભળીને થોડાક મુહાજિરોએ હબ્શાથી મક્કા જવાનું નક્કી કર્યું. એમાં હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ પણ સામેલ હતા. મક્કાની નજીક પહોંચ્યા તો જાણ થઈ કે ખબર માત્ર અફવા હતી પરંતુ હવે એમણે પાછા જવાનું યોગ્ય ન જાણ્યું અને દરેક વ્યક્તિ કુરૈશના કોઈ ન કોઈ અસરવાળા સરદારની પનાહ મેળવીને મક્કામાં પ્રવેશી ગયા. અલ્લામા બલાઝુરી (رحمۃ اللہ علیہ)નું બયાન છે કે હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ અસ્વદ બિન યગૂષની પનાહ મેળવીને મક્કામાં દાખલ થયા.

હબ્શાથી પાછા આવીને પણ હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ અને બીજા મુસલમાનોને ચૈનથી બેસવાનું નસીબ ન થયું, કેમ કે કુરૈશના મુશ્રિકોના જુલ્મો, હક્કવાળા પર સખતથી સખત થતા ગયા. આ પરિસ્થિતિ જોતાં સરવરે આલમ ﷺએ એકવાર ફરી મુસલમાનોને હિદાયત ફર્માવી કે તેઓ હબ્શની સુકૂનવાળી જગ્યા તરફ હિજરત કરી જાય. જેથી નબવી સન ૬માં ૮૦થી વધારે પુરૂષો અને ૧૮–૧૯ સ્ત્રીઓએ એક કાફલાની સૂરતમાં હબ્શાનો રસ્તો પકડયો. હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ પણ આ કાફલામાં સામેલ હતા. આ સહાબીઓ કેટલાય વર્ષો સુધી હબ્શામાં દેશવટાની જિંદગી ગુજારતા રહ્યા. ઈતિહાસવેત્તાનું બયાન છે કે હબ્શાના મુહાજિરોની એક જમાઅત તો બાર વર્ષથી વધારે સમય સુધી હબ્શામાં રોકાઈ રહી અને ગઝવએ ખૈબરના મૌકા પર હઝરત જાફર બિન અબી તાલિબ رضی اللہ عنہની સાથે મદીના મુનવ્વરા પાછી આવી. જો કે વધારે પડતા સહાબીઓ હુઝૂર ﷺની મદીનાની હિજરત પહેલાં જુદા જુદા સમયોમાં મક્કામાં પાછા આવી ગયા. આ પાછા આવવાવાળાઓમાં હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہપણ હતા. નબવી સન ૧૩માં સરવરે આલમ ﷺએ પોતાના જાંનિષારોને મદીના મુનવ્વરાની તરફ હિજરતનો હુકમ આપ્યો તો હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہપણ હિજરત કરીને મદીના ચાલ્યા ગયા. આ રીતે એમને ત્રણવાર હિજરત કરવાનો મૌકો પ્રાપ્ત થયો. મદીના મુનવ્વરા પહોંચીને હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ હઝરત સઅદ બિન રબીઅ અન્સારી رضی اللہ عنہના મહેમાન થયા. થોડાક મહિના પછી સરવરે આલમ ﷺએ મુહાજિરો અને અન્સારની વચમાં ભાઈચારો કાયમ કર્યો તો હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہને હઝરત સઅદ બિન રબીઅ અન્સારી رضی اللہ عنہના ઈસ્લામી ભાઈ બનાવ્યા. આ ભાઈચારાના પછી હઝરત સઅદ બિન રબીઅ رضی اللہ عنہએ ત્યાગભાવનાનું એવું શાનદાર પ્રદર્શન કર્યું કે ઈતિહાસમાં એનો દાખલો નથી મળતો. સહીહ બુખારીમાં હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે :–

"અમારે ત્યાં અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ આવ્યા અને રસૂલુલ્લાહ ﷺ એમના અને સઅદ

બિન રબીઅ رضی اللہ عنہના વચમાં ભાઈચારો કાયમ કર્યો. તેઓ સઅદ رضی اللہ عنہ દૌલતમંદ માણસ હતા, એમણે અબ્દુર્રહમાન رضی اللہ عنہથી કહ્યું, બધા અન્સારો જાણે છે કે હું ઘણો જ દૌલતમંદ છું, હું મારો માલ (તમારા અને મારા દરમ્યાન) અડધો અડધો વહેંચી દઈશ અને મારી બે પત્નીઓ છે, આપ એમને જોઈ લો અને જે પસંદ આવે તેને હું તલાક આપી દઈશ. અને જ્યારે તે હલાલ થઈ જાય (ઈદ્દત પસાર કરી લે) આપ એનાથી નિકાહ કરી લો.

અબ્દુર્રહમાન رضی اللہ عنہએ કહ્યું, અલ્લાહ આપનાં બીબી બચ્ચાં અને માલ સામાનમાં બરકત આપે. (મને એ ચીજોની જરૂરત નથી) શું અહીંયા કોઈ બજાર છે જ્યાં વેપાર થતો હોય ? સઅદ رضی اللہ عنہએ કહ્યું, કીનકાઅનું બજાર છે. અબ્દુર્રહમાન رضی اللہ عنہ સવારે બજારે ગયા અને પનીર અને ઘી લાવ્યા. પાછા બીજી સવારે ગયા એ દિવસે જ્યારે પાછા ફર્યા તો થોડુંક ઘી અને પનીર વધારે બચાવી લીધું હતું.''

આ રિવાયતથી જેવી રીતે હઝરત સઅદ બિન રબીઅ رضی اللہ عنہના અનુપમ ત્યાગના દાખલાનો મંઝર જોવા મળે છે તેવી જ રીતે હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہની અડગતા અને નફ્સના ભરોસાની સાબિતી પણ જોવા મળે છે.

હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہને વેપાર ધંધો બાપથી વારસામાં મળ્યો હતો અને તેઓ એના તરીકાઓથી સારી રીતે વાકેફ હતા. એમણે મદીનામાં કારોબાર શરૂ કર્યો તો થોડા જ સમયમાં એમને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધા. ઈબ્ને સઅદ رضی اللہ عنہએ 'તબકાત'માં ખૂદ એમનો આ કૌલ નકલ કર્યો છે કે, ''જો હું પથ્થર પણ ઉઠાવતો તો એ વિચાર થતો કે એની નીચે ચાંદી કે સોનુ મળશે.''

સહીહ બુખારીની એક રિવાયતથી ખબર પડે છે કે વેપાર શરૂ કર્યા બાદ જ્યારે થોડાક પગભર થયા તો એમણે એક અન્સારી ખાતૂનથી શાદી કરી. હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે :–

''થોડાક દિવસ પછી અબ્દુર્રહમાન رضی اللہ عنہઆવ્યા તો એમનાં કપડાંઓમાં ઝર્દી એટલે જાફરાની રંગનો ધબ્બો હતો. રસૂલ صلی اللہ علیہ وسلمએ પૂછયું, નિકાહ કર્યા છે ? બોલ્યા, જી હાં ! ફર્માવ્યું, કોનાથી ? જવાબ આપ્યો, એક અન્સારી સ્ત્રીથી. ફર્માવ્યું, એને કેટલી મહેર આપી ? અર્ઝ કરી, ખજૂરના ઠળિયા બરાબર સોનું. ઈર્શાદ થયો, ''વલીમો કરો ભલે એક જ બકરી હોય.''

બુખારીમાં એ અન્સારી ખાતૂનનું નામ આપેલ નથી જો કે અમુક અન્ય ઈતિહાસકારોએ એમનું નામ સહલા બિન્તે આસિમ જણાવ્યું છે જે કબીલા બલ્લીથી હતાં. આ કબીલો કઝાઆની શાખ હતો અને કઝાઆના વિશે ઈબ્ને સઅદ رضی اللہ عنہએ લખ્યું છે, 'વલમ મિન અન્સાર'

હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہએ પોતાના વેપારને પ્રગતિ આપવા માટે કેટલીક પદ્ધતિઓ અપનાવી એમાં વેપારનો એ કરાર પણ નોંધપાત્ર છે જે એમના અને મક્કાના રઈસ ઉમૈયા બિન ખલફના દરમ્યાન થયો. સહીહ બુખારીમાં ખૂદ એમનાથી રિવાયત છે કે :–

''મેં ઉમૈયા બિન ખલફને એક લખાણ આપ્યું કે તેઓ મારી મક્કામાં રક્ષા કરે, અને હું એની મદીનામાં રક્ષા કરીશ. જ્યારે મેં અબ્દુર્રહમાનનો ઝિક્ર કર્યો તો ઉમૈય્યા કહેવા લાગ્યો, હું અબ્દુર્રહમાનને નથી જાણતો, તમે પોતાનું એ નામ લખો જે જાહિલિયતમાં હતું. જેથી મેં મારું નામ અબ્દે અમ્ર લખ્યું.''

એ રિવાયતથી જાણ થાય છે કે આ કરાર હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہના મદીનાના દૌર પછી લખવામાં આવ્યું હતું અને એ પણ કે વેપારની બાબતમાં હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ હિજરત પછી પણ મક્કા આવતા જતા રહેતા હતા. હદીષનો ખુલાસો આપનારે આ રિવાયતથી એ પરિણામ કાઢયું છે કે હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ લખતાં વાંચતાં જાણતા હતા.

કાર્યાલય

# નબી ﷺની સુન્નત અને આધુનિક વિજ્ઞાન

### ★ ઘંટી તથા ચરખાનો ઉપયોગ ★

એશ આરામની જિંદગી માણસને ક્યાંથી ક્યાં પહોંચાડી આપે છે. હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ખૂદ જ લોટ દળવાની હાથ ઘંટી ચલાવતાં હતાં, જાતે જ પાણી ભરીને લાવતાં હતાં, જાતે જ ઝાડુ મારતાં. એવી સ્ત્રીઓ અસંખ્ય બીમારીઓથી બચી જાય છે. એ ચીજોને છોડવાના કારણે આજે આપણે કેવા ભયાનક રોગોમાં સપડાયેલા છીએ એનો અંદોઝો કરો.

ડો. અડવર્ડ બ્રોન જણાવે છે, ઘંટી, ચરખો, કૂવાની ગરગરી, ઘરનું ઝાડુ અન્ય ઘરનાં કામો સ્ત્રીઓને છાતીના કેન્સરથી બચાવે છે. લોહી ઘટ્ટ નથી થતું, પેટ નથી ફૂલતુ, સ્ત્રી ચુસ્ત (Active) રહે છે, પરંતુ મશીની જિંદગીએ આપણી સ્ત્રીઓને એ નેઅમતોથી દૂર કરીને બીમારીઓના મોઢામાં રાખી દીધી છે. *(અરબિયન મેડિસીન્સ)*

### ★ કૂતરાથી સાવચેતી ★

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે, "ઘરમાં આવીને કોઈ જગાએ કૂતરુ બેસી જાય તો તેને કાઢીને ત્યાં પાણી છાંટી આપો." *(મુસ્લિમ)*

આધુનિક વિજ્ઞાનના સંશોધન મુજબ કૂતરામાં એવાં (**Rab Germs**) જંતુઓ હોય છે જે ખૂબ જ જલ્દી ફેલાય છે અને આસપાસના ક્ષેત્રને પોતાની લપેટમાં લઈ લે છે. કૂતરુ જ્યાં બેસશે ત્યાં એ જંતુઓ છોડતુ જશે. જો કૂતરું બીમાર છે તો તેનાં જીવજંતુઓ તે બેઠકવાળી જગાએ છોડી જાય છે અને જંતુઓ હવા દ્વારા ઘરવાળાંઓ સુધી પહોંચી શકે છે. એટલા માટે હિકમત એ છે કે કૂતરાને ઘરેથી કાઢીને તે જગાએ પાણી વહાવી દેવામાં આવે, આવું કરવાથી જંતુઓનો નાશ થઈ જશે અને ઘરવાળાંઓ બીમારીમાંથી બચી જશે. જો કે કૂતરામાં એવાં જંતુઓ પણ હોય છે જેનાથી શેઝોફેનિયા જેવી ખતરનાક બીમારીઓ પેદા થાય છે. *(મઅલૂમાતે તિબ્બે જદીદ)*

### ★ પેશાબનું પાત્ર ઘરમાં ન રાખો ★

રસૂલે પાક ﷺએ ફર્માવ્યું કે એવા વાસણને ઘરમાં ન રાખો જે વાસણમાં પેશાબ હોય, કેમ કે એવા ઘરમાં ફરિશ્તા પ્રવેશ કરતા નથી. *(તબ્રાની)*

આધુનિક વિજ્ઞાને એ વાતની સ્પષ્ટતા કરી આપી છે કે અમુક બીમારીઓ કેવળ પેશાબ (મૂત્ર) થકી જ ફેલાય છે એટલે સુધી કે પેશાબને ઉઘાડો રાખી દેવામાં આવે તો અથવા તંદુરસ્ત માણસ નજીક રાખવામાં આવે તો તે બીમારીમાં સપડાય શકે છે જે બીમારીનાં જંતુઓ પેશાબમાં મૌજૂદ હોય છે. એટલા માટે હુઝૂરે પાક ﷺની આ સાવચેતી ખૂબ જ મહત્વ ધરાવે છે.

### ★ જ્યારે કોઈને મળવા જાવ તો..... ★

હુઝૂરે પાક ﷺએ ફર્માવ્યું કે, "જ્યારે કોઈને મળવા જાવ તો તમારાં કપડાં અને જોડા ચપ્પલ વગેરે વ્યવસ્થિત કરી લો." *(અહમદ, અબૂ દાઉદ, બલુગલ ઈમાની)*

ઈસ્લામમમાં ઈન્સાનિયતની ઈજ્જત તથા સન્માનનો ખાસ ખયાલ રાખવામાં આવ્યો છે. રસૂલે પાક ﷺની હદીષોમાં મેલાં કપડાં પહેરેલા મુલાકાતીઓને કપડાં ધોવાની ચેતવણી મળે છે. કેમ કે જો કપડાં સાફ સુથરાં તથા ઠીક ઠાક હાલતમાં (બેઢંગાં, એક પાયચો નીચો એક ઊંચો, એક બાંય વાળેલી બીજી ખુલ્લી, બટનો ખુલ્લા, જોડા ફાટેલા કે ગંદા.... વગેરે લઘરવઘર હોય) ન હશે તો માણસની સામાજિક પ્રતિષ્ઠા તથા ઈજ્જત અને પ્રભાવમાં કમી આવશે. લોકો તેનાથી ધૃણા કરશે અને નફરત તથા ધૃણા અસંખ્ય માનસિક બીમારીઓને જન્મ આપે છે અને આ માનસિક બીમારીનો છેડો માણસને ક્યારેક ગુનાહિત જીવન તરફ લઈ જાય છે જેનાં અસંખ્ય સામાજિક દૃષ્ટાંતો મૌજૂદ છે. અથવા એવો માણસ ડીપ્રેશન, ફ્રસ્ટેશન (નિરાશા) જેવી વિચિત્ર બીમારીઓમાં સપડાઈ શકે છે.

# ફતવા વિભાગ

## અડધી બાંયવાળા શર્ટથી નમાઝ થઈ જશે

**સવાલ** : જેની પાસે સર્વ કપડાં મૌજૂદ હોય અથવા ન હોવાની સ્થિતિમાં અડધી બાંયની બંડી કે શર્ટ પહેરીને નમાઝ પઢવી કેવી જ્યારે કે કોણી ઉઘાડી હોય ?

**જવાબ** : જેની પાસે કપડાં મૌજૂદ હોય અને કેવળ અડધી બાંયવાળુ શર્ટ પહેરીને નમાઝ પઢે છે તો "મકરૂહે તન્ઝીહી" છે અને કપડાં મૌજૂદ ન હોય તો કરાહત (મકરૂહ) પણ નથી, માફ છે. પણ જો સીરવાની (ફૂલ બાંયના શર્ટ–અલ્ફી)ની બાંય ચઢાવીને (વાળીને) નમાઝ પઢે છે તો નમાઝ 'મકરૂહે તહરીમી' છે. દુર્રે મુખ્તારમાં એ જ પ્રમાણે છે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ફતાવા અમજદિયા, ૧/૧૯૩)* જેથી નમાઝમાં પાયજામો કે અલ્ફી વગેરેને વાળવું નહીં, નહીં તો નમાઝ દોહરાવવી પડશે.

## નમાઝમાં જમણા પગનો અંગૂઠો હટે તો કાંઈ વાંધો નથી !

**સવાલ** : નમાઝમાં જમણા પગનો અંગૂઠો પોતાની જગાએથી હટી જાય તો નમાઝ થશે કે નહીં ?

**જવાબ** : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ આલમગીરીના હવાલાથી લખે છે કે મુસલ્લી (નમાઝ પઢનાર) જો ઈમામ છે અને સજદાની જગાએથી આગળ વધ્યો તો એટલો આગળ વધ્યો જેટલું તેના તથા નજીકની સફ વચ્ચે અંતર હતું તો નમાઝ ફાસિદ ન થઈ. અને જો નમાઝ પઢનાર મુન્ફરિદ (એકલો પઢે) છે અને સજદાની જગાએથી આગળ ન વધ્યો, ભલે પોતાની જગાએથી હટી ગયો તો પણ નમાઝ બાતિલ થશે નહીં. *(બહારે શરીઅત, ભાગ–૩, પેજ–૧૫૪)* અને એવું જ અલ્લામા આબિદીન શામી رحمۃ اللہ علیہએ રદ્દુલ મુહતાર, ૧/૪૨૧માં લખ્યું છે.

ફિક્હની કિતાબોના આ લખાણોથી સ્પષ્ટ થયું કે જો મુસલ્લી (નમાઝી) પોતાની જગાએથી નમાઝની હાલતમાં સજદાની જગા સુધી ચાલ્યો ગયો તો પણ નમાઝ ન તૂટી. જેથી સાબિત થયું કે જો નમાઝમાં જમણા પગનો અંગૂઠો તેની જગાએથી હટી જાય તો એનાથી નમાઝમાં કાંઈ ખરાબી નથી થતી. વહુવ તઆલા અઅ્લમ. *(હવાલો : ફતાવા મકર્ઝે તર્બિયતે ઈફ્તા–૧, ઓઝાગંજ)*

## વિત્રમાં પાંચ રકાત પઢાવી તો ?

**સવાલ** : ઈમામે વિત્રમાં પાંચ રકાત પઢાવી તો નમાઝ થશે ?

**જવાબ** : વિત્રમાં બીજી તથા ત્રીજી રકાતમાં કાયદો કર્યો અને ચોથી માટે ઉભા થઈ ગયા તો તેના રુકૂઅ પહેલાં યાદ આવે તો ક઼ાયદામાં બેસી જાય અને સહ્વ સિજદો કરી લે પણ ચોથી રકાતના રુકૂઅ સિજદા કરી લે તો પાંચમી માટે ઉભા થઈ જાય અને પાંચમી રકાત પઢી ક઼ાયદામાં સિજદાએ સહ્વ કરી લે તો નમાઝ થઈ જશે. પાછલી બે રકાત નફ્લ ગણાશે. જો સિજદાએ સહ્વ ન કર્યો તો વાજિબ અદા થઈ ગયો પણ નમાઝ દોહરાવવી વાજિબ થશે. અને જો ત્રીજી રકાતમાં ક઼ાયદો પણ ન કર્યો હતો તો નમાઝ થશે જ નહીં. ફરી પઢવી પડશે. *(બહવાલા બહારે શરીઅત)*

## દાઢી મૂંડાવનાર કે મુઠ્ઠીથી ઓછી કરનાર અઝાન કહી શકે ?

**સવાલ** : દાઢી મૂંડાવનાર અથવા નાબાલિગ મોટા અવાજે સહી તરીકાથી અઝાન તથા તકબીર અદા કરે છે, તો આપી શકે કે નહીં ?

**જવાબ** : નાબાલિગ જો સમજદાર છે તો વિના કારાહત તે અઝાન આપી શકે છે, પણ બાલિગ આપે તો બેહતર છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, ફતાવા આલમગીરીમાં નિહાયાથી)*

દાઢી મૂંડાવનાર "ફાસિક઼" છે. (એ જ પ્રમાણે મુઠ્ઠીથી ઓછી કરનાર પણ "ફાસિક઼" છે. ફત્હુલ કદીરમાં છે. એક મુઠ્ઠીથી ઓછી દાઢી કરવી જેવું કે અમુક પશ્ચિમી ઢબના તથા હિજડા ટાઈપના પુરૂષો કરે છે, એને કોઈએ જાઈઝ નથી કર્યું.) અને ફાસિક઼ની અઝાન મકરૂહ છે. *(તન્વીરુલ અબ્સાર, આલમગીરી)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

ખન્ષા (હિજડો) તથા ફાસિક઼ ભલે આલિમ કેમ ન હોય તથા નશાવાળા તથા પાગલ તથા નાસમજ બાળ કો અને જુનુબવાળો (ગુસલની હાજતવાળો)ની અઝાન મકરૂહ છે. આ સૌની આપેલી અઝાન ફરી દોહરાવવામાં આવે. *(હવાલો : ફતાવા અમજદિયા, ૧/૫૨)*

## બાપે વહુ સાથે ઝિના કર્યો તો ?

**સવાલ** : બાપે વહુ સાથે ઝિના કર્યો અને પુત્રને જાણ થતાં તેણે તલાક આપી તો બાપે તેની સાથે નિકાહ કરી લીધો. શું એ બાપ તે વહુ સાથે નિકાહ કરી શકે ?

**જવાબ** : વહુ સાથે નિકાહ કરવો હરામ છે. રબ તઆલાનું ફર્માન છે :–

**(તર્જુમો)** : "હરામ થઈ તમારા પર તમારી માઓ અને પુત્રીઓ અને બહેનો અને ફોઈઓ અને માસીઓ અને ભત્રીજીઓ અને ભાણકીઓ અને તમારી માઓ જેમણે દૂધ પીવડાવ્યું અને દૂધ બહેનો અને પત્નીઓની માંઓ અને તેમની પુત્રીઓ જે તમારી ગોદમાં છે તે પત્નીઓથી જેમનાથી તમે સોહબત કરી ચૂક્યા હોય, પછી જો તમે તેમનાથી સોહબત ન કરી હોય તો તેમની પુત્રીઓમાં વાંધો નથી. અને તમારા નસલી પુત્રોની પત્નીઓ અને બે બહેનો એક સાથે." *(પારા–૪, સૂ. નિસાઅ, આયત–૨૩)*

જેથી એ બાપ પોતાની વહુ સાથે નિકાહ કરવાના કારણે સખત ગુનેહગાર અને જહન્નમની આગનો હક્કદાર તથા કહ્હારના અઝાબને પાત્ર છે. તેના પર વાજિબ છે કે પોતાની વહુને તાત્કાલિક પોતાનાથી અલગ કરી આપે. જો ઈસ્લામી હુકૂમત હોત તો તેને સખત સજા આપવામાં આવતી. વર્તમાન સંજોગોમાં તેની પાસે તૌબા તથા ઈસ્તિગફાર કરાવવામાં આવે, તેની પાસે પાબંદી સાથે નમાઝનો વાયદો લેવામાં આવે, કુર્આન ખ્વાની, મીલાદ શરીફ વગેરે નેક કામો, ગરીબોને ભોજનની સૂચના આપવામાં આવે કે નેકીઓ તૌબા કબૂલ થવામાં મદદરૂપ થાય છે.

રબ તઆલાનો ઈર્શાદ છે : **(તર્જુમો)** : "અને જે તૌબા કરે અને સારું કામ કરે તો તે અલ્લાહ તરફ પાછો ફર્યો જે રીતે ફરવું જોઈતુ હતું." *(સૂ. ફુર્કાન, આ. ૭૧, પારા–૧૯)* અને જો તે વહુને પોતાનાથી અલગ ન કરે તો સર્વ મુસલમાનો તેનો સખ્તીપૂર્વક બોયકોટ કરે, તેને ત્યાં ખાવા, પીવા, શાદી, વિવાહ અને તેની સાથે સલામ કલામ સૌ બંધ કરે.

ખુદા તઆલાનું ફર્માન છે : **(તર્જુમો)** : "અને જે કહે તને શૈતાન ભૂલાવી દે તો યાદ આવતાં જાલિમોની પાસે ન બેસ." *(સૂ. અન્આમ, આ. ૬૮, પારા–૭)*

અને નિકાહ પઢાવનાર જેણે દીનને ખેલ બનાવ્યો અને રૂપિયાની લાલચમાં આવીને નિકાહ પઢાવ્યા અને હરામકારીનો દરવાજો ખોલ્યો તે પણ સખત ગુનેહગાર, જહન્નમના અઝાબનો હક્કદાર છે. તે પણ જાહેરમાં તૌબા તથા ઈસ્તિગફાર કરે અને એ નિકાહ બાતિલ હોવાનું એલાન કરે અને નિકાહ પઢાવવાના પૈસા પરત કરે. જો તે એવું ન કરે તો સર્વ મુસલમાન તેનો બોયકોટ કરે. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(હવાલો : ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા–૨, ઓઝાગંજ)*

## વાળોમાં કાળી મેંદી લગાડવી કેવી ?

**સવાલ** : વાળોમાં પુરૂષ તથા સ્ત્રીએ કાળી મેંદી લગાડવી કેવી ?

**જવાબ** : જેહાદ સિવાય સામાન્ય સંજોગોમાં વાળોને કાળા કરવા હરામ તથા ગુનોહ છે, ચાહે તે કાળી મેંદીથી કાળા કરવામાં આવે કે કોઈ કેમિકલ વગેરેથી. હદીષ શરીફમાં છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "આખર જમાનામાં કેટલાક લોકો હશે કે કાળો ખિઝાબ કરશે જેમ કે જંગલી કબૂતરોનાં પોટાં, તેઓ જન્નતની ખુશ્બુ સુંઘશે નહીં." *(અબૂ દાઊદ શરીફ, ૨/૫૭૮)*

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તેને (વાળોને) કોઈ ચીજ વડે બદલી નાખો અને કાળા રંગથી બચો." *(મુસ્લિમ શરીફ, ૨/૧૯૯, કિતાબુલ ખિઝાબ)* હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જે કાળો ખિઝાબ કરશે કિયામતના દિવસે અલ્લાહ તઆલા તેના તરફ રહમતની નજર કરશે નહીં." *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૬૭૧)* હુઝૂર ﷺએ ફર્માવ્યું, પીળો ખિઝાબ ઈમાનવાળાઓનો છે અને લાલ ઈસ્લામવાળાઓનો અને કાળો કાફિરનો." *(કન્ઝુલ ઉમ્માલ, ૬/૬૮૬)* એના સંબંધે પુષ્કળ હદીષો છે, વિસ્તારપૂર્વક જાણવા આ'લા હઝરત ઈમામ અહમદ

રઝા رحمۃ اللہ علیہની કિતાબ ''હકુલ અયબિ ફી હુર્મતિ તસ્વીદુશ્શયબ''નો અભ્યાસ કરો.

રદ્દુલ મહુતાર, ૬/૪૨૨માં તથા ફતાવા હિંદિયા, ૫/૩૫૯માં એ જ હુકમ છે. ફતાવા રઝવિય્યહ્‌માં છે : ''સહીહ મઝહબમાં કાળો ખિઝાબ જેહાદની હાલત સિવાય મુત્લકન (કોઈ શરત વિના) હરામ છે જેના હરામ હોવા પર સહીહ તથા મોઅતબર હદીષો ગવાહ છે. *(પેજ–૩૦, ભાગ–૯, નિસ્ફ આખિર)*

એમાં છે : કાળો ખિઝાબ હરામ છે, સ્ત્રી અધિક એની મોહતાજ છે કે પુરૂષની નજરમાં શણગાર સજે, તો જયારે તેણીને આ બાબત રબની બનાવટમાં ફેરફારના સબબે હરામ તથા લા'નતનો સબબ બની તો પુરૂષ પર તો એથીયે વિશેષ હરામ તથા લા'નતનો સબબ બનશે. *(પેજ–૧૯, ભાગ–૯, નિસ્ફ આખિર)* વલ્લાહુ તઆલા અઅ્‌લમ. *(હવાલો : ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા–૧૧, ઓઝાગંજ)*

## વારસાની વહેંચણીનો મસ્અલો

**સવાલ :** એક શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો. તેની એક પત્ની તથા બે પુત્રો તથા ચાર પુત્રીઓ હયાત હતી. બાપના મૃત્યુ પછી એક પુત્રી મૃત્યુ પામી જેને એક જગાએ પરણાવી હતી ત્યાં એક પુત્રી પછી તલાક થઈ હતી તે પુત્રી ત્યાં હયાત છે. ફરી તેણીની શાદી જ્યાં થઈ હતી ત્યાં એક પુત્રી છે અને મરનારનો છેલ્લો પતિ હયાત છે. તો મરનાર બાપનો વારસો કઈ રીતે વહેંચાશે ? *(પ્રશ્નકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**જવાબ :** મરનારની મિલ્કતના કુલ ૮૩૨ હિસ્સા થશે જેમાંથી મરનારની પત્નીને ૧૧૮ હિસ્સા, બંને પુત્રોને ૧૮૨–૧૮૨ હિસ્સા અને ત્રણ હયાત બહેનોને દરેકને ૯૧–૯૧–૯૧ હિસ્સા મળશે. હવે જે બાપના મૃત્યુ બાદ મૃત્યુ પામી તે ચોથી પુત્રીની બંને ઘરની બંને છોકરીઓને દરેકને ૨૮–૨૮ હિસ્સા અને છેલ્લે જ્યાં મૃત્યુ પામી તે પતિને ૨૮ હિસ્સા મળશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર :** મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી (સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

**માર્ગદર્શન :** હઝરત મુફ્તી મુહમ્મદ નસીમ સાહબ (મુફ્તી : જામિઆ અશ્રફિયા, મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)

## જમાઅતમાં ક઼ાએદામાં જોડાનાર વિશે

**સવાલ :** જે શખ્સ અંતિમ ક઼ાએદામાં જમાઅતમાં જોડાયો અને અત્તહિય્યાત પૂરી થતાં પહેલાં ઈમામે સલામ ફેરવી દીધી તો અત્તહિય્યાત પૂરી કરીને ઉઠે કે તરત ઉઠી જાય ? અને અત્તહિય્યાત પૂરી કરવાની શું દલીલ છે ?

**જવાબ :** પૂરી અત્તહિય્યાત પઢીને ઉઠે કે દરેક ક઼ાએદો અત્તહિય્યાત જેટલો છે અને ક઼ાએદામાં પૂરી અત્તહિય્યાત વાજિબ છે, તો વાજિબ થયા બાદ કયા કારણે વાજિબ હટી જાય ? પ્રથમ ક઼ાએદામાં એટલે સુધી કે ઈમામનું અનુસરણ વાજિબ હતું પણ કેમ કે બીજા વાજિબથી વિરુધ્ધ થતુ હોવાથી તે સાકિત (વાજિબ મુક્તિ) થઈ ગઈ. જ્યારે કે પ્રથમ ક઼ાએદાનું વાજિબથી હોવું ખૂદ અલગ રીતનું છે છતાં પણ અત્તહિય્યાતપૂર્ણ કરવાનો હુકમ છે તો છેલ્લો ક઼ાએદો તો ફર્ઝ છે અને ફર્ઝમાં ઈમામના પ્રમાણે (મુતાબેઅત) કરવું વાજિબ છે, જેથી આ ક઼ાએદા જો કે એ પ્રકરણમાં ન હતો પણ ઈમામની મુતાબેઅત (અનુસરણ)માં વાજિબ થઈ ગયો. અને દરેક ક઼ાએદામાં અત્તહિય્યાત વાજિબ છે જેમ કે ફિક઼્હની કિતાબોથી જાહેર છે, જેથી અત્તહિય્યાત પૂર્ણ કર્યા વિના ઉઠવાથી વાજિબને ત્યજવું થશે. અને અંતિમ ક઼ાએદામાં તો તરત જ ઉઠવું સુન્નત પણ નથી, ભલે અત્તહિય્યાત પઢી ચૂક્યો હોય, બલ્કે મુસ્તહબ એ છે કે મોડુ કરીને ઉઠે, શક્ય છે કે ઈમામને સહવ (ભૂલ) થઈ ગઈ હોય અને સહવનો સિજદો કરે. અને જ્યારે આવું છે તો અત્તહિય્યાત પૂર્ણ કર્યા વિના કઈ રીતે ઉઠવું જાઈઝ થશે ? *(હવાલો : ષલબિયા અલ ઝીલી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

અંતિમ ક઼ાએદામાં છે. મુક઼તદી નિય્યત કરીને ઉભો થયો, જ્યારે બેસવા લાગ્યો તો ઈમામે સલામ ફેરવી દીધી. આ સંજોગોમાં મુક઼તદીના બેસતાં પેહલાં ઈમામ સલામ ફેરવી આપે તો જમાઅતમાં સામેલ થયેલો ગણાશે નહીં. *(ફતાવા અમજદિયા, ૧/૧૭૫–૭૬)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

**એટલે**

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## અઝાનનું બયાન

અઝાનનો સવાબ હદીષોમાં ઘણો જ આવેલો છે. એક હદીષમાં છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે જો લોકોને ખબર થઈ જાય કે અઝાન કહેવામાં કેટલો સવાબ છે તો પરસ્પર તલવારોથી ઝઘડતા. *(રવાહુ અહમદ)*

**મસ્અલો** : અઝાન ઈસ્લામિક નિશાનીઓમાં છે, અગર કોઈ શહેર, ગામ યા મહોલ્લામાં લોકો અઝાન કહેવાનું છોડી દે તો ઈસ્લામિક બાદશાહે તેમના પર દબાણ કરવું અને જો ન માને તો કતલ કરવા. *(ફતાવા કાઝીખાન)*

### ★ અઝાનની રીત અને એના શબ્દ ★

મસ્જિદની બહાર ઊંચી જગ્યા પર ઉભા રહી કિબ્લા બાજુ મોં કરી કાનના કાંણાઓમાં આંગળીઓ મૂકીને અથવા કાનો પર હાથ રાખીને **અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર** કહેવું. આ બંને મળી કે એક વાક્ય થયું. પછી થોભીને ફરીથી **અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર** કહેવું. આ બંને મળી એક વાક્ય થયું. પછી બે વાર **અશ્હદુ અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહ કહેવું.** પછી બે વાર **અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ** કહેવું. પછી જમણી તરફ મોઢું ફેરવીને **હૈય્ય અલસ્સલાહ** બે વખત કહેવું, પછી બે વાર ડાબી તરફ મોઢું ફેરવીને **હૈય્ય અલલ ફલાહ** બે વખત કહેવું. પછી પાછું કિબ્લા તરફ મોઢું કરીને **અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર** કહેવું, આ પણ એક જ વાક્ય થયું. પછી એકવાર **લા ઈલાહ ઈલ્લલ્લાહ** કહેવું એટલે અઝાન પૂરી થઈ. હવે પ્રથમ દુરૂદ પછી નીચેની દુઆ પઢો :–

**અલ્લાહુમ્મ રબ્બ હાઝિહિદ્ દઅવતિત્તામ્મતિ વસ્સલાતિલ્ ક઼ાઇમતિ, આતિ સૈયિદિના મુહમ્મદનિલ વસીલ–ત વલ ફદ્દીલત વદ્દરજતર્રફીઅહ્ વબ્અષ્હૂ મક઼ામમ્ મહ્મૂદનિલ્લઝી વઅત્તહ્ વર્ઝુકના શફાઅતહુ યવ્મલ્ ક઼િયામતિ ઇન્ન–ક લા તુખ્લિફુલ્ મીઆદ.**

**મસ્અલો** : ફજરની અઝાનમાં **હય્ય અલલ ફલાહ** પછી બે વખત **અસ્સલાતુ ખૈયરૂમ મિનન્નૌમ** કહેવું મુસ્તહબ છે. જો કોઈએ ન કહ્યું તો પણ અઝાન થઈ ગઈ.

**મસ્અલો** : પાંચે વખતની નમાઝ અને એમાં જુમ્આની નમાઝ પણ છે, જયારે મુસ્તહબ જમાઅતની સાથે એને જમાઅતથી મસ્જિદમાં એના સમયમાં પઢવામાં આવે તો તેના માટે અઝાન સુન્નતે મોઅક્કેદા છે એનો હુકમ વાજિબ જેટલો છે. જો અઝાન ન પઢવામાં આવી તો ત્યાંના બધા લોકો ગુનેહગાર થશે. *(દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર, હિંદયા, ખાનીયા)*

**મસ્અલો** : મસ્જિદમાં અઝાન અને તકબીર વિના જમાઅતથી નમાઝ પઢવી મકરૂહ છે. *(આલમગીરી)*

**મસ્અલો** : અગર કોઈ માણસ ઘરમાં નમાઝ પઢે અને અઝાન ન કહે તો કરાહત નથી. કેમ કે ત્યાંની મસ્જિદની અઝાન એને માટે બસ છે, પરંતુ કહી લેવી મુસ્તહબ છે.

**મસ્અલો** : નમાઝનો વખત થયા પછી અઝાન કહેવી જોઈએ, જો વખતથી પહેલાં કહી તો વખત થયા બાદ ફરીથી કહેવી. *(કાઝીખાન, શર્હેવક઼ાયા, આલમગીરી, હિદાયા, નહાયા)*

**મસ્અલો** : અઝાનનો વખત તે જ છે જે નમાઝનો વખત છે.

**મસ્અલો** : અઝાનનો મુસ્તહબ વખત તે જ છે, જે નમાઝનો મુસ્તહબ વખત છે.

**મસ્અલો** : જો શરૂઆતના વખતમાં અઝાન થઈ અને આખર વખતમાં નમાઝ થઈ તો પણ

સુન્નત અદા થઈ ગઈ. *(દુર્રે મુખ્તાર, રદ્દુલમુહતાર)*

મસ્અલો : ફર્ઝ નમાઝો સિવાય કોઈ પણ નમાઝ માટે અઝાન નથી હોતી. ન વિત્ર નમાઝમાં, ન જનાઝામાં, ન ઈદોની નમાઝોમાં, ન મન્નતની નમાઝમાં, કે ન સુન્નતોમાં, કે ન તરાવીહમાં, ન વરસાદ માટેની નમાઝમાં કે ન ચાશ્ત કે ગ્રહણોની નમાઝોમાં કે ન કોઈ નફ્લ નમાઝોમાં. *(આલમગીરી વિગેરે)*

મસ્અલો : ઔરતને અઝાન અને તકબીર કહેવી મકરૂહે તહરીમી છે અગર કહેશે તો ગુનેહગાર થશે, એમને કહેલી અઝાન ફરીથી કહેવી પડશે. ઔરતો પોતાની નમાઝો અદા પઢે કે કઝા તેને માટે અઝાન અને તકબીર પઢવી મકરૂહ છે. પછી ભલે જમાઅતથી પઢતી હોય બલ્કે એમણે જમાઅત કરવી જ મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર વિગેરે)*

મસ્અલો : સમજદાર બાળક, આંધળો અને વગર વુઝૂવાળાની અઝાન થઈ જશે. *(દુર્રે મુખ્તાર)* પરંતુ વુઝૂ વિનાના માણસે અઝાન કહેવી મકરૂહ છે. *(મરાકીઉલ ફલાહ)*

મસ્અલો : જુમ્આના દિવસે શહેરમાં ઝહોરની નમાઝ માટે અઝાન કહેવી નાજાઈઝ છે. પછી ઝોહર પઢનારા એવા મજબૂર હોય કે જેને લીધે એમના માટે જુમ્આ ફર્ઝ ન હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

મસ્અલો : અઝાન તે માણસ પઢે કે જે નમાઝના ટાઈમોને ઓળખી શક્તો હોય અને જો તે ઓળખી શક્તો ન હોય તો અઝાન દેનારને જે સવાબ મળે છે તેને લાયક ઠરશે નહીં. *(બઝાઝિયા, આલમગીરી, ગુન્યા, કાઝીખાન)*

મસ્અલો : અઝાન દેનાર ઈમામ પણ હોય તો બેહતર છે. *(આલમગીરી)*

મસ્અલો : અઝાનની વચમાં વાતચીત કરવી મનાઈ છે અને જો કંઈક વાત કરી લીધી તો ફરીથી અઝાન કહેવી. *(સગીરી)*

મસ્અલો : અઝાનમાં લહન હરામ છે એટલે કે ગાવાની રીતે રાગ કાઢીને અઝાન દેવી અથવા અલ્લાહના અલિફને મદ સાથે (ખેંચીને) આ....લ્લાહ કહેવું અથવા અકબરના **અલિફ**ને ખેંચીને આકબર કહેવું અથવા અકબરની બેને ખેંચીને અકબાર કરી દેવું. આ બધુંય હરામ છે. હા, સારી અને ઊંચી અવાજથી અઝાન કહેવી બેહતર છે. *(હિંદિયા, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

મસ્અલો : જો અઝાન ઘણા ધીમા અવાજે થઈ હોય તો ફરીથી પઢવી અને પહેલી જમાઅત, જમાઅતે ઉલા ગણાશે નહીં. *(કાઝીખાન)*

મસ્અલો : અઝાન ઊંચી જગ્યા પર કહેવામાં આવે અથવા મસ્જિદની બહાર કહે, મસ્જિદમાં અઝાન ન કહે. *(ખુલાસા, આલમગીરી, કાઝીખાન)*

## ★ અઝાનનો જવાબ ★

જ્યારે અઝાન સાંભળો તો જવાબ આપવાનો હુકમ છે. એટલે કે બાંગી જે શબ્દો બોલે તો તેના પછી સાંભળનાર પણ બોલે, પરંતુ **હય્ય અલસ્સલાત** અને **હય્ય અલલ ફલાહ**ના જવાબમાં **લાહવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ** પઢે અને બેહતર એ છે કે બંનેવ પઢે બલ્કે આટલું હજુ વધારવું **માશાઅલ્લાહુ કાન વમાલમ યશા લયકુન.** *(રદ્દુલ મુહતાર, આલમગીરી)*

મસ્અલો : **અસ્સલાતુ ખયરૂમ મિનન્નૌમ**ના જવાબમાં **સદક્ત વ બરર્ત વબિલ હક્કિ ન તક્ત** કહેવું. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

મસ્અલો : જુનુબ (નાહવાની હાજતવાળો) પણ અઝાનનો જવાબ આપે, હૈઝ અને નિફાસવાળી ઔરતે, ખુત્બો સાંભળનારે, જનાઝાની નમાઝ પઢનારે, સંભોગ કરનારે અઝાનનો જવાબ દેવાનો નથી.

મસ્અલો : જ્યારે અઝાન થતી હોય તે વખતે એટલા વખત સુધી સલામ કરવી કે સલામનો જવાબ નથી, વાતચીત તથા તમામ કામકાજ બંધ કરી દેવાં, ત્યાં સુધી કે કુર્આન મજીદ પઢતી વેળા અઝાનનો અવાજ સાંભળે તો તિલાવત બંધ કરી દેવી, અને અઝાનને ધ્યાનથી સાંભળવી અને જવાબ આપવો

અને તકબીરમાં પણ આવું જ કરવું. *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

જે માણસ અઝાન થતી વેળાએ વાતચીતમાં પરોવાયેલો રહેશે તો મઆઝલ્લાહ તેનું મૌત બુરી રીતે આવવાનો ડર છે. *(ફતાવા રઝવિય્યા રદીયલ્લાહુ અને સાહિબહા)*

**મસ્અલો** : રસ્તે જઈ રહ્યો હતો કે અઝાનનો અવાજ આવ્યો તો એટલીવાર ઉભો રહી જાય, સાંભળે અને જવાબ આપે. *(બઝ્ઝાઝિયહ્, આલમગીરી)*

**મસ્અલો** : તકબીર અઝાનની જેમ જ છે. એટલે કે જે હુકમો અઝાનના માટે બયાન થયા તે જ તકબીરને માટે પણ છે. પરંતુ આ નીચેની કેટલીક બાબતોમાં ફરક છે. તકબીરમાં **હય્ય અલલ ફલાહ** પછી **કદકામતિસ્સલાત** પણ બે વાર બોલવું અને તકબીરમાં જરા ઊંચો (જોરથી) અવાજ હોય, એટલા ઊંચા અવાજે નહીં કે જેટલો અવાઝ અઝાનમાં હોય છે. બલ્કે એટલા અવાજથી કે દરેક હાજર નમાઝીઓ સુધી સંભળાય. તકબીરના શબ્દો જલ્દી જલ્દી બોલવા, વચમાં શ્વાસ તોડયા વિના ન થોભે તેમજ કાનો ઉપર કાનોમાં આંગળીઓ ન મૂકે અને સવારની તકબીરમાં **અસ્સલાતુ ખયરૂમ મિનન્નૌમ** ન બોલવું. તકબીર મસ્જિદની અંદર કહેવામાં આવે.

**મસ્અલો** : જો ઈમામે તકબીર કહી તો **કદકામતિસ્સલાત**ના વખતે વધીને મુસલ્લા ઉપર ચાલ્યા જાય. *(દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર, ગુન્યા, આલમગીરી વગેરે)*

**મસ્અલો** : તકબીરમાં પણ **હય્ય અલસ્સલાત** અને **હય્ય અલલ ફલાહ** વખતે જમણે–ડાબે મોં ફેરવવું. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : તકબીરવેળા કોઈ માણસ આવ્યો તો તેણે ઉભા રહી વાટ જોવી મકરૂહ છે, બલ્કે તેણે બેસી જવું, જ્યારે મુકબ્બિર **હય્ય અલલ ફલાહ** કહે ત્યારે ઉભા થવું. એવી જ રીતે જે લોકો મસ્જિદમાં હાજર છે તેમણે પણ બેસી રહેવું અને જ્યારે મુકબ્બિર **હય્ય અલલ ફલાહ** ઉપર પહોંચે ત્યારે ઉભા થવું અને એ જ હુકમ ઈમામ માટે પણ છે.

આજકાલ ઘણી જગ્યાએ રિવાજ પડી ગયો છે કે તકબીર વખતે બધા લોકો ઉભા રહે છે, બલ્કે ઘણી જગ્યાએ તો રિવાજ છે કે જ્યાં સુધી ઈમામ મુસલ્લા ઉપર ઉભા ન થઈ જાય ત્યાં સુધી તકબીર પઢાતી નથી, આ સુન્નત તરીકાથી વિરુધ્ધ છે.

**મસ્અલો** : અઝાનની વચમાં તેમજ તકબીરની વચમાં બોલવું જાઈઝ નથી, જો મુઅઝ્ઝિન (અઝાન દેનાર)ને મુકબ્બિર (તકબીર કહેનાર)ને કોઈ સલામ કરે તો તેણે જવાબ દેવો અને પૂરી થયા પછીથી પણ તે સલામનો જવાબ દેવો તેમના માટે વાજિબ નથી. *(આલમગીરી)*

**મસ્અલો** : તકબીરનો જવાબ આપવો મુસ્તહબ છે. એનો જવાબ પણ અઝાનના જવાબ જેવો જ છે. તફાવત એટલો છે કે **કદકામતિસ્સલાત**ના જવાબમાં **અકામહલ્લાહુ વ અદામહા માદામિતસ્સમાવાતુ અલઅર્દુ** કહેવું. *(આલમગીરી)* અથવા એમ કહે છે, **અકામહલ્લાહુ વદામહા વજઅલના મિન સાલિહી અહલિહા અહયાઅંવ વ અમવાતા.** *(બહારે શરીઅત)*

**મસ્અલો** : જો અઝાન વેળા જવાબ ન આપ્યો તો, જો વધારે વાર લાગી ન હોય તો, હવે આપી દે.'' *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ખુત્બાની અઝાનનો જવાબ મુક્તદીઓએ જીભ વડે આપવો જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : અઝાન અને તકબીર વચ્ચે થોડીવાર થોભવું સુન્નત છે. અઝાન કહી તરત જ તકબીર કહી દેવી મકરૂહ છે. મગરિબમાં અઝાન પછી નાની ત્રણ આયતો કે મોટી એક આયત પઢી શકાય તેટલી વાર થોભવું, બાકીની નમાઝોમાં અઝાન અને તકબીર વચ્ચે એટલીવાર થોભવું કે જે લોકો જમાઅતના પાબંદ છે તેઓ આવી જાય પરંતુ એટલી રાહ ન જોવી કે કરાહતનો સમય થઈ જાય.

ભોળા લોકોને...

# સુન્નિયતથી દૂર કરતા દૂષણો અને તેનો ઈલાજ

અઝ : **અલ્લામા મુહમ્મદ ઝિયાઉર્રહ્માન ક઼ાદરી (ઈન્ડિયા)** અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

આજના પ્રગતિશીલ યુગમાં જ્યારે ઈન્સાન ચંદ્ર પર વસવાટની કોશિશોમાં છે, આકાશગંગાને ખેંચી લાવવાની ફિકરમાં વ્યસ્ત છે. ચો તરફ ભૌતિકતાનું સામ્રાજ્ય છે, જેને પણ જુઓ તે સમયની ગતિથી પણ કાંઈક આગળ નીકળી જવાની કોશિશમાં સવાર સાંજ હેરાન તથા પરેશાન ખોવાયેલો ખોવાયેલો જોવા મળે છે. આવા સંજોગોમાં જ્યારે અન્ય ક઼ૌમો પોતાના ધર્મોથી બેઝાર જોવા મળે છે તે જ પ્રમાણે ઈસ્લામ ધર્મના માનનારાઓ પણ તે પવિત્ર રેખાઓ પાર કરી ગયેલા જોવા મળે છે જેના પર ચાલીને કોઈક જમાનામાં મુસ્લિમ ક઼ૌમના બહાદુરોએ ઈસ્લામના અક઼ીદાને સરદારી તથા જહાંબાની (દુનિયા પર રાજ ધારણ કરવાનો) અક઼ીદો સાબિત કરી દેખાડયો હતો અને દુનિયાને એ સ્વીકારવા માટે મજબૂર કરી આપી કે ઈસ્લામના ક઼ાયમી નિશાનો અને સદાબહાર બંધારણ તથા વિરોધવંટોળનાં હજારો તોફાનો પણ ઈસ્લામી વૃક્ષની લીલોતરીને નુકસાન નથી પહોંચાડી શકતાં.

પરંતુ વર્તમાન સંજોગોમાં મુસ્લિમ ઉમ્મતની જીવન પદ્ધતિ અને જીવનની રીત ભાતને જોઈને આંખોથી અશ્રુધારાનું ઝરણુ વહેવા લાગે છે કે છેવટે મુસ્લિમ ઉમ્મતને શું થઈ ગયું છે ? શું તેને જમાનાની નજર લાગી ગઈ છે ? ક્યારેક એ ખયાલ કાંટો બનીને દિલમાં ચૂભતો રહે છે કે ક્યાંક એવું નથી કે તે કદી માત ન થનાર નુસ્ખો જે રસૂલે ગિરામી વક઼ાર ﷺએ આપણને અતા કર્યો હતો તેણે પોતાની અસરકારતા ત્યજી દીધી છે ! પરંતુ તુરત જ બીજો સવાલ દિમાગના પર્દા પર ઉભરાઈ આવે છે કે એનું શું કારણ હોઈ શકે છે ? શું ઈસ્લામી બંધારણને ક઼ાયમી રહેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત નથી ? પરંતુ તુરત જ કુર્આન તથા હદીષની અનાશવંત દલીલો આપણી મદદ કરતાં આપણા ખયાલોને રદિયો આપે છે અને આપણા દિમાગને દિશા સૂચવે છે કે આવા ખયાલો એકદમ શૈતાની છે અને યક઼ીનન ! ઈસ્લામનું બંધારણ ક઼ાયમી છે. પરંતુ ફરી એ જ સવાલ દિલો દિમાગમાં ચકરાવો લેવા માંડે છે કે, તો પછી કેમ મુસ્લિમ ઉમ્મત બેઈજ્જતી તથા રુસ્વાઈની ઊંડી ખીણમાં પડી રહી છે અને આજે કેમ મુસ્લિમ ઉમ્મતના નસીબનો સિતારો ક્ષિતિજ પર ચમકતો નથી જોવા મળતો ? હું હજી એ જ ખયાલોના વમળોમાં અટવાયેલો હતો કે અચાનક કુર્આન મુક઼દ્દસની એક આયતે મારી આંખો ખોલી કાઢી અને મુસ્લિમ ઉમ્મતની દુઃખતી રગ પકડાઈ ગઈ અને દિમાગની સ્લેટ પર આ આયત અંકિત થઈ ગઈ :–

وَلَا تَهِنُوا وَلَا تَحْزَنُوا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ

"સુસ્તી ન કરો, ન ગભરાવ, તમે જ સરસાઈ પામશો જો તમે કામિલ મુસલમાન છો." *(આલે ઈમરાન–૧૩૯)*

મુસ્લિમ ઉમ્મતની પડતી તથા અધોગતિના એક છુપા રહસ્યથી પર્દો હટયો અને બોધ મળ્યો કે મઝહબથી દૂર થઈ ભૌતિકતામાં ખોવાવું, ખુદા તઆલાના હુકમોથી વિમુખ થવું જ આપણી પડતીની કહાનીનો સબબ છે. અહીં પહોંચીને આપણા દિમાગમાં ઉભરનારા અમુક સવાલો કોઈ ઘાયલ વ્યક્તિના કણસવાના અવાજનો સબબ બની જાય છે કે છેવટે આપણી ક઼ૌમ મઝહબે અહલે સુન્નતનો પટ્ટો ગરદનેથી શા માટે ઉતારી ફેંકવા લાગી છે ? છેવટે તેનાં શા રહસ્યો છે ? એક હમેશાંના મઝહબ ઈસ્લામ તથા મસ્લકે હક઼્ક઼ અહલે સુન્નત વ જમાઅતથી જોડાયેલ હોવા છતાં આપણી જ ક઼ૌમ આપણી વાતોથી સુગ દર્શાવતી કેમ જણાય છે ?! આપણે એમની સમક્ષ જે હક઼્ક઼ાની વાતો, કુર્આની આયતો તથા હદીષોની દલીલોની ભરમાર રજૂ કરીએ છીએ તેને

તેઓ ફરેબ, ધોકો, ગોરખ ધંધા અને ન જાણે કેવા કેવા ધૃણાજનક લક્બો વડે યાદ કરે છે. જ્યારે કે સ્વરચિત અક઼ીદા ધરાવનારાઓ પોતાના તે જ ગલત અક઼ીદાઓને શરબતના રૂપમાં રજૂ કરે છે તો તેને ખુશી ખુશી રૂહે અફઝા શરબત સમજીને પી નાખે છે ! શું હક્ક઼ તથા નાહક્ક઼ની વચ્ચે તફાવત દર્શાવતી રેખા ખેંચવાની શક્તિ નષ્ટ થઈ ચૂકી છે ? છેવટે આના સબબો શા છે ? થોડીક દિમાગી મહેનત પછી એ હકીક઼ત આપણા પર જાહેર થઈ જાય છે કે ભલે આપણે અહલે સુન્નત વ જમાઅતના અક઼ીદાઓ તથા માન્યતાઓ, ઉસૂલો તથા ફુરૂઅ, કુર્આન તથા હદીષની બિના પર મજબૂત છીએ પરંતુ આપણે એ વાત ન ભૂલવી જોઈએ કે પ્રોપેગન્ડા અને પ્રચાર કાર્યને વર્તમાનકાળમાં કોઈપણ ચીજના ફેલાવા તથા પ્રસારમાં દખલ છે, જેમ કે પ્રોપેગન્ડાના બળે ગલત ચીજો પણ સારી સ્થિતિમાં દેખાવા લાગે છે અને સારી વાતો એ જ પ્રોપેગન્ડાના સબબ ગલત મેહસૂસ થવા લાગે છે. જેમ કે આપણે જોઈએ છીએ કે **આપણા અક઼ીદા તથા માન્યતાઓ સહીહ દલીલોથી સજ્જ હોવા છતાં તેની સહીહ રજૂઆત (તર્જુમાની) નથી થઈ રહી** અને અમલી રીતે જે છાપ લોકો સુધી પહોંચે છે તે ખૂબ જ અફસોસનાક છે કે જેના લીધે લોકોનાં દિલો દિમાગમાં એ વાત વસી રહી છે કે આ જ અમલી આવારગીના સમૂહનું નામ સુન્નિયત છે. એ ખરાબીઓ પર વિગતે ચર્ચા કરતા પહેલાં એનું સંક્ષિપ્ત માળખુ રજૂ કરવું જરૂરી છે જેથી સમજવામાં સરળતા રહે.

- ☞ નમાઝથી એકદમ સુસ્તી !
- ☞ ફર્ઝો તથા વાજિબો અદા કરવાના બદલે મુસ્તહબો તથા મુસ્તહસન કાર્યો પર સખ્તીથી અમલ.
- ☞ પવિત્ર મઝારો પર શરીઅતે મના કરેલ બાબતો કરવા છતાં તેને સુન્નિયતની નિશાની સમજવું.
- ☞ મુક઼ર્રિરોનું લોકોની સમજ શક્તિ તથા સંજોગોને સમજ્યા વિના આકાશને આંબતા નારાઓની સાથે બનાવટી ચીસો તથા બૂમો સાથે તક઼રીર કરવું.

આ જ તે સબબો છે જેના કારણે આખી "અહલે સુન્નત" જમાઅતની બદ્નામી તથા બેઈજ્જતી થઈ રહી છે અને સુન્નિયતથી બેઝારીનું વલણ જોર પકડી રહ્યું છે.

## નમાઝમાં સુસ્તી એ આપણી ઓળખ !

નમાઝને જ લઈ લો ! કુર્આન તથા હદીષની ચમકતી દમકતી આયતો તથા દલીલો એ વાતની સાક્ષી છે કે નમાઝ સૌથી મહત્વની ઈબાદત છે, નમાઝ મો'મિનની મેઅરાજ છે, નમાઝ સરકારે દો આલમ ﷺની આંખોની ઠંડક છે અને કોઈનાથી એ વાત છુપી નથી. છતાં પણ આપણી બહુમતિ આ મહાન ફરીઝાની અદાયગીથી હદથી પારની ઉણપ વર્તતી જોવા મળે છે ! જ્યારે કે એવું હોવું જોઈએ કે આપણે સૌ (સુન્ની) વધારે પ્રમાણમાં નમાઝ પર અમલ કરીને આક઼ાએ કાઈનાત ﷺની આંખોને ઠંડક પહોંચાડીને અલ્લાહની રઝામંદીની સાથે નબીની રઝામંદીની મહાન દૌલત પણ આપણા દામનોમાં સમેટી લેતા. પરંતુ અફસોસ એ છે કે નમાઝના બારામાં બહુમતિ આળસ કરવામાં વ્યસ્ત રહીને મુસ્તહબ ન્યાઝ, ઉર્સ, મીલાદ, નઅતખ્વાની....વગેરે કામો, ચીજો પર અમલ કરતી થઈ ગઈ છે. આપણી ઉણપ તથા આળસ હવે આપણી "પહેચાન" બની ચૂકેલ છે ! અને પરિણામે ભોળા ભાળા મુસલમાનો સુધી એના એ પ્રત્યાઘાત પહોંચી રહ્યા છે કે અહલે સુન્નત (સુન્ની)ના નજીક નમાઝ કોઈ મહત્વની શાનવાળી ચીજ નથી ! (મઆઝલ્લાહ !) અને પછી તેઓ ધૃણા પ્રદર્શિત કરીને કોઈ અન્ય ફિર્કા સાથે જોડાઈ જવામાં જ પોતાની ભલાઈ મહસૂસ કરવા લાગે છે. કેટલી અજબની વાત છે કે આપણે નમાઝના પુરજોર નિમંત્રક તથા હિમાયત કરનાર હોવા છતાં આપણા સંબંધે આ ગલત ફહમી ફેલાઈ રહી છે કે એમને ત્યાં નમાઝનું કોઈ મહત્વ નથી ! શું આપણી અમલી ગુમરાહીના સબબે ઉપસ્થિત થનાર આ ગલત ખયાલ શું સુન્નિયતના મિજાઝ સાથે મેળ ખાય છે ? શું

આપણે તે જ અહલે સુન્નત નથી જેના બુઝુર્ગોનો એ ઈતિહાસ રહ્યો છે કે આખી આખી રાત બારગાહે ઈલાહીમાં પેશાની મુબારકને સજદામાં ઝુકાવી રાખતા હતા ?!

## ફર્ઝો કરતાં મુસ્તહબોની સખત પાબંદી !

એ જ પ્રમાણે એવું થવું જોઈતું હતું કે આપણે સખ્તીની સાથે ફર્ઝો તથા વાજિબોની પાબંદી કરતા અને આપણી સંપૂર્ણ કોશિશ એના પાછળ ખર્ચતા કે કોઈ પણ રીતે ઈસ્લામી ફર્ઝો તથા વાજિબો છૂટવા ન પામે, અને પછી ખુદા આપણને તૌફીક઼ આપતો તો આપણે મુસ્તહબ ચીજો પર પણ અમલ કરીને કૌનેનની મહાનતાઓથી લાભવંત થાત. પરંતુ આ મેદાનમાં પણ આપણી અમલી હાલત એથી ઉલ્ટી જ જોવા મળે છે. આપણે સલામ, ફાતિહા તથા અન્ય બાબતો પર સખ્તી સાથે અમલ કરીએ છીએ, આપણાથી જો કોઈ ફાતિહા છૂટી જાય તો આપણને ગુનાહનો એહસાસ થવા લાગે છે, પરંતુ જ્યારે ફર્ઝો તથા વાજિબો પર અમલની વારી આવે છે તો આપણે એમાં સૌથી પાછળ જોવા મળીએ છીએ ! અને એના છૂટી જવા પર આપણને તે એહસાસ નથી રંજાડતો જે થવો જોઈએ. અને એની એ છાપ ઉભી થાય છે કે ભોળા લોકો ગલતફહમીનો શિકાર બની જાય છે અને તેઓ એવું ધારી લે છે કે અહલે સુન્નતને ત્યાં (સુન્નીઓમાં) ફર્ઝો તથા વાજિબોની સામે મુસ્તહબ તથા મુસ્તહસન કાર્યોની અધિક કાળજી લેવાય છે, અને તેમની નજીક એનું મહત્વ પણ વધારે છે. જ્યારે કે આ માન્યતાને હક઼ીક઼ત સાથે કોઈ જ સંબંધ નથી. છેવટે આ પ્રકારના ખયાલો રાખનારાઓને, ખયાલોને અધિક મજબૂતી ત્યારે મળી જાય છે જ્યારે આપણે એવું યક઼ીન કરી બેસીએ છીએ કે કોઈ ફર્ઝો કે વાજિબો પર અમલ કરે કે ન કરે પણ જો તે આ પસંદીદા ચીજોને અમલી જિંદગીમાં સામેલ નથી કરતો તો તે સુન્નિયતના દાયરાથી ખારિજ છે અથવા કમસે કમ તે મુતસલ્લિબ (પ્રખર) સુન્ની નથી ! જ્યારે કે આ એક બેહૂદા ખયાલ સિવાય કાંઈ જ નથી.

## મઝારો પર શરીઅતનું ખુલેઆમ ઉલ્લંઘન !

જ્યાં સુધી મુબારક મઝારોનો સવાલ છે તો તે કાંઈ ઔર જ પડતી હાલતનાં શિકાર છે, જેનો જીવ ચાહે તે જઈને જાત અનુભવ કરી લે કે **આ પવિત્ર મઝારો જ્યાંની હાજરી બરકતો પ્રાપ્ત કરવાનો ઝરીયો તથા હમેશાંની નેકનસીબીનો સબબ છે, ત્યાં જ લોકો કેટલી ઘટાઈ તથા બેબાકી સાથે શરીઅતના નિયમોની પાયમાલી કરતા જોવા મળે છે.** મોટાભાગની સંખ્યા એવા લોકોની જ હોય છે જેઓ ઝિયારતના નિયમોની મામૂલી જાણકારી પણ નથી ધરાવતા અને પછી એવી હાલતમાં કેટલાક લોકો સજદાની હાલતમાં જોવા મળે છે તો કેટલાક તવાફ કરવાની મજા માણવામાં જાણે રૂહાની સુકૂન પામી રહ્યા છે ! **મઝારોના મુજાવરો મઝારોની સફાઈ માટેના ખાસ ઝાડાને નવયુવાન છોકરીઓના ચહેરાઓ પર ફેરવતાં જરા પણ ખુદાનો ખૌફ મેહસૂસ નથી કરતા !** હાજરી આપનારી સ્ત્રીઓ તો યક઼ીન ધરાવે છે કે તેણીઓ તો આવી રીતે મઝારવાળા બુઝુર્ગના ફયૂઝાનથી લાભવંત થઈ રહી છે ! પણ તેણીઓને એની શી ખબર છે કે ખૂદ તેણીઓની હાજરી કેટલી લઅનતનો સબબ છે ? અને એનાથી મઝારવાળાના ફયૂઝથી માલામાલ થવાને બદલે મહરૂમી જ હાથ આવે છે. હું એવું નથી કહેતો કે જે લોકો મઝારો પર સજદો કરે છે તેઓ ઈબાદતની નિય્યતથી કરે છે, હરગિઝ નહીં ! જો એવું જ હોય તો તેઓ ઈસ્લામના વર્તુળથી બહાર થઈ જશે ! પરંતુ તા'ઝીમની નિય્યતથી પણ સજદો શરીઅતે મુહમ્મદીમાં ક્યાં જાઈઝ છે ?! શું આપણા ઉલમાએ અહલે સુન્નતની કિતાબો એના હરામ હોવા વિશે નથી દર્શાવતી ? તો પછી આવું શા માટે ?! **લોકોની આવી હરકતોથી સામાન્ય પબ્લિકમાં એ છાપ ઉભી થાય છે કે કદાચ સુન્નીઓની શરીઅતમાં એનું જાઈઝ હોવું મૌજૂદ છે** અને બસ ! અહલે સુન્નતની કિતાબોનો અભ્યાસ કર્યા વિના તેઓ તેના સહીહ ખયાલો તથા માન્યતાઓથી

નફરત કરતી થઈ જાય છે, અને એવું ધારી લે છે કે સુન્નિયતથી જોડાવાનો મતલબ એ છે કે એ જ સર્વ ગલત રસમો તેમણે પણ અંજામ આપવી પડશે. અને ઘણી અફસોસનાક વાત એ છે કે એક બાજુ આવી ગલત વાતોના લીધે આપણા અહલે સુન્નતની છાપ ખરાબ થઈ જ રહી છે તેમ છતાં આપણા મશાઈખ પોતાની મશૈખિયતની દુકાન ચમકાવીને ઐશની મજાથી ફાયદામંદ થઈને મીઠી નિદ્રામાં ડૂબેલા છે અને પોતાના બાપદાદાઓના મઝારો પર સંપૂર્ણ સત્તા તથા કબજો ધરાવવા છતાં સવાર સાંજ અંજામ પામનાર ગૈર શરઈ કામોની વણઝાર પર પ્રતિબંધ લગાડવાના માટે ઝિયારત તથા આદાબનું એક બોર્ડ પણ લગાડવાની તકલીફ કરવા નથી માંગતા, અને ન ભવિષ્યમાં એવી કોઈ ઉમ્મીદ જોવા મળે છે, અને જો મામલો આવો જ રહ્યો તો આપણા મશાઈખે એઝામે કાલે કયામતના દિવસે બારગાહે ઈલાહીમાં જવાબ આપવા માટે પણ અત્યારથી માનસિક રીતે તૈયાર રહેવું પડશે.

## વર્તમાન મુકર્રિરોની તકરીરની પદ્ધતિ

વઅઝ તથા તકરીરનો દિર્ઘકાળથી મઝહબની તબ્લીગ તથા પ્રચારમાં એક નોંધપાત્ર રોલ રહ્યો છે, વર્તમાનકાળમાં મુકર્રિરોનું પણ અજબનું વલણ થઈ ગયું છે. તેમની તકરીરનું ક્ષેત્ર કેવળ અમુક રટેલા રટાવેલા શબ્દો, ખાસ સ્ટાઈલો, અમુક નિશ્ચિત શેઅરો અને ગગનચુંબી ચીસો તથા બૂમોમાં સીમિત થઈને રહી ગયેલ છે. ન સમય સંજોગનો લેહાઝ ન લોકોની સમજ શક્તિની પરવા, બસ ! ખિતાબતની ખુરશી પર બેઠા કે પૂરી બૂમરાણ તથા ગર્જનાની સાથે કોઈ રેકોર્ડ થયેલ ટેપ રોકોર્ડરની જેમ બોલતા રહ્યા, ગગનચુંબી નારાઓ લગાવડાવ્યા, કૌમની વાહ વાહ લૂંટી, અને સ્ટેજ પરથી ઉતરી ગયા ! તકરીરથી કૌમને શું મળ્યું ?! એની સાથે લેવા દેવા નહીં ! તે જ લોકો જેઓ તકરીર દરમ્યાન નારાએ તકબીર તથા રિસાલત જોશમાં આવીને લગાડતાં થાકતા ન હતા તેમને જો જલ્સો પૂરો થતાં પૂછી લેવામાં આવે કે ફલાણા મુકર્રિરે કેવી તકરીર કરી ? તો એકદમ બોલી ઉઠશે કે ખૂબ જ શાનદાર તકરીર હતી ! ખૂબ જ સારી સારી વાતો બયાન થઈ ! જો એ જ રીતે એકદમ પૂછી લેવામાં આવે કે, તેમણે બતાવેલી અમુક સારી સારી વાતો અમને પણ જણાવશો ?! તો તે માથુ ખંજવાળતા જોવા મળશે ! શું દા'વત તથા ઈસ્લાહનો આ જ તરીકો કુર્આને આપણને આપ્યો છે ? શું નબવી સુન્નતોની તા'લીમાત આ બાબતની ઈજાઝત આપે છે કે ફજર સુધી જલ્સો કરે અને ફજરની નમાઝ પઢ્યા વિના એ રીતે નિદ્રાધીન થઈ જાવ કે ઝોહર પણ ખતરામાં પડી જાય ! શું આ પ્રકારના જલ્સાઓનું ઈસ્લામમાં કોઈ સ્થાન છે ?!

આ જ તે સબબો તથા અમલો છે જેના લીધે ભોળા લોકો ગલત અકીદાઓને પણ સહીહ સમજી બેઠા છે અને બાતિલ ફિર્કાની જાહેરી અમલી ટીપટોપથી આકર્ષાઈને અહલે સુન્નતથી નફરત કરતા જોવા મળે છે. જ્યારે કે આ બધી ચીજોને સુન્નિયત સાથે કોઈ દૂરનો પણ સંબંધ નથી. આ વાતો રજૂ કરવાનો મકસદ કેવળ એ જ છે કે આપણી અમલી આવારગીના કારણે અહલે સુન્નત સંબંધે ઉભી થનારી ગલત છાપ પર રોક લગાડવામાં આવી શકે, અને લોકોની આંખો ખુલે અને અમલી સુધારણા માટે તૈયાર થાય. જેથી જરૂરત એ વાતની છે કે આપણે સૌ મળીને આવી સર્વ બુરાઈઓની ઈસ્લાહના માટે સતત કોશિશ કરીએ જે આપણા સમાજમાં કદમ જમાવી ચૂકી છે અને ગલત પ્રોપેગન્ડાનો સબબ બનીને આપણા મઝહબની પ્રગતિની રાહમાં આડ બની રહેલ છે. અને યાદ રાખશો કે જો આપણે આ મહાન કાર્યને અમલી રૂપ આપવા માટે તૈયાર ન થયા તો ઈતિહાસ અને આવનારી કૌમ આપણને માફ કરશે નહીં અને આપણે એક નુકસાનના માટે તૈયાર રહેવું પડશે જેનો સંબંધ કોઈ વ્યક્તિ કે જમાઅત સાથે નથી બલ્કે તે એક વિશ્વવ્યાપી તથા આલમી નુકસાન હશે અને નુકસાન ઉમ્મતની ગુમરાહીનું હશે જેના માટે આપણે સર્વએ અલ્લાહ સમક્ષ જવાબ

આપવાનો થશે, અને ત્યાં કોઈ બહાનાબાજી છૂટકારો અપાવી શકશે નહીં અને હશ્રના મેદાનમાં આમ લોકો વચ્ચે જાહેરમાં ખયરે ઉમ્મત હોવા છતાં આપણી બેઈજ્જતીના જનાઝા પર માતમ કરવું પડશે.

કાશ ! આપણે અમલી રીતે પૂર્વજ બુઝુર્ગો (અસ્લાફ)નો દામન મજબૂતીથી થામી લેત અને તેમના પવિત્ર જીવનને આપણી અમલી જિંદગીમાં ઉતારીને જૂઠ તથા બનાવટનો પર્દો ચીરી કાઢત. કાશ ! આપણી મશૈખિયતની હસ્તીઓ સ્વરચિત ઘરેલુ ટીપટોપથી બહાર નીકળીને મઝારો પર અંજામ પામનારી ગલત કાર્યવાહીઓની રોકથામના માટે કોઈ બંધારણ કે નીતિ નિયમ તૈયાર કરતા, કાશ ! આપણા મુકર્રિરો પોતાના બયાનોમાં શોલા બયાનીની સાથોસાથ પૂર્વજ બુઝુર્ગોની રૂહોને પણ જીવંત રાખતા તો આજે આ બુરા દિવસો ન જોવા મળતા.

**અંદાઝે બયાં ગરચે બહુત શૌખ નહીં હૈ**
**શાયદ કે ઉતર જાએ તેરે દિલમેં મેરી બાત**

અંતમાં અલ્લામા શરફ કાદરી رحمۃ اللہ علیہનું એક લખાણ વાંચતા ચાલો. લખે છે :–

હાલમાં જ મઝહબી બાબતોના વક્ફ બોર્ડ–પંજાબ, લાહોર તરફથી એક પુસ્તિકા 'હઝરત દાતાગંજ બખ્શ رحمۃ اللہ علیہ' મારા જોવામાં આવી જેના અંતમાં મઝારો પર હાજરીના ૧૧ નિયમો લખેલા છે તેને જોઈને ખુશી થઈ અને વક્ફ બોર્ડના જે સમજદાર ચિંતક કર્તાહર્તાઓએ આ કામ કર્યું છે તેમના માટે દિલની ગહરાઈથી દુઆ નીકળી, મૌલા કરીમ તેમને જઝાએ ખૈર અતા ફર્માવે.

તે **૧૧** નિયમો આ મુજબ છે :–

**(૦૧)** મઝારો પર બાવુઝૂ હાજરી આપે.

**(૦૨)** ઔલિયાએ કિરામના મઝારો પર હાજરી દરમ્યાન કુર્આને પાકની તિલાવત, ઝિક્ર, દુરૂદ શરીફ અને ઈસાલે સવાબ એ બેહતરીન કાર્યો તથા ઝિયારતના મુસ્તહબોમાંથી છે.

**(૦૩)** બુઝુર્ગોને દીનનો મહત્વનો તથા મૂળ અદબ તેમની તા'લીમાત પર અમલ છે, ખાસ કરીને ખિદમતે ખલ્ક (લોકસેવા), માનવોનું માન અને મહોબ્બત તથા ભાઈચારા પર અમલ કરતા થવું છે.

**(૦૪)** મઝારવાળા બુઝુર્ગોની ખુશ્નૂદી હાંસલ કરવાનો બેહતરીન તરીકો ઈસ્લામ ધર્મ પર અમલ કરવું છે.

**(૦૫)** કબ્ર તરફ મોઢું કરીને સિજદો કરવો જાઈઝ નથી.

**(૦૬)** તા'ઝીમી સિજદો કરવાથી પણ બચો.

**(૦૭)** મઝારો પર વાજિંત્રો કે ઢોલ વગાડતાં વગાડતાં ચાદરપોશી કરવી જાઈઝ નથી.

**(૦૮)** મઝારો પર સ્ત્રીઓ માટે વુઝૂ તથા નમાઝની અલગ વ્યવસ્થા છે જેથી સ્ત્રીઓનું વુઝૂ તથા નમાઝના મામલામાં પુરૂષો સાથે ભેળસેળ કરવું સખ્ત નાજાઈઝ છે. (અસલમાં તો સ્ત્રીઓએ જવું જ મના છે.)

**(૦૯)** મઝારો પર લંગર અથવા ખૈરાતને લોકોની તરફ ફેંકવું અથવા ઉછાળવું રોજી તથા મઝારોની બેઅદબી છે, આ રીતે રોજી તથા તબર્રુકને જમીન પર ફેંકવું પણ રોજીની બેહુર્મતી છે.

**(૧૦)** મઝારોની આસપાસ તવાફ કરવો હરામ છે અને મઝારોના સંકુલમાં નાચ તથા ગાનની મેહફિલો સજાવવી સખત નાજાઈઝ છે.

**(૧૧)** મઝારો પર વિના જરૂરતે (લાઈટ હોવા છતાં) ચિરાગ જલાવવો મના છે, અલ્બત્ત રોશની ન હોવાના સંજોગોમાં મુલાકાતીઓની સહુલતના માટે ચિરાગ જલાવવામાં વાંધો નથી.

ઈસ્લામી ભાઈઓને જોઈએ કે આ નિયમોની પાબંદી કરે અને બુઝુર્ગોને દીનના તુફૈલથી અલ્લાહના ફઝ્લો કરમના મુસ્તહિક બને. વક્ફ બોર્ડે જોઈએ કે આ હિદાયતવાળુ નોટીસ બોર્ડ તૈયાર કરાવીને મઝારોના સંકુલમાં લગાડી આપે. ઉમ્મીદ છે કે ઘણા સારા ખયાલવાળા લોકો એને વાંચીને સીધા માર્ગે આવી જાય. *(હવાલો : ખુદા કો યાદ કર પ્યારે)*

## નેક અમલ કરો અને રબથી મહાન બદલો પામો !

રજૂકર્તા : ફખ્રે ગુજરાત હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી (પ્રેસ્ટન, યુ.કે.)

### ★ ક઼િબ્લાની ઈજ્જતનો બદલો ★

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે નબી ﷺએ ફર્માવ્યું, "જે કિબ્લાની ઈજ્જત કરશે અલ્લાહ તઆલા એની ઈજ્જત કરશે." *(જમ્ઉલ જવામિઅ, હદીષ ૨૦૩૫૬)*

**ફાયદો** : ક઼િબ્લાની ઈજ્જત એ છે કે એની તરફ ન થૂકવું, એની તરફ પગ ન ફેલાવવા, એ તરફ પગ કરીને ન સૂવું, એ તરફ પેશાબ પાખાના ન કરવું વગેરે. આમ કરવાથી માણસની ઈજ્જત અલ્લાહની બારગાહમાં વધી જાય છે.

### ★ અલ્લાહ તઆલાના ઝિક્રનો બદલો ★

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે નબી ﷺએ ફર્માવ્યું, "જે અલ્લાહ તઆલાનો અધિક ઝિક્ર કરે અલ્લાહ તઆલા એને પ્રિય બનાવી લે છે." *(જમ્ઉલ જવામિઅ, હદીષ નં. ૨૦૩૫૩)*

**ફાયદો** : દરેક કામ જે જાઈઝ હોય અલ્લાહ તઆલાના નામથી શરૂ કરો, બિસ્મિલ્લાહ શરીફ પઢો. આપણા પ્યારા નબી ﷺની બતાવેલી દુઆઓ પઢો, અલ્લાહ અને રસૂલની ઈતાઅત કરો, નાફર્માનીથી દૂર રહો, અને સમય ગફલતમાં નહીં તથા જીભથી જ નહીં દિલથી પણ અલ્લાહનો ઝિક્ર જારી રાખે. આ બધો જ અલ્લાહનો ઝિક્ર છે.

### ★ મુસ્લિમની ઈજ્જતનો બદલો ★

હઝરત જાબિરથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે મુસલમાન વ્યક્તિની ઈજ્જત કરશે અલ્લાહ તઆલા એની ઈજ્જત કરશે." *(જમ્ઉલ જવામિઅ, હદીષ નં. ૨૦૩૫૩)*

**ફાયદો** : ઈમાનવાળાની અલ્લાહ તઆલાની બારગાહમાં ઘણી ઈજ્જત છે. બીજી હદીષોમાં ઈમાનવાળાને કા'બાથી ઉત્તમ બતાવવામાં આવ્યો છે એટલે કોઈ શરઈ કારણ વિના એની ઈજ્જતને ન કાપે, એની ઈજ્જત જરૂરી છે.

### ★ નિફ઼ાક઼થી મુક્તિ ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે અલ્લાહ તઆલાનો વધારે ઝિક્ર કરશે એ નિફાક઼થી મુક્ત થઈ જશે." *(જમ્ઉલ જવામિઅ, હદીષ નં. ૨૦૩૫૪)*

**ફાયદો** : અલ્લાહ તઆલાનો અધિકથી અધિક ઝિક્ર કરવાથી માણસનું દિલ પાક બની જાય છે. અલ્લાહની મહોબ્બતનું નૂર એના દિલમાં ચમકવા લાગે છે. યક઼ીનની દૌલત પ્રાપ્ત થઈ જાય છે. ઈસ્લામની વાસ્તવિક્તા એના દિલમાં બેસી જાય છે.

### ★ આગ પર હરામ છે ★

હઝરત અબૂ ઈસાથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જેના પગ અલ્લાહના માર્ગમાં ધૂળવાળા થયા અલ્લાહ તઆલા એને આગ પર હરામ કરી આપશે." *(જમ્ઉલ જવામિઅ, હદીષ નં. ૨૦૩૨૦)*

**ફાયદો** : દીનને બુલંદ કરવાની નિય્યતે અલ્લાહના માર્ગમાં જિહાદ કરવો મોટા સવાબનું કામ છે. અલ્લાહ તઆલા એ અમલના બદલામાં જન્નત આપશે.

### ★ બંને જગતમાં બદ્‌નામ ★

હઝરત અનસથી રિવાયત છે. નબી ﷺએ ફર્માવ્યું, "જેની સમક્ષ એના મુસલમાન ભાઈની ગીબત કરવામાં આવે અને તે એની મદદ કરવાની શક્તિમાન હોવા છતાં મદદ ન કરે તો અલ્લાહ તઆલા એને દુનિયા અને આખેરતમાં બદ્‌નામ કરશે." *(જમ્ઉલ જવામિઅ, હદીષ નં. ૨૦૩૨૮)*

**ફાયદો** : ગીબત કરવી કબીરા ગુનોહ છે પણ ગીબત સાંભળીને ચુપ રહેવું અને મુસ્લિમ ભાઈની મદદ ન કરવી પણ ગનોહ છે, ગીબત કરનારને ચુપ કરો અને ચુપ કરી શકાય એમ ન હોય તો પોતે ખસી જવું. જો ગીબત થવા પર આ પ્રમાણે મુસલમાનની મદદ કરવામાં ન આવે તો મુસલમાન ભાઈની બેઈજ્જતીમાં એ સામેલ ગણાશે અને અલ્લાહ તઆલા એ મુસલમાનની મદદ ન કરશે તો ગીબત કરનાર અને સાંભળનાર બંનેને દુનિયા અને આખેરતમાં બેઈજ્જત કરી આપશે.

# ચાંદ જોવું ઈબાદત છે !

વર્તમાન ઈસ્લામી જગત હતાશાભરી જિંદગી ગુજારી રહ્યો છે તેને દરેક ક્ષેત્રે પોતાની કમજોરી તથા બદ્‌હાલીનો એહસાસ પરેશાન કરતો રહે છે, જેના પરિણામે મુસલમાનો જેવી રીતે સામાન્ય બાબતોમાં ગૈર ઈસ્લામી જીવનશૈલીને અપનાવી લે છે તેવી જ રીતે ઉલ્મા કહેવાતા એક વર્ગની પણ એ કોશિશ રહી છે કે સ્વીકૃત અસ્વીકૃત, સ્પષ્ટ અસ્પષ્ટ દરેક મસ્અલામાં પોતાની ઈજતેહાદી મહારત અપનાવી વાહ વાહ વહોરી લે. જ્યારે કે તેમનું આ પગલું શરીઅત વિરુધ્ધ એક દુઃસાહસ છે. જેમ કે રમઝાન અને ઈદના પ્રસંગે (ચાંદ) તારીખને નિશ્ચિત કરવામાં મોટા ભાગે વિખવાદ ઉભો થતો રહ્યો, પરંતુ હદીષે પાકના સ્પષ્ટ કાનૂન હેઠળ સરળતાથી તેનો ઉપાય પણ કરી લેવામાં આવતો કે જેમણે ચાંદ જોયો તેઓ એ જ પ્રમાણે કરે અને જે વિસ્તારમાં ચાંદ ન જોઈ શકાયો તેઓ ત્રીસની ગણત્રી પૂરી કરી લે.

ઉત્તર અમેરિકાની એક મોટી સંસ્થા (INSA)ના એડવાન્સ ખયાલવાળા ચિંતકોએ એક તુક્કો છોડયો કે, "ચાંદ જોવું ઈબાદત નથી !" એવું કેલેન્ડર બનાવવામાં આવે જેના આધારે ચાંદ, તારીખ કાયમ માટે નક્કી કરી લેવામાં આવે તો આ પ્રમાણે રમઝાન અને ઈદના ચાંદમાં વાદવિવાદ જ ઊભો થશે નહીં.

આ પ્રકરણમાં તેમણે ચાંદ જોવા બાબતની હદીષોની ખોટી સમજૂતી તથા અર્થના અનર્થ પણ કર્યા.

તેમણે હદીષ પાક إنَّا أمَّةٌ أمِّيَةٌ لَا نَكْتُبُ وَلَا نَحْسِبُ (સહીહ મુસ્લિમ)ને "હદીષે રૂયત"નું કારણ (ઈલ્લત) અને ખુલાસો ઠરાવી કહ્યું કે હદીષનો અર્થ એ છે કે જ્યારે લોકો ગણિત ખગોળશાસ્ત્ર અને જ્યોતિષવિદ્યાના નિષ્ણાત થઈ જાય તો ચાંદ પર આધાર રાખવાની કોઈ જરૂરત નથી. ખગોળશાસ્ત્ર અને જ્યોતિષવિદ્યાના આધારે તારીખ નક્કી કરી લેવી જ પૂરતી છે. એ ઉપરાંત તેમણે એક તાબઈ હઝરત મુત્રિફ બિન અબ્દુલ્લાહ અને અમુક શાફઈ ઉલ્માના કથનો પણ રજૂ કર્યા. INSAના આ એલાન પર અમેરિકી મુસલમાનોમાં હલચલ મચી ગઈ અને ઈસ્લામના નામે દરેક વિચારશ્રેણીના લોકોએ પોત પોતાની રીતે તેનો વિરોધ પણ કર્યો.

આપણા હિંદુસ્તાનમાં પણ રમઝાન અને ઈદના મૌકા પર આવા જ તુક્કા છોડવામાં આવતા રહે છે.

"રૂયતે હિલાલ" (ચાંદ જોવા)થી સંબંધિત ચારેવ મઝહબો (હન્ફી, શાફઈ વિગેરે) સહિત નવા પૂરાણા સર્વ ફિક્હી મઝહબોનો સવિસ્તાર અભ્યાસ કર્યા બાદ તારણ એ નીકળે છે કે આ મસ્અલામાં કોઈ વિવરણ, સ્પષ્ટીકરણ કે સમજૂતીની જરૂરત નથી. એનું કારણ બુખારી, મુસ્લિમ ઉપરાંત કેટલીયે કિતાબોમાં રિવાયત થયેલ હદીષે પાકના એ સ્પષ્ટ શબ્દો છે જે કોઈપણ સંજોગોમાં "રૂયત"ને જોવામાં અર્થમાં ન લેવાની કદાપી ઈજાઝત નથી આપતા. વળી (રૂયતના) વાસ્તવિક અર્થ (હકીકી માયના) પર અમલ કરવો પણ શક્ય છે માટે (ઉસૂલે હદીષના) કાયદા મુજબ જ્યાં સુધી વાસ્તવિક અર્થ પર અમલ શક્ય હશે બીજો કોઈ અર્થ કરવો જાઈઝ નથી.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે નબીએ કરીમ ﷺએ રમઝાનનું વર્ણન કરતાં ફર્માવ્યું, ચાંદ જોયા વિના ન તો રોઝો રાખો ન ઈદ કરો, જો આકાશ વાદળમય હોય તો ગણત્રી પૂરી કરી લો. *(બુખારી શરીફ, હદીષ નં. ૧૮૦૭)*

ઈમામ મુસ્લિમે આ જ પ્રમાણેની એક હદીષ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી છે પરંતુ

☾★ લેખક : મૌલાના મન્ઝરુલ્ ઈસ્લામ અઝહરી ★☽

રજૂઆત : મૌલાના મુહમ્મદ ઈમરાન રઝા *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકતે ખ્વાજા—આમોદ)*

તેના અંતમાં આ પ્રમાણે છે કે આસ્માન વાદળમય હોય તો શાબાનની ગણત્રી ત્રીસ પૂરી કરી લો. *(મુસ્લિમ શરીફ)*

આટલી સ્પષ્ટ હદીષે પાક હોવા છતાં કોઈ એવું કહે કે, "આ હદીષમાં "રૂયત" જોવાના અર્થમાં નથી માટે ચાંદ જોવું ઈબાદત પણ નહીં થાય." આ તેની પોતાની સમજ તો હોય શકે છે પરંતુ હદીષે પાકની તર્જુમાની નથી હોઈ શકતી.

એ જ રીતે હદીષે પાક أُمَّةٌ أُمِّيَّةٌને દલીલ બનાવી આમ કહેવું કે આ હદીષનો મતલબ એ છે કે જે જમાનામાં આવું કહેવામાં આવ્યું તે જમાનો પ્રગતિશીલ ન હતો, સામાન્યતઃ અરબો હિસાબ કિતાબનું જ્ઞાન ધરાવતા ન હતા એટલા માટે (હદીષમાં) આમ ફર્માવવામાં આવ્યું, પરંતુ જ્યારે પ્રગતિ થઈ જાય, લોકોને હિસાબ કિતાબમાં નિપૂણતા પ્રાપ્ત થઈ જાય તો તે સમયે હિસાબ કિતાબ પર જ અમલ કરવામાં આવશે અને રોઝા તથા ઈદનો આધાર ચાંદ જોવા પર નહીં થાય. હદીષે પાકનો આવો અર્થ કરવો હદીષના અર્થમાં ઉઘાડી તેહ્રીફ (ફેરફાર) છે. આ હદીષનો સહીહ અર્થ ઈમામ કુ્રતબી (હિ.સ. ૯૧૧)ના હવાલાથી અલ્લામા સિયૂતીએ નકલ કર્યો છે કે આપણે હિસાબ કિતાબના જમેલામાં પડવાની જરૂરત નથી. *(અદીબાજ, ૩/૮૮૫ દારે ઈબ્ને અફ્ફાન સઊદીયા)*

હદીષનો અર્થ એ નથી કે આપણને હિસાબ કિતાબ નથી આવડતો એટલા માટે ચાંદ જોવો જોઈએ, માટે જમાનો કેટલીયે પ્રગતિ કેમ ન કરી લે, લોકો ખગોળશાસ્ત્ર અને જ્યોતિષવિદ્યામાં સંપૂર્ણ પારંગતતા પણ પ્રાપ્ત કરી લે તો પણ હદીષનો મતલબ એ જ રહેશે કે આપણે અન્ય ઝંઝટમાં પડવાની જરૂરત નથી.

આ મસ્અલામાં રાફઝીઓ સિવાય આખા ઈસ્લામી ઈતિહાસમાં ત્રણ એવી વ્યક્તિઓ છે જેમણે ગણિતશાસ્ત્ર અથવા જ્યોતિષવિદ્યા પર ભરોસો કરી ચાંદ તારીખ નક્કી કરવાને પણ અપનાવ્યું. ત્રણમાંથીય એકનો પક્ષ વિરોધાભાસી છે એટલા માટે કે ક્યારેક તેણે બધા જ માટે જ્યોતિષવિદ્યા પર ભરોસો કરવાનું અનિવાર્ય ઠરાવ્યું તો ક્યારેક માત્ર જ્યોતિષો કે જ્યોતિષવિદ્યાના માહિરો માટે તેના આધારે કરવાને જરૂરી કહ્યું. પરંતુ આપણા પૂર્વજ ઉલમા જેમ કે અલ્લામા ઈબ્ને અબ્દુલ્બર્ર માલિકી (હિ. ૪૬૩), અલ્લામા હાફિઝ ઈબ્ને હજર શાફઈ (હિ.સ. ૮૫૨) અને ઈમામ કુ્રતબીએ આ વિચારને એવું કહી નકારી કાઢયો કે ઈજમાઅ (એટલે ઉમ્મતના ઉલમાની સહમતિ) એના વિરુધ્ધ છે, આમ કહેવાવાળો ઈજમાઅને તોડનાર છે.

હદીષે પાક صُومُوا لِرُؤْيَتِهِની સમજૂતી આપતાં અલ્લામા ઈબ્ને હજર ફર્માવે છે, (ભાવાર્થ) : નબીએ કરીમ ﷺએ રોઝા વિગેરેનો હુકમ ચાંદ જોવા પર એટલા માટે આધારિત ફર્માવ્યો કે લોકોને હિસાબ કિતાબની બારીકીઓથી બચાવી શકાય. ભલે કોઈ જમાનામાં ગણિતના નિષ્ણાતો પેદા થઈ જાય તો પણ રોઝાથી સંબંધિત ચાંદ જોવાનો હુકમ બાકી રહેશે. બલ્કે હદીષે પાકના જાહેરી વર્ણનથી તો એ સ્પષ્ટ થાય છે કે કદાપી કોઈ જમાનામાં પણ હિસાબ કિતાબ પર ભરોસો કરવામાં ન આવે. આની સમજૂતી આગળ વર્ણાએલા હદીષના આ શબ્દોથી થાય છે, "જો આકાશ વાદળમય હોય તો ત્રીસની ગણત્રી પૂરી કરી લો." નબીએ કરીમ ﷺએ એવું ન ફર્માવ્યું કે, "આસ્માન વાદળમય હોય તો ગણિતશાસ્ત્રના નિષ્ણાતોથી પૂછો." આમાં હિકમત એ છે કે જ્યારે આસ્માન વાદળમય હશે તો ઓગણત્રીસ કે ત્રીસની સંખ્યાથી સંબંધિત બધા લોકોનો હુકમ એક જ થશે. એમ નહીં કે કોઈને ચાંદ દેખાય અને કોઈને નહીં. એટલા માટે એ હુકમ આપવામાં આવ્યો કે ત્રીસની ગણત્રી પૂરી કરી લેવામાં આવે જેથી વિવાદનો કોઈ અંશ પણ ન રહે. અમુક લોકોએ અંકશાસ્ત્રના માહિતગારોથી મદદ લેવાની વાત કરી છે. વાસ્તવમાં તેઓ રાફઝી છે, કેટલાક ફુક્હાએ પણ તેમનાથી સહમતિ કરી. ઈબ્ને

બઝીઝાએ કહ્યું કે ગણિતવિદોથી સહાય લેવાની વાત ગલત છે. શરીઅતે આપણને જ્યોતિષવિદ્યામાં વિચારવિમર્શ કરવાથી મના ફર્માવ્યું છે કારણ કે તેનો પાયો અનુમાન પર હોય છે, યક઼ીન તો દૂર જન્ને ગ઼ાલિબ (પાકા ગુમાન)ની પણ ગુંજાઈશ નથી હોતી.

ઈબ્ને બત્તાલે કહ્યું, "હદીષમાં ભષ્વિયવેત્તાઓના અનુકરણથી મના કરવામાં આવ્યું છે આ (રમઝાન અને ઈદ વિગેરેની) બાબતે ચાંદ જોવા પર જ ભરોસો કરવામાં આવશે. હિસાબના જમેલામાં પડવાની કોઈ જરૂરત નથી. અસ્પષ્ટ વસ્તુઓની જાણકારી માટે એટલી ભાગદોડ કરવામાં આવે કે માત્ર અનુમાન દ્વારા તેનું જ્ઞાન થઈ શકે એ યક઼ીનન વધારે પડતુ."

અમુક લોકોએ فَاقْدِرُوْالَهُનું અર્થઘટન કરી કહ્યું કે આનો મતલબ એ છે કે ચાંદના ભ્રમણના હિસાબથી તેની સંખ્યા નક્કી કરી લેવામાં આવે. આ કથન મુત્રિફ બિન અબ્દુલ્લાહ તાબઈ, અબ્દુલ્ અબ્બાસ બિન સરીજ શાફઈ અને મુહદ્દિષ ઈબ્ને કુતૈબાનું છે પરંતુ ઈબ્ને અબ્દુલબર્રએ એને એવું કહી રદ કરી દીધું કે મુત્રિફથી સંબંધિત કથન સહીહ નથી. અને આવા મસાઈલમાં ઈબ્ને કુતૈબા પર પણ ભરોસો નહીં કરી શકાય. ઈબ્ને ખુવૈઝ, ઈબ્ને સરીજનું દષ્ટાંત ઈમામ શાફઈના હવાલાથી નકલ કર્યું છે જ્યારે કે આ મસ્અલામાં ઈમામ શાફઈનું દષ્ટાંત એ જ છે જે જમ્હૂર ઉલ્માનું છે. *(ફત્હુલ્બારી, ૪/૧૨૦ બૈરૂત)*

થોડે આગળ અલ્લામા ઈબ્ને હજર, ઈબ્ને સરીજના કથનમાં વિરોધાભાસ બયાન કરતાં ફર્માવે છે, "ઈબ્ને સરીજથી મરવી છે કે હદીષના આ શબ્દો "فَاقْدِرُوْالَهُ" તે વ્યક્તિથી સંબંધિત છે જેને અલ્લાહ તઆલાએ આ (ગણિત શાસ્ત્રનો) ઈલ્મ અતા ફર્માવ્યો અને فَاَكْمِلُوْا الْعِدَّةَ સામાન્ય લોકોથી સંબંધિત છે." અલ્લામા ઈબ્ને અરબી ફર્માવે છે કે ઈબ્ને સરીજના નજદીક રમઝાનના (રોઝા)નું વાજિબ થવું દ્વીઅર્થી થઈ ગયું, કારણ કે અમુક લોકો પર ચાંદ સૂરજના હિસાબના આધારે તેને જાણવું અનિવાર્ય થયું જ્યારે કે બીજા અમુક લોકો માટે ગણત્રી પર આધાર જરૂરી કરવામાં આવ્યો. આવા (વિરોધાભાસી) કથનો વિધ્વાનોના લાયક નથી. *(હવાલો આગળ મુજબ)*

અલ્લામા ક઼ુરતબીએ પણ પોતાની તફસીરમાં બરાબર આ જ પક્ષ બયાન કર્યો પછી વિવિધ શાફઈ ઉલ્માના હવાલાથી એમ કહી એ કથનોને નકારી કાઢયાં કે આ કથનો પર ભરોસો કરવાની કોઈ ગુંજાઈશ નથી કારણ કે તેમના વિરુધ્ધ દલીલ "ઈજમાઅ" છે. *(વધુ જાણકારી માટે જુઓ તફસીરે ક઼ુરતબી, ૧/૨૯૩, પ્રકાશન દારુશ્શોઅબ, ક઼ાહેરા, મિશ્ર)*

આ સંદર્ભમાં ફુક઼્હાએ કિરામના એ ક઼ાયદાને પણ ત્યજવામાં નહીં આવે કે :–

مَا يَتِمُّ بِهِ الْوَاجِبُ فَهُوَ وَاجِبٌ "જેના દ્વારા વાજિબ સુધી પહોંચ થાય તે પણ વાજિબ છે. એ જ કારણે ફુક઼્હાએ કિરામે ચાંદ જોવું ફર્ઝે કિફાયા ઠરાવ્યું અને તેની (ચાંદ જોવાની) વ્યવસ્થા કરવાવાળાઓને અજરો સવાબના મુસ્તહિક઼ બતાવ્યા.

સારાંશ એ કે (૧) ચાંદ જોવું ઈબાદત છે કારણ કે હદીષે રસૂલ ﷺથી એનું સુબૂત મળે છે અને તેના ઈબાદત હોવાનો ઈન્કાર શરીઅત પર દિલેરી છે. (૨) સંપૂર્ણ ઈસ્લામી ઈતિહાસમાં જે લોકોએ હિસાબ કિતાબ પર ભરોસો કરવાની વાત કરી તેઓ તરફ એ કથનોની નિસ્બત ક્યાં તો શંકાસ્પદ છે, ક્યાં એ કથનોમાં વિરોધાભાસ છે માટે એ અસ્વીકાર્ય છે. (૩) હિસાબનો આધાર કરવાવાળા ઉલ્માએ (ચાંદ જોવાના) ઈબાદત હોવાનો ઈન્કાર નથી કર્યો જ્યારે કે આજે જે લોકો હિસાબ પર આધાર કરવાની વાત કરે છે તેઓ "રૂયત"ના ઈબાદત હોવાનો ઈન્કાર કરે છે. (૪) ભૂતકાળમાં જેઓએ હિસાબનો એ'તેબાર કર્યો તેમના વિરુધ્ધ "ઈજમાઅ" દલીલ છે અને વર્તમાનયુગમાં તથા ભવિષ્યમાં પણ તેનું દલીલપણુ બાક઼ી રહેશે.

# અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ની શાન સંબંધે...

# મર્યાદા ભંગ કરનારાઓને લાલબત્તી !

લેખક : મુસન્નિફે તસાનિફે કષીરા
**હઝરત અલ્લામા અબ્દુલહકીમ શરફ કાદરી** رحمۃ اللہ علیہ

સંપાદક : મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

*પ્રસ્તુત લેખમાં સુન્ની આલમની મહાન હસ્તી પુષ્કળ કિતાબોના લેખક* **હઝરત અલ્લામા અબ્દુલહકીમ શરફ કાદરી (પાક.)** *رحمۃ اللہ علیہના અનુભવોનું વર્ણન વાંચો અને આપણા સુન્ની સમાજમાં કહેવાતા સુન્નીઓમાં ફેલાયેલા દુષણોને દૂર કરવા પ્રયાસ કરશો. મને પોતાને પણ આવા અમુક અનુભવ થયેલા છે, જેમ કે એક મુકર્રિર વલીની તારીફમાં બોલી રહ્યા હતા. બોલતાં બોલતાં કહી દીધું કે, ''વલી કો યે તાકત હૈ, યે ઈખ્તિયાર હૈ....અને છેલ્લે કહી દીધું કે, ઈસમેં અલ્લાહ કી કોઈ દખલ નહીં !'' આ વાત ગલત બલ્કે તૌબા કરવી પડે તેવું વાક્ય છે, કેમ કે બેશક ! વલીને પુષ્કળ ઈખ્તિયાર છે પણ તે સર્વ અલ્લાહના જ આપેલા છે, એ અકીદો નહીં હોય તો ઈમાન જશે. બીજો એક મુકર્રિરે બયાનમાં જોશભેર કયામતનો મંઝર રજૂ કર્યો કે સર્વ નફસી નફસીના આલમમાં હશે, દરેક નબી બીજા પાસે મોકલશે, હઝરત ઈસા علیہ السلام મેહશરવાળાને નબી કરીમ ﷺ પાસે મોકલશે અને હુઝૂર ﷺ સિજદામાં સર રાખીને દુઆ કરશે. પછી ઓચિંતા બોલ્યા, ''અય ખુદા ! તુઝે બોલના પડેગા !'' ભાઈઓ ! અલ્લાહે નબી પાક ﷺને શફાઅતનો મર્તબો તથા અન્ય ખૂબ મર્તબા આપ્યા પણ અલ્લાહ પર કોઈ વસ્તુ વાજિબ નથી, તે તો બેનિયાઝ છે જેથી તેની શાનમાં આ ઢંગથી આવા શબ્દો ન બોલવા જોઈએ. કેટલાક મેઅરાજના બયાનમાં બોલી ઉઠે છે કે, ''આજ તક મુઝે અલ્લાહ કી ઝરૂરત થી, આજ અલ્લાહને મુઝે બુલાયા હૈ, આજ અલ્લાહ કો મેરી ઝરૂરત હૈ !'' જોયું ! અરે ભાઈ ! અલ્લાહની શાન તો વિચારો ! અલ્લાહને કોઈની જરૂરત નથી, તે તો જરૂરતથી પાક છે. હા ! પોતાના નબી ﷺનો મર્તબો તે દર્શાવી રહ્યો છે અને પોતાના મહબૂબ પ્રતિની મહોબ્બત અહીં જાહેર થઈ રહી છે તો કહો કે, અલ્લાહ અપને મહબૂબ કા મુશ્તાક હૈ.... વગેરે. (જેમ કે વિશ્વાસુ ઉલમા કહે છે સારાંશ આવી વાતોથી બાતિલ ફિર્કાવાળાઓને પબ્લિકને ગુમરાહ કરવાનો હાથો મળી જાય છે, જ્યારે કે સુન્નિયતને એ વાતો સાથે શું સંબંધ ?! –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

તમામ ખૂબીઓ તથા પ્રસંશાઓ અલ્લાહ તઆલાના માટે જ જેણે આપણને મસ્લકે અહલે સુન્નત વ જમાઅતના મુતાબિક સાચા (સહીહ) અકીદાઓ અપનાવવાની તૌફીક અતા કરી અને દુરૂદો સલામ નાઝિલ થાય આપણા મહેરબાન રહમતવાળા આકા વ મૌલા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ તથા આપની આલ અને આપના સહાબા ઉપર رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن.

આજના યુગમાં સહી (સત્ય) અકીદાઓ ઉપર અડગ રહેવું એ અલ્લાહ તઆલાની ઘણી મોટી નેઅમત છે, અને જેને નેક અમલોની તૌફીક પણ મળી જાય તો તેને જોઈએ કે શુક્રના સજદા બજાવી લાવે. અકીદાઓનું સહી હોવું એ જ નેક અમલોની કબૂલિયતનું મૂળ છે, નહીં તો નેક અમલો ગમે તેટલા કેમ ન હોય કોઈ પણ કામના નહીં રહે. અને જેને સાચા અને સહીહ અકીદાની પૈરવી નસીબ થઈ જાય તેણે ફર્ઝો તથા વાજિબો પછી નવાફિલ તથા મુસ્તહબ અમલોની તરફ ઘણા આયોજનપૂર્વક ધ્યાન આપવું જોઈએ. અને બેકાર મકસદ વિનાનાં કામોથી પરહેઝ કરવો જોઈએ. કેમ કે સરકારે દો આલમ ﷺનું ફર્માને આલીશાન છે, (અર્થાત) : ''આદમીના ઈસ્લામ (લાવવાની) ખૂબી એ છે કે તે બેકાર, મકસદ વિનાની વસ્તુઓને ત્યાગી આપે.'' અલ્લાહ તઆલા جل جلاله અને તેના હબીબ ﷺની મહોબ્બત ઈમાનની જાન છે, એટલા માટે મો'મિન બંદાએ અલ્લાહ

તબારક વ તઆલાની હમ્દો ષના અને તેના ઝિક્રની તરફ ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

ત્યાર બાદ હુઝૂર ﷺની નઅત શરીફ લખવાનું, સાંભળવાનું તેમજ સંભળાવવાનું આયોજન કરવું જોઈએ. એવું ન થાય કે હુઝૂર ﷺની મહોબ્બતને તો (જાગૃત) કરવામાં આવે અને આપ ﷺની નઅત સાંભળવા તથા સંભળાવવામાં આવે પરંતુ અલ્લાહ તઆલાના ઝિક્ર અને તેની ખશિય્યત (ખૌફ)ને ભૂલી જવામાં આવે. અને એવું પણ ન હોવું જોઈએ કે મુસ્તહબ વાતોને તો મજબૂતીથી અપનાવવામાં આવે પરંતુ ફર્ઝો તથા વાજિબોને અહમિયત (મહત્વ) ન આપવામાં આવે. આ બધી વાતો કોઈ પણ પ્રકારે યોગ્ય તથા દુરુસ્ત નથી. કેમ કે ઈમાન માત્ર ઉમ્મીદોનું નામ નથી, પરંતુ ઈમાન તો ખૌફ (ડર) અને ઉમ્મીદોની વચમાં છે.

રાકિમુલ હુરૂફ (લેખક પોતે)ની આંખો સમક્ષ અમુક લોકોના કેટલાયે એવા મામલાઓ તેમજ કથનો આવ્યાં જેની ઈસ્લાહ ઘણી જરૂરી હતી. અલ્લાહ તઆલાની તૌફીક્થી અમુક કામોની ઈસ્લાહ તરફ મૌક઼ાસર જ ધ્યાન દોર્યું, જ્યારે કે અમુક અન્ય વાતો તથા મામલાઓની ઈસ્લાહ અંગે અમુક લખાણો (લેખો) લખવા પડયા જેમ કે, (૧) હદીષ શરીફમાં ઈમામ માટે હિદાયત કરવામાં આવી છે કે બીમાર તેમજ હાજતવાળાઓનો ખયાલ રાખવામાં આવે અને સુન્નત મુજબની માત્રા (હદીષોમાં જ માપ વર્ણન કરવામાં આવ્યું છે)થી લાંબી ક઼િર્અત ન કરવામાં આવે. આજ હિદાયત સલામમાં પણ ધ્યાનમાં રાખવી જોઈએ અને વધારે અશ્આર ન પઢવામાં આવે કે જેથી વધુથી વધુ સંખ્યામાં અહલે મહોબ્બત, શોખ તથા રૂચીની સાથે શરીક થઈ શકે. તેમજ ગાંઠ લગાડી લગાડીને (એટલે કે એક સાથે બીજી સલામ અને એક શેઅર સાથે વધારાનો અન્ય શેઅર) બીજા અન્ય અશ્આર પઢવાથી પણ પરહેઝ કરવો જોઈએ.

એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે સામાન્યતઃ શરૂઆત તો "સલામે રઝા"થી કરવામાં આવે છે પરંતુ દરમ્યાનમાં પોતાના બનાવેલા અશ્આર અથવા બીજા કોઈ ચાલુ શાયરના અશ્આર પઢવાનું ચાલુ કરી દેવામાં આવે છે, જે અશ્આર શેઅરની કસોટી ઉપર પણ પૂરેપૂરા ઉતરતા નથી !

જેમ કે;

**વો હમારે નબી હમ ઉનકે ઉમ્મતી**
**ઉમ્મતી તેરી ક઼િસ્મત પે લાખોં સલામ**

તેની જગ્યાએ આ'લા હઝરતનો આ શેર પઢો :—

**એક મેરા હી રહમત મેં દાવા નહીં**
**શાહ કી સારી ઉમ્મત પે લાખોં સલામ**

ઉપરોક્ત લખાણના અનુસંધાનમાં કેટલાક પ્રસંગો રજૂ કરીએ છીએ, જેમાં ક઼ૌમની ઈસ્લાહ સિવાય કોઈ હેતુ નથી અલ્લાહ ﷻ સૌને સાચી સમજ આપે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :—

وَلْتَكُنْ مِّنْكُمْ اُمَّةٌ يَّدْعُوْنَ اِلَى الْخَيْرِ وَ يَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ
وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَيُسَارِعُوْنَ فِى الْخَيْرَاتِ

એટલે કે તમારામાં એક જમાઅત (વર્ગ) હોવી જોઈએ જે ભલાઈઓની તરફ આમંત્રિત કરે અને નેકીનો હુકમ આપે અને બુરાઈથી રોકે તથા ભલાઈનાં કાર્યોમાં જલ્દી કરે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે "તમારામાંથી જે માણસ કોઈ બુરાઈ જુએ તેને જોઈએ કે તે બુરાઈને પોતાના હાથ વડે સુધારે. જો હાથથી સુધારી ન શકે તો ઝબાન (જીભ)થી રોકે અને જો એવું પણ ન કરી શકે તો દિલથી તેને બુરુ માને, અને આ સૌથી કમજોર ઈમાન છે." *(મિશ્ક઼ાત શરીફ, પેજ—૪૩૬)*

આ જ જઝબા હેઠળ મેં (લેખકે) એક લેખ લખ્યો જેનું શિર્ષક "ખુદા કો યાદ કરે પ્યારે" રાખ્યું. આ વિષયમાં અમુક લોકોના અયોગ્ય તથા નામુનાસિબ ઢંગ, રીત તથા અંદાઝની તરફ ઈશારો કર્યા છે અને મુસલમાન ભાઈઓનું ધ્યાન એ તરફ દોરવાની કોશિશ કરી કે સર્વ હેતુઓનો ધ્યેય અને તમામ મર્યાદાઓની અંતિમ મર્યાદા (સીમા) અલ્લાહ

તઆલાની બારગાહ છે. જ્યારે કે ઘણા લોકો એવા છે જેઓ અલ્લાહ તઆલા તરફ ધ્યાન જ નથી આપતા અને જો આપે પણ છે તો હોવું જોઈએ એ રીતે નહીં. જો કે આ વાત વાસ્તવમાં અલ્લાહની શાનના લાયક નથી. અલ્હમ્દુલિલ્લાહ ! ઘણા આલિમોએ ફક઼ીરની રજૂઆતોને મક઼બૂલિયતના પાત્ર હોવાની સંપૂર્ણ સહમતિ વ્યક્ત કરી છે. આ વિષયે અધિક રજૂઆતો વાંચો :–

## અલ્લાહની શાનનો તો ખયાલ કરો !

"હમણાં બે મહિના અગાઉ એક માસિકમાં એક ફાઝિલની તક઼રીર પ્રસિદ્ધ થઈ જેનો વિષય હતો, 'રબ કા વઝીફા' (અલ્લાહનો વઝીફો) તેના હેઠળ લખ્યું હતું કે દરેકનો કોઈ ન કોઈ વઝીફો હોય છે. મેં રબ્બે કરીમને પૂછયું કે, હે અલ્લાહ ! તું શું કરે છે ? શું તું વરસાદ વરસાવે છે ? બેશક ! તું વરસાદ વરસાવે છે, પરંતુ આ કામ તો તેં ફરિશ્તાઓને સુપરત કરી રાખ્યું છે ? શું તું સૂરજ ઉગાડે છે ? અથવા સૂરજ ડૂબાડે છે ? મૃત્યુના સમયે રૂહ કબ્ઝ કરે છે ? આ સર્વ કામો તો તેં ફરિશ્તાઓના હવાલે કરી નાખ્યાં છે ! હે અલ્લાહ ! તું શું કરે છે ? રબ્બે કરીમે ફર્માવ્યું, મેં તમામ કાર્યો ફરિશ્તાઓના સુપરત કરી દીધાં છે અને હું પોતે ફારિગ (મુક્ત) થઈને એક જ કામ કરું છું અને તે એ છે કે, "હું મારા મેહબૂબની પ્રશંસા (તારીફ) કરું છું !"

શું આ કોઈ આયતનો તર્જુમો છે ? અથવા કોઈ હદીષનો મતલબ (ભાવાર્થ) છે ? જો એ દુરુસ્ત (યોગ્ય) હોય તો كُلَّ يَوۡمٍ هُوَ فِىۡ شَاۡنٍ "તે દરેક ક્ષણે નવી શાનમાં છે." خَالِقُ كُلِّ شَىۡءٍ "તે દરેક વસ્તુનો ખાલિક (સર્જનહાર) છે."નો શું મતલબ છે ?

વાસ્તવમાં દરેક વસ્તુ અનઅસ્તિત્વમાંથી અસ્તિત્વમાં આવવા માટે અલ્લાહ કરીમની મોહતાજ છે. ત્યારબાદ તે વસ્તુ બાકી રહેવા માટે પણ દરેક ઘડી તેની મોહતાજ છે.

એક મેહફિલમાં મેં (મુખ્ય લેખકે) આ પેરેગ્રાફ હાજરજનોનું ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેમને સંભળાવ્યો તો કેટલાક સાંભળનારા કહેવા લાગ્યા, સુબ્હાનલ્લાહ ! મેં કહ્યું, આ સુબ્હાનલ્લાહ ! કહેવાનો મૌક઼ો નથી ! આ તો "ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન" કહેવાનો મૌક઼ો છે. ત્યાર બાદ તે ફાઝિલ મુક઼ર્રિર સાહબે તક઼રીરનો અધિક કમાલ દેખાડતાં આગળ કહ્યું, "જો હું આમ કહું કે અલ્લાહ તઆલા આ વાતમાં આપણો હમઝોક઼ (એક સરખા શોકવાળો) છે, તો તેમાં કોઈ વાંધો નથી !" (શું અલ્લાહની શાનમાં આ શબ્દો યોગ્ય છે ?!) કઈ કઈ વાતોનું વર્ણન કરવામાં આવે.

## હરમૈન શરીફૈન ચલેં ! કહો

થોડાક દિવસો પહેલાં મુલ્તાન રોડ ઉપરથી પસાર થયો. ઉમરાનું બેનર લાગેલું જોયું તેની ઉપર લખ્યું હતું, "આઓ મદીને ચલે !"

હું વિચારતો રહી ગયો કે ઉમરા તો મક્કા મોઅઝ્ઝમામાં કરવામાં આવે છે તેનું તો નામ પણ ન લેવામાં આવ્યું ! મદીના મુનવ્વરામાં તો હુઝૂર સૈયદે આલમ ﷺની બારગાહે નાઝમાં સલાતો સલામની સોગાત અર્પણ કરવામાં માટે અને શફાઅતની દરખાસ્ત (અરજી) કરવા માટે હાજરી આપવામાં આવે છે, એટલા માટે આમ લખવું જોઈએ કે, "આઓ હરમૈન શરીફૈન ચલે !" અથવા "મક્કા મદીના ચલેં !" ભૂતકાળમાં જ્યારે આદમીને કોઈની વાત સારી લાગતી હતી તો કહેવામાં આવતું હતું કે, "તેરી આવાઝ મક્કે મદીને !" એટલે કે અલ્લાહ તઆલા તમને હરમૈન શરીફૈનની હાજરી નસીબ ફર્માવે. પરંતુ હવે આવાં વાક્યો પણ સાંભળવામાં નથી મળતાં.

એ પણ સાંભળવામાં આવ્યું છે કે કોઈ વ્યક્તિ હરમૈન શરીફૈન જવા માટે રવાના થઈ રહ્યો હોય તો તેને કહેવામાં આવે છે કે, "મદીના શરીફમાં મારા માટે દુઆ કરજો !" જો કે મક્કા મોઅઝ્ઝમા પણ દુઆઓની મક઼બૂલિયતના અસંખ્ય સ્થાનોથી ભર્યું પડેલું છે જેથી આ પ્રમાણે કહેવું જોઈએ કે "હરમૈન શરીફૈન"માં મારા માટે દુઆ કરજો, અને સરકારે

દો આલમ ﷺની બારગાહમાં હકીર નાચીઝના તરફથી સલાતો સલામનું નઝરાણુ પેશ કરી આપજો....વગેરે.

## એવું ન બોલો જેમાં અદબ ચૂકી જાવ !

એકવાર જામેઅ મસ્જિદ, ઉમર રોડ ઈસ્લામપૂરામાં મીલાદ શરીફનો જલ્સો હતો. હુ (મૂળ લેખક) મુકર્રિરની હૈસિયતથી તે મેહફિલમાં હાજર હતો. ત્યાં એક મૌલાનાએ તક્રીર કરતાં કરતાં એક શેઅર કહ્યો જેનો ભાવાર્થ એ હતો કે હઝરત યૂસુફ علیہ السلامના રૂપ તથા ખૂબસૂરતીની નબીએ અકરમ ﷺના હુસ્ન તથા ખૂબસૂરતી સાથે શું નિસ્બત ?!

''વો મહબૂબે ઝુલેખાં થે યે મહબૂબે ખુદા ઠહેરે.'' મને તેમની આ ઢબ (રીત) સારી ન લાગી તો પણ હું ચૂપ રહ્યો. ત્યારબાદ પંજાબ કાઉન્સિલ લાહોરના ચેરમેન સાહબ માઈક પર આવ્યા અને તક્રીર કરતાં કરતાં કહેવા લાગ્યા કે ''નબીએ અકરમ ﷺ ન હોત તો કાંઈ પણ ન હોત, ન જમીન હોત, ન આસ્માન હોત, ન જન્નત હોત, ન દોઝખ હોત. ત્યાં સુધી કે અલ્લાહ તઆલા પણ ન હોત !'' (મઆઝલ્લાહ !) ચેરમેન સાહબે આગળ કહ્યું, ''દરેક વસ્તુ નબીએ અકરમ ﷺની મોહતાજ છે તથા આપની રહમત હેઠળ સામેલ છે.'' કેટલીયે વસ્તુઓનાં નામ ગણાવીને કહેવા લાગ્યા કે, ''અલ્લાહ તઆલા પણ હુઝૂર ﷺનો મોહતાજ છે ! અને આપ ﷺની રહમત હેઠળ દાખલ (સામેલ) છે !'' (મઆઝલ્લાહ !)

આ સાંભળીને મારી સબ્રનો બંધ તૂટી ગયો અને મેં માઈક પર આવીને કહ્યું, ''હઝરાતે ગિરામી ! જો કે મારો તક્રીરનો પ્રોગ્રામ નથી તો પણ અમુક જરૂરી વાતો આપની સમક્ષ રજૂ કરવા માંગું છું : (૧) અમુક શાયરો આમ કહી આપે છે કે હઝરત યૂસુફ علیہ السلامના હુસ્નની સરકાર ﷺના હુસ્ન સાથે શું નિસ્બત ?! કે, વો મહબૂબે ઝુલેખાં થે યે મહબૂબે ખુદા ઠહેરે.

આ રીત તથા સંબોધન હઝરત યૂસુફ علیہ السلامની શાનના યોગ્ય નથી, તે તો દુનિયાના મહબૂબોના ઈંતેખાબ (પસંદગી) હતા અને આપણા આકા વ મૌલા ﷺ ઈંતેખાબોના ઈંતેખાબ છે.

## અલ્લાહ કોઈનો મોહતાજ નથી !

વળી ચેરમેન સાહબે કહ્યું કે હુઝૂર ﷺ ન હોત તો અલ્લાહ તઆલા પણ ન હોત. આ બેશક ! ગલત (ખોટુ) છે. અલ્લાહ તઆલા વાજિબુલ્ વુજૂદ (સ્વંયભૂ) છે. જેના મઅદૂમ હોવાની (અનઅસ્તિત્વ, ન હોવાની) કોઈ શક્યતા જ નથી, તેના ઉપર અનઅસ્તિત્વની સ્થિતિ સર્જાય જ નથી શકતી. સરકારે દો આલમ ﷺ આપની અગણિત અઝમતો હોવા છતાં આપ **મુમ્કિન** (શક્ય અસ્તિત્વ) છે અને મુમ્કિનના ન હોવાથી **વાજિબુલ વુજૂદ** પર કોઈ અસર નથી પડતી. અલ્લાહ તઆલા તે સમયે પણ ઉપસ્થિત હતો જ્યારે સરકારે દો આલમ ﷺનું નૂર હજુ પૈદા પણ ન થયું હતું.

ચેરમેન સાહબનું એ કહેવું પણ સખત ખોટું છે કે અલ્લાહ તઆલા પણ હુઝૂર ﷺનો મોહતાજ છે ! અને આપ ﷺની રહમતમાં દાખલ છે. હુઝૂર ﷺતો પોતે અલ્લાહ તઆલાની પૈદા કરેલ રહમતે તમામ (સંપૂર્ણતઃ રહમત) છે અને રબની અતાથી જ આપનો મર્તબો ઈખ્તિયાર વગેરે છે. અલ્લાહ તઆલા કોઈનો મોહતાજ નથી. وَاللّٰهُ هُوَا الْغَنِىُّ وَاَنْتُمُ الْفُقَرَاءُ (અર્થાત) : ''અને અલ્લાહ સૌથી બેનિયાઝ, અને તમે મોહતાજ છો !'' આ સાંભળતાંની સાથે જ ચેરમેન સાહબ ઉઠીને ત્યાંથી નાસી ગયા.

## સજદો માત્ર અલ્લાહના માટે જ છે !

લગભગ ઈ.સ. ૧૯૯૦ની વાત છે કે એક સાહબે મને (મૂળ લેખકને) પોતાના વાલિદ સાહબના ઉર્સમાં સામેલ થવાનું આમંત્રણ આપ્યું. મેં વાયદો કરી લીધો અને વાયદા પ્રમાણે હું ત્યાં પહોંચી ગયો. જોયું તો ત્યાં મ્યૂઝિકની સાથે કવ્વાલી થઈ રહી છે ! હું મઝાર શરીફ પાસે જઈને બેસી ગયો અને ઈસાલે સવાબે કર્યો. થોડીવાર પછી તેઓ કવ્વાલીથી ફારિગ થયા તો શું જોઉં છું એક સફેદ તથા ખસ ખસી દાઢીવાળા

શાહ સાહબ બિરાજમાન છે. એક નવયુવાને આવીને તેમની સાથે મુસાફો કર્યો અને તેમની સામે સિજદો કર્યો. થોડીવાર પછી જોયું તો તે જ નવયુવાન શાહ સાહબની પાછળ જઈને સજદો કરી રહ્યો છે ! મેં તેને ઈશારો કરી પોતાની પાસે બોલાવ્યો અને સમજાવ્યો કે સજદો માત્ર અલ્લાહ તઆલાને કરવો જોઈએ, કોઈ મખ્લૂક઼ને સજદો કરવો જાઈઝ નથી !

ખતમ શરીફ (ફાતિહા ખ્વાની)ની વારી આવી તો મને કહેવામાં આવ્યું કે હલીમની દેગ પાસે ઉભા રહીને ખતમ પઢો જ્યાં નાન પણ રાખ્યા હતા, જો કે જ્યાં બેઠા હતા ત્યાં પણ ખતમ પઢી શકાતુ હતું તો પણ મેં ખતમ પઢયા બાદ કહ્યું કે, "હઝરાત ! એક હદીષ શરીફ સાંભળી લો ! એક સહાબી رضی اللہ عنہ ક્યાંક સફર પર ગયા. પરત થતાં સરકાર ﷺની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરવા લાગ્યા કે, હુઝૂર ! મેં જોયું કે ફલાણી જગ્યાના લોકો પોતાના મોટેરાઓને સજદો કરે છે ! તો તમે સૌથી વધુ એ વાતનો હક્ક઼ ધરાવો છો કે તમને સજદો કરવામાં આવે. નબીએ અકરમ ﷺએ ફર્માવ્યું, "શું તમે મારી ક઼બ્રની પાસેથી પસાર થશો તો તેને સજદો કરશો ?" તેમણે અર્ઝ કરી, "નહીં !" તો આપ ﷺએ ફર્માવ્યું, "(તો) હમણા પણ ન કરો !"

જ્યારે હુઝૂર ﷺને આપની હયાતે તૈયબા (જાહેરી જીવન)માં અને વિસાલ ફર્માવ્યા બાદ સજદો કરવો જાઈઝ નથી તો બીજા માટે ક્યારે અને કઈ રીતે જાઈઝ થશે ?

આ સાંભળતાંની સાથે જ શાહ સાહબ (જેમને સજદો કરવામાં આવ્યો હતો) જલાલ તથા ગુસ્સાના આલમમાં એક બે કદમ આગળ વધ્યા અને કહેવા લાગ્યા, શું આપ પણ ખતમ શરીફમાં સામેલ છે ?! હું ચૂપ રહ્યો, કેમ કે મારે જે કહેવાનું હતું તે હું કહી ચૂક્યો હતો.

જે વ્યક્તિએ મને દા'વત આપી હતી તે કહેવા લાગ્યા, "તમે ઈખ્તેલાફી વાતો ન કરો !" મેં કહ્યું, "જનાબ ! તમે કમાલ કરો છો ! હું કાંઈ આલિમનો ક઼ૌલ બયાન નથી કરી રહ્યો, હું તો સરકારે દો આલમ ﷺની હદીષ વધાર્યા ઘટાડયા વિના સંભળાવી રહ્યો છું." ત્યારબાદ દુઆ માંગી અને પરત થઈ ગયો.

## સાચી વાત સાંભળીને સહન કરવી અતિ મુશ્કેલ !

દાતાગંજ બખ્શની મજલિસે મુઝાકેરા (ચર્ચા સભા)માં હાજરી માટે મોહર્રમુલ હરામ હિ.સ. ૧૪૧૬ ઈ.સ. ૧૯૯૫માં વકફ કમિટી લાહોર તરફથી મને દા'વતનામુ મળ્યું કે હઝરત સૈયદુલ અસ્ફિયા દાતાગંજ બખ્શ رحمۃ اللہ علیہના ઉર્સના પ્રસંગે આયોજિત થનાર ચર્ચા સભા માટે એક લેખ લખો જેનો વિષય છે, "તસવ્વુફની પ્રાથમિક કિતાબોમાં કશફુલ મહજુબનું સ્થાન"

મેં (મૂળ લેખકે) એક લેખ લખ્યો અને એક જગ્યાએ મૌકા મુજબ એ પણ લખી આપ્યું કે :–

"અમુક લોકો હઝરત દાતા સાહબ رحمۃ اللہ علیہના મઝાર પર સજદો કરે છે. અમુક લોકો રુકૂઅની હદ સુધી ઝુકીને સલામ કરે છે. મસ્જિદમાં જમાઅત ઊભી થઈ જાય છે તો પણ કેટલાક લોકો મઝાર શરીફની સાથે અડીને ઉભા રહે છે. આ નાજાઈઝ છે અને વક઼ફ કમિટીની જિમ્મેદારી છે કે લોકોને તેમની આ હરકતોથી રોકે."

૧૪ જુલાઈ ૧૯૯૫માં આ બેઠકમાં પહોંચ્યો. મગરિબની નમાઝ બાદ મજલિસનો પ્રારંભ થયો. આ મજલિસ (સભા)નો સમય ઈશા સુધી હતો. કુર્આનની તિલાવત, નઅત અને ત્યારબાદ દાતા સાહબ رحمۃ اللہ علیہની મન્કબત પછી સમય એટલો ઓછો રહી ગયો કે ડોકટર ઝહૂર અહમદ અઝહર સાહબ, પ્રોફેસર ગુલામ સરવર રાના અને ફક઼ીર (લેખક)ને ખુશ ખબરી સંભળાવવામાં આવી કે સમય ઓછો છે એટલા માટે તમને મક઼ાલો (લેખ) સંભળાવવા માટે પાંચ પાંચ મિનિટ મળશે.

લેખો વક઼ફ કમિટીએ છપાવીને વહેંચી આપ્યા હતા અને તેમાં તે અમુક લીટીઓ ગાયબ કરી આપી હતી જેનું વર્ણન ઉપર કરવામાં આવ્યું.

જ્યારે મારા નામનું એલાન કરવામાં આવ્યું તો મેં ઊભા થઈને કહ્યું કે, હઝરાત ! સમય એટલો ઓછો છે જેથી આખો લેખ વાંચીને સંભળાવી નથી શક્તો. અને બધા જ લખાણોને પ્રસિદ્ધ કરીને વહેંચી આપવામાં આવ્યાં છે જેનો તમે અભ્યાસ કરી લેશો, છતાં પણ બે ત્રણ જરૂરી વાતો તમારી સમક્ષ બયાન કરું છું, અને જે વાતો લેખમાંથી ગાયબ (મિટાવી) કરી નાખવામાં આવી હતી તેને માઈક ઉપર જાહેરમાં બયાન કરી આપી. આ હિંમત કરવાનું પરિણામ એ મળ્યું કે ત્યાર બાદ મને મુઝાકેરા (ચર્ચા સભા)માં આમંત્રિત કરવામાં ન આવ્યો પણ ઉર્સની વિધિઓમાં મને દા'વત આપવામાં આવી, તે પણ મુકર્રિરની હૈસિયતથી નહીં પણ મેહમાને ખુસૂસીની હૈસિયતથી ! આ ઘટનાથી અનુમાન કરો તથા અંદાજો લગાડો કે કલ્મએ હક્ક (સાચી વાત) કહેવી ત્યાર બાદ તેને સાંભળીને સહન કરવું કેટલું મુશ્કેલ છે ?!

## હુઝૂરનો સહારો એ અલ્લાહનો સહારો !

એક મેહફિલમાં એક તાલિબે ઈલ્મ નઅત પઢતાં એક શેર પઢયો :–

**ખુદા હાફિઝ સહીહ નાસિર લેકિન ﷺ**
**હમે કાફી હે બસ ! સહારા તેરા યા રસૂલલ્લાહ ! ﷺ**

મેં તેને ત્યાં જ થોભાવી દીધો અને કહ્યું, શું રસૂલલ્લાહ ﷺનો સહારો અલ્લાહ તઆલાના સહારાથી અલગ છે ? હુઝૂરે અક્દસ ﷺ અલ્લાહ તઆલાની રહમત છે અને હુઝૂર ﷺનો સહારો તો અલ્લાહનો જ સહારો છે.

## ઈબાદતમાં અલ્લાહ પણ શરીક ?!

ગત દિવસોમાં એક નઅતિયા માસિકના વિશેષાંકમાં હિંદુસ્તાનના એક ફાઝિલનો લેખ છપાયો હતો. તેની શરૂઆત એ પ્રમાણે કરવામાં આવી હતી કે, "અલ્લાહના ઝિક્ર પછી રસૂલુલ્લાહ ﷺનું ઝિક્ર સૌથી અફઝલ ઈબાદત છે." ત્યારબાદ એક વાક્ય લખ્યું જેને વાંચીને થોડી ઘણી પણ દીની સમજ ધરાવનાર માથુ પીટી લેશે ! એ વાક્યમાં હતું, "આ એવી ઈબાદત છે જેમાં ખાલિક઼ તથા મખ્લૂક઼ બંનેવ સમાન રીતે શરીક છે." (મઆઝલ્લાહ !)

આ કલ્મો (વાક્ય) વાંચીને હું પરેશાની તથા અચંબામાં પડી ગયો. સવાલ એ ઉભો થયો કે મખ્લૂક઼ તો અલ્લાહ વહદહૂ લાશરીકની ઈબાદત કરે છે પણ અલ્લાહ તઆલા કોની ઈબાદત કરે છે ?! આ ઉપરાંત એ કે બંદાઓને અલ્લાહ તઆલાના શરીક બનવાનો કેટલો શોખ છે ?! તે પણ ફક્ત શરીક નહીં બલ્કે બરાબરના શરીક બનવાનો ! ફક઼ીરે (મૂળ લેખકે) તે માસિકના તંત્રીને લખ્યું કે મને યક઼ીન નથી થતું કે લેખ લખનાર ફાઝિલે આ વાક્ય લખ્યું હશે (બલ્કે યક઼ીન તો એ છે કે તેમની જેવો પઢેલો ગણેલો, હોશિયાર આદમી આવું વાક્ય ન લખી શકે), આમ છતાં જેણે પણ આ (વાક્ય) લખ્યું છે તથા એને છપાવી પ્રસિદ્ધ કર્યું છે તેની ઉપર તૌબા ફર્ઝ છે, નહીં તો ઈમાનથી ખારિજ થઈ જશે.

*('ખુદાકો યાદ કર પ્યારે' કિતાબમાંથી સાભાર)*


**વજન વધારો/ઘટાડો શ્રેષ્ઠતમ હર્બલ ફોર્મ્યુલા દ્વારા**

વા, પગ, ગુઠણ, સાંધાના દુઃખાવા, કમરના દર્દ માટે ૧૦૦% ગેરેંટેડ ઈલાજ (મનીબેક ગેરેંટી)

સંપર્ક કરો :– **ઈસ્માઈલ સાલેહ**

મુા. **દયાદરા**, મોટા ચકલા, તા. જિ. ભરૂચ

ઈન્ડિયા ખાતે ફોન : (૦૨૬૪૨) ૨૮૦૩૨૨,

**લંડન** ખાતે સંપર્ક ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮


**લેખ હરીફાઈ............**

વિષય : **ઈસ્લામમાં સાચા બોલીનું મહત્વ અને આપણે**

દારુલ ઉલૂમ, મદરસા, સ્કૂલ, કોલેજના તલબા (વિદ્યાર્થીઓ) ભાગ લે અને દીન માટે કલમ ચલાવે. તા. **૧૨/૧૦/૨૦૦૮** સુધીમાં લેખ મોકલવો.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# રહમતે આલમ ﷺ અને ખુદાનો ડર !

રજૂકર્તા
મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)

દુનિયાના કોઈપણ વિસ્તારમાં જુઓ તો આજે મુસલમાનો કમજોર અને લાચાર જોવા મળશે, કયો જુલ્મો સિતમ અને અત્યાચાર એમના પર કરવામાં નથી આવતો. કઈ પાબંદી એમના પર લાદવામાં નથી આવી ? મુસ્લિમ દેશો પ્રત્યેક નેઅમત તથા દૌલતથી માલામાલ હોવા છતાં ગૈરોના મોહતાજ છે, ઈસ્લામ દુશ્મનોથી ભયભીત તથા દબાયેલા છે. જ્યારે કે સ્પષ્ટરૂપે અલ્લાહ તઆલાએ તેમના માટે સરબલંદીની બશારત આપી છે, દુશ્મનોના ખૌફ, કમજોરી વિગેરેથી તેમને મુક્ત ઠરાવવામાં આવ્યા છે પરંતુ આ બધા માટે ઈમાન શર્ત છે.

કુર્આનનું ફર્માન છે, "ન ગભરાવ ! ન ડરો ! તમે જ સરસાઈ પામશો, શરત એ છે કે મો'મિન બની જાવ.

*(સૂ. આલે ઈમ્રાન, ૩/૧૯૩)*

અલ્લાહ તઆલાનો આ સ્પષ્ટ હુકમ હોવા છતાં આપણે દુશ્મનોના ખૌફ અને બુઝદિલીના શિકાર છીએ, સરબલંદીથી મહરૂમ છીએ, તો એનો મતલબ એ સિવાય શું હોઈ શકે છે કે આપણાથી જે પ્રમાણેના ઈમાનની માંગણી થઈ રહી છે તેને પૂરી કરવામાં આપણે સક્ષમ નથી.

પુરાવાઓથી પણ એ જ સાબિતી મળે છે કે જે પ્રમાણેના ઈમાનનો આપણાથી તકાઝો થઈ રહ્યો છે તેને પૂરો કરવામાં આપણે સદંતર નિષ્ફળ રહ્યા છીએ, સુન્નતો અને મુસ્તહબોની અદાયગી તો દૂર રહી આપણે ફર્ઝો અને વાજિબો પણ અદા નથી કરતા. બેધડક ગુનાહો, બુરાઈઓ તથા હરામ કૃત્યો આચરવામાં આવી રહ્યાં છે. નગ્નતા, બિભત્સતા અને અશિસ્તપણાનાં પ્રદર્શનો ગલીકૂચાઓમાં ખુલ્લેઆમ થઈ રહ્યાં છે, ન કોઈ રોકવાવાળુ છે ન કોઈને લાજ કે શરમ છે ! શું આવો સમાજ ઈસ્લામી સમાજ કહેવાય શકે ? આવી સ્થિતિને જોઈને કોઈ પણ બુદ્ધિવાન ઈસ્લામ તરફ આકર્ષિત થઈ શક્તો નથી. અલ્બત્ત ! ઈસ્લામથી બેઝાર તથા ધૃણિત અવશ્ય થઈ શકે છે. જેમ કે શાઈરે મશ્રિક઼ ડોકટર ઈક઼બાલ મુસલમાનોની આવી અવદશા જોઈ પોકારી ઉઠયા :—

*વઝઅ મેં તુમ હો નસારા તો તમદ્દુન મેં હુનૂદ*
*યે મુસલમાં હૈં જિન્હે દેખ કે શર્માએ યહૂદ*

ઉમ્મતે મુસ્લિમાના શુભેચ્છક અને હર ઘડી મુસલમાનોની ઈસ્લાહ તથા સુધારણા માટે ચિંતિત અને ફિકર કરનાર ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :—

*દિન લહ્વ મેં ખોના તુઝે શબ સુબ્હ તક સોના તુઝે*
*શર્મે નબી ખૌફે ખુદા, યહ ભી નહીં વો ભી નહીં*

આનું સૌથી મોટું કારણ એ છે કે આપણા દિલ ખૌફે ખુદા અને ખૌફે આખેરતથી વંચિત થઈ ચૂક્યાં છે. ભૂલથી પણ આપણને એ હક઼ીક઼તનું ભાન નથી થતું કે અલ્લાહ તઆલાની બારગાહમાં હાજર થઈ જવાબ આપવાનો છે જ્યાં દરેક ભલાઈ બુરાઈનો હિસાબ જોશે.

**(ભાવાર્થ)** : "જે રજ માત્ર નેકી કરશે તે તેને જોશે અને જે રજ માત્ર બુરાઈ કરશે તે પણ તેને જોશે." *(સૂ. ઝિલ્ઝાલ, પારા—૩૦, આ. ૮)*

હક઼ીક઼તમાં આપણા સમાજની સ્થિતિ એ થઈ ગઈ છે કે માંની ગોદથી લઈને ક઼બ્ર સુધી લોકોમાં અલ્લાહ તઆલાનો ખૌફ અને આખેરતની ચિંતા પેદા થાય એવું કાંઈ કરવામાં જ નથી આવતું ! (ઈલ્લા માશાઅલ્લાહ !) આ ગફલતની જવાબદારી અગર સરકારી સ્કૂલોમાં પઢાવવામાં આવતા કોર્સ પર આવે છે તો ખાનક઼ાહોના ગાદીનશીનો તથા મિમ્બર તથા મહેરાબની શોભા બનતા ઉલ્મા પણ એના જવાબદાર ઠરે છે, બલ્કે ન્યાયની દષ્ટિએ એ જ લોકો અધિક જવાબદાર છે, કારણ કે અંબિયાએ કિરામના વારિસ ઉલ્માએ કિરામ જ છે.

પ્રસ્તૂત લેખમાં હાદીએ આ'ઝમ સરવરે દો આલમ ﷺની સીરતે તૈયેબહના એક મહત્વાકાંક્ષી પ્રકરણ 'ખૌફે ખુદા'ને રજૂ કરવાની

કોશિશ કરવામાં આવી છે. મૌલાએ કરીમ આપણા દિલોને તેની યાદ, ખૌફો ખશિય્યત અને આખેરતના ખૌફથી માલમાલ ફર્માવે અને આપણને ખૌફે ખુદા વ ખૌફે આખેરતના તક઼ાઝાઓ પર અમલ કરવાની તૌફીક઼ આપે.

ખૌફ અને ડરની બુનિયાદ ઈલ્મ પર છે. બાળક સમક્ષ સાપ રાખવામાં આવે તો એ તુરત જ તેને પકડવાની કોશિશ કરશે કારણે તેના ખતરાથી અજાણ છે. પરંતુ બાળકનાં માતાપિતા જેઓ તેના ખતરાથી વાકેફ છે તે કદાપી તેને સાપની પાસે પણ નહીં જવા દે.

રબ તઆલાનો ઈર્શાદ છે :–

**(ભાવાર્થ)** : "અલ્લાહ તઆલાના બંદાઓમાં ઈલ્મવાળા જ અલ્લાહ તઆલાથી ડરે છે." ફર્ક એ છે કે મખ્લૂકથી ડરવાવાળો તેનાથી દૂર ભાગે છે અને અલ્લાહ તઆલાનો ખૌફ રાખનાર અધિક અલ્લાહ તઆલાથી નજીક થવા ઈચ્છે છે, અલ્લાહ તઆલાનો ફર્માંબરદાર બંદો બની જાય છે અને તેની નાફર્માનીથી કોસો દૂર ભાગે છે બલ્કે બીજાઓને પણ નાફર્માની કરવાથી રોકે છે. નબીએ કરીમ ﷺ ફર્માવે છે : (ભાવાર્થ) : "ખુદાની ક઼સમ ! હું સૌથી વધુ અલ્લાહ તઆલાની મઅ્રેફત ધરાવું છું અને સૌથી વધુ અલ્લાહ તઆલાનો ખૌફ અને ખશિય્યત રાખુ છું." *(મિશ્ક઼ાત શરીફ અરબી, પેજ–૨૭)*

નબીએ કરીમ ﷺ સૌથી વધુ અલ્લાહ તઆલાની મઅ્રેફત રાખે છે માટે અલ્લાહ તઆલાની ઈતાઅત અને ફર્માંબરદારીમાં પણ સૌથી અધિક છે. આપ ﷺ સહાબાએ કિરામને નમાઝ પઢાવતા તો આધેડ, બીમાર અને મોહતાજોનો ખયાલ ફર્માવતા, ક્યારેક તો સવારની નમાઝમાં કોઈ બાળકના રડવાનો અવાજ સાંભળી એ ખ્યાલથી નમાઝ ટૂંકાવી દેતા કે બાળકની માતા પરેશાન ન થઈ જાય. પરંતુ રાત્રે જ્યારે નવાફિલ અદા ફર્માવતા તો કદી કદી ઘણી જ લાંબી કિ઼ર્અત અને લાંબા રુકૂઅ સિજદા ફર્માવતા, હઝરત હુઝૈફા رضی اللہ عنہ થી રિવાયત છે કે આપ ﷺ એ બે રકાતોમાં સૂરએ બક઼રહ, આલે ઈમ્રાન, નિસાઅ, માઈદાની તિલાવત ફર્માવી." *(અશ્શિફા અરબી, ૧/૫૮)*

રાતના નવાફિલનો ક઼યામ એટલો લાંબો થઈ જતો કે આપના મુબારક પગો પર સોજો આવી જતો. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ આટલી તકલીફ કેમ ઉઠાવો છો ? અલ્લાહ તઆલાએ આપના સદક઼ામાં તો આપની આગળ અને પાછળવાળાઓના ગુનાહ બખ્શી દીધા છે. આપ ﷺ એ ફર્માવ્યું, "શું હું અલ્લાહ તઆલાનો શુક્રગુઝાર બંદો ન બનું ?!"

હઝરત અબ્દુલ્લાહ બિન શખ્ખીર رضی اللہ عنہ થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને એ સ્થિતિમાં નમાઝ પઢતા જોયા કે આપના શિકમે અત્હર (પેટ મુબારક)થી એવો અવાજ આવી રહ્યો હતો જેમ કે હાંડલી ઉકળી રહી હોય.

ઈબ્ને અબી હાલા رضی اللہ عنہما ફર્માવે છે કે હમેશાં રસૂલુલ્લાહ ﷺ પર ડર અને ફિક્ર છવાયેલી રહેતી, આપ ﷺ કદી ચિંતામુક્ત ન રહ્યા.

હઝરત ઔફ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે. હું રસૂલુલ્લાહ ﷺ ની બારગાહમાં હાજર હતો, આપ ﷺ એ સૂરએ બક઼રહની તિલાવત શરૂ કરી. આપ ﷺ જ્યારે આયતે રહમત પઢતા તો રોકાઈને અલ્લાહ તઆલાથી રહમતની દુઆ કરતા અને જ્યારે આયતે અઝાબ પઢતા તો અલ્લાહ તઆલાની પનાહ માંગતા.

હઝરત જુહૈફા رضی اللہ عنہ થી રિવાયત છે કે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપની ઝાતે અક઼દસમાં વૃદ્ધાવસ્થાની નિશાનીઓ જાહેર થઈ ગઈ છે. આપે ફર્માવ્યું, "સૂરએ હૂદ અને એના જેવી સૂરતો એ મને વૃદ્ધ કરી દીધો છે !" બીજી રિવાયતમાં છે કે મને સૂરએ હૂદ, વાકિ઼આ, મુરસલાત 'અમ્મ યતસાઅલૂન' અને "ઈઝા શ્શમ્સૂ કુવ્વિરત"એ વૃદ્ધ કરી દીધો છે. *(મિશ્ક઼ાત શરીફ, અરબી, પેજ–૪૦૮)*

ઉલ્મા ફર્માવે છે કે આ સૂરતોમાં ક઼યામતની ભયાનક મુસીબતો અને આગલી ઉમ્મતો પર આવેલા અઝાબનું વર્ણન છે. નબીએ અકરમ ﷺ ને અંદેશો હતો કે મારી ઉમ્મત આ મુસીબતોમાં સપડાય ન જાય.

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે, અલ્લાહ તઆલાથી ડરવાના બે પ્રકાર છે : **(૧)** તેના અઝાબથી ડરવું. **(૨)** તેના જલાલથી ડરવું.

પહેલો પ્રકાર આમ મુસલમાનો માટે છે, તેમનું ઈમાન છે કે જન્નત બરહક્ક્ છે અને તે ફર્માંબરદારીની જઝા છે અને દોઝખ બરહક્ક્ છે જે નાફર્માનીની સજા છે.

બીજો પ્રકાર અહલે ઈલ્મ અને અહલે મઅ્રેફત માટે છે. અલ્લાહ તઆલાના જલાલ અને તેની કિબ્રિયાઈથી ડરવું અને તેનો ખૌફ રાખવો એ ઈલ્મ અને મઅ્રેફતવાળાઓનું જ કામ છે.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**(ભાવાર્થ)** : "અને અલ્લાહ તઆલા તમને પોતાનાથી ડરાવે છે."

**(ભાવાર્થ)** : "અલ્લાહ તઆલાથી ડરો જેવો તેનાથી ડરવાનો હક્ક્ છે." *(ઈહયાઉલ ઉલૂમ અરબી, ૪/૧૬૭)*

જાહેર છે કે નબીએ અકરમ ﷺ મઅ્સૂમિયતના પૈકર છે તો આપના માટે ખૌફે ખુદા جل جلالہ નો બીજો પ્રકાર જ હોય શકે, અને આપને ઉમ્મત માટે અંદેશો હતો કે તે પોતાની બદ્અમલી અને ગુનાહોના કારણે અઝાબમાં સંડોવાય ન જાય. એમ કહેવું કે આપને પોતાના અંજામની પણ ખબર ન હતી અને આપ પોતાના માટે ચિંતિત અને ખૌફઝદા હતા. એ હરગિઝ દુરુસ્ત નથી. કદાપી નહીં ! મઆઝલ્લાહ ! આપ ﷺની ઝાતે કરીમા તો નજાત અને છૂટકારાનું ઉદ્ભવબિંદુ તથા હિદાયતનો શ્રોત છે, કે આપના નક્શે ક્દમ પર ચાલનાર અલ્લાહ તઆલાનો મહેબૂબ બની જાય છે, તેને દુનિયામાં જ જીવતાં જીવ જન્નતની બશારત આપવામાં આવે છે, આપના દામને કરમથી વાબસ્તા હજારો, સેંકડો લોકો વિના હિસાબ કિતાબ જન્નતમાં પ્રવેશશે, કેટલાયે નેક અમલ કરવા પર આપે પોતાની ઉમ્મતને જન્નતની ઝમાનત આપી છે, આપના પવિત્ર પાવન હાથોમાં લિવાઉલ હમ્દ હશે, આપ સાક્ીએ કૌષર હશે, આપ શફાઅતે કુબ્રા ફર્માવશે. આપ જ મક્ામે મહમૂદ પર બિરાજમાન હશે. આદમ علیہ السلام તથા બીજા અંબિયાએ કિરામ આપના ઝંડા હેઠળ હશે, સર્વ મખ્લૂક્ ત્યાં સુધી કે હઝરત ઈબ્રાહીમ علیہ السلامની નિગાહો પણ આપના તરફ જ ઉઠેલી હશે. (ﷺ)

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*મા વ શુમા તો કયા કે ખલીલે જલીલ કો*
*કલ દેખના કે ઉનસે તમન્ના નઝર કી હૈ*

જન્નતના દરવાજા અગર કોઈના માટે ખોલવામાં આવશે તો આપના જ માટે ખોલવામાં આવશે, આપની ઉમ્મતથી પહેલાં કોઈ ઉમ્મતને જન્નતમાં પ્રવેશની અનુમતિ નહીં મળે, આટલી અઝીમ ઝાત માટે કોઈ મુસલમાન કેમ કરીને કહી શકે કે મઆઝલ્લાહ ! આપને પોતાના અંજામની પણ ખબર ન હતી.

નબીએ કરમ ﷺની સીરતે તૈયબાનું આ પાસુ પણ ઘણુ જ મહત્વનું છે કે આપ ﷺ હમેશાં ઝિક્રે ઈલાહીમાં મસ્રૂફ રહેતા અને સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَને પણ કદી ઝિક્રે ઈલાહીથી ગાફિલ ન રહેવા દેતા. સીરત અને હદીષની કિતાબોના અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે સહાબાએ કિરામ ભલે વાતમાં વ્યસ્ત હોતા પરંતુ આપ ﷺ અત્યંત નમ્રતાથી સહાબાએ કિરામને યાદે ઈલાહી તરફ ધ્યાનિત ફર્માવી દેતા. તદ્ઉપરાંત આપની વાણી એટલી પ્રભાવશાળી હોતી કે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَનાં દિલો કાંપી ઉઠતાં, આંખો અશ્રુભીની થઈ જતી અને તેઓ દુનિયા તથા દુનિયાવી ચીજો ભૂલીને અલ્લાહ તઆલાની યાદમાં અને આખેરતની ચિંતામાં ખોવાઈ જતા.

હઝરત અબૂઝર ગિફ્ફારી رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ખુદાની ક્સમ ! જો તમે એ બધું જાણતા હોત જે હું જાણું છું તો થોડુ હસતા અને વધુ રડતા. બિસ્તરોમાં પત્નીઓ સાથે આનંદ ન માણી શકતા. તમે જંગલનો રસ્તો અપનાવી લેતા અને અલ્લાહ તઆલાની બારગાહમાં ગિર્યાવઝારી (આજીજી સાથે રૂદન) કરતા. હઝરત અબૂઝર ગિફ્ફારી رضی اللہ عنہ ફર્માવે છે કે, "કાશ ! હું ઝાડ હોત જેને કાપી નાંખવામાં આવતું !"

આ નબીએ કરીમ ﷺની તા'લીમો તર્બિયતની ઊંડી અસરો છે કે હઝરત હંઝલા રસ્તે ચાલતાં એલાન કરે છે કે, હંઝલા મુનાફિક્ થઈ ગયો ! સરકાર ﷺએ

ફર્માવ્યું, હરગિઝ નહીં ! હંઝલા મુનાફિક્ નથી. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે આપની બારગાહમાં હાજર હતા, આપે વઅઝ તથા નસીહત ફર્માવી જેનાથી અમારાં દિલ કાંપી ઉઠયાં, આંખો અશ્રુમય થઈ ગઈ અને અમે પોતાના નફ્સને ઓળખી લીધો, પરંતુ હું જ્યારે ઘરે ગયો તો દુનિયાવી વાતોમાં પડી ગયો અને આપની બારગાહમાં જે સ્થિતિ હતી તે ન રહી. આપ ﷺએ ફર્માવ્યું, હંઝલા ! અગર તમારી એ જ સ્થિતિ રહેતી તો રસ્તે ચાલતાં, અને બિસ્તરો પર તમારી સાથે ફરિશ્તા મુસાફો કરતા. હંઝલા ! આ સમય સમયની વાત હોય છે. *(ઈહયાઉલ ઉલૂમ, ૪/૧૬૪)*



હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે ત્રણ સહાબાએ કિરામે મળી એક વાયદો કર્યો, એક સહાબીએ કહ્યું, હું હમેશાં રાત્રે નવાફિલ અદા કરતો રહીશ. બીજા સહાબીએ કહ્યું, હું હમેશાં રોઝા રાખીશ કદી રોઝા વિના નહીં રહું. ત્રીજા સહાબીએ કહ્યું, હું કદી શાદી નહીં કરું. નબીએ અકરમ ﷺએ એમની પાસે તશરીફ લાવી ફર્માવ્યું, તમોએ આવા આવા વાયદા કર્યા છે ? ખુદાની ક઼સમ ! હું તમારા સૌથી વિશેષ અલ્લાહ તઆલાનો ડર અને ખૌફ રાખું છું અને તમારામાં સૌથી વધુ તેની નાફર્માનીથી બચવાવાળો છું, તેમ છતાં હું રોઝા પણ રાખું છું, ઈફતાર પણ કરું છું, રાત્રે નમાઝ પણ પઢું છું અને આરામ પણ કરું છું અને નિકાહ પણ કરું છું. જે મારી સુન્નતથી વિમુખ થયો તે મારા રસ્તા પર નથી. *(મિશ્કાત શરીફ, પેજ–૨૭)*

વિચારો તો ખરા ! નબીએ અકરમ ﷺ મહબૂબે રબ્બુલ આલમીન છે, ઈમામુલ અંબિયા વલ મુરસલીન છે, તેમ છતાં અલ્લાહ તઆલાના જલાલથી સરાપા ખૌફ તથા ડર રાખે છે, ઉમ્મતના ગ઼મમાં આંસૂંઓની નદીઓ વહાવી રહ્યા છે. આપના વઅઝો નસીહતની અસર સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ أَجْمَعِيْنَ પર એવી થતી કે તેઓ દુનિયા અને દુનિયાવાળાઓ સાથે જરૂરત જેટલો સંબંધ રાખવા છતાં ડરતા કે આ દુનિયાવી સંબંધ પણ નિફાક઼માં શુમાર ન થઈ જાય. તેઓ પર રબ્બે કરીમના જલાલની એવી હૈબત તારી રહેતી કે તેઓ માત્ર ફરાઈઝ અને વાજિબો તથા સુન્નતોની અદાયગીને પૂરતી ન સમજતા બલ્કે તેમની ઈચ્છા એ હોતી કે તેઓ દરેક સમયે અલ્લાહ તઆલાની ઈબાદત અને ફર્માબરદારીમાં વ્યસ્ત રહે અને દુનિયાનાં સર્વ કામો તથા નફ્સાની લિજ્જતોને સદંતર ત્યજી દે.

બીજી બાજુ આપણે આપણી અફસોસનાક હાલત પર દષ્ટિ કરીએ કે આપણે અલ્લાહ તઆલાએ મુક઼ર્રર કરેલા ફર્ઝો અને વાજિબો તથા નબીએ અકરમ ﷺની સુન્નતો પર કેટલો અમલ કરીએ છીએ ?! આપણે નફ્સાની ખ્વાહિશોને પૂરી કરવા હલાલ અને હરામની તમીઝ ભૂલી ગયા છીએ ?!

આપણા દિલ ખૌફે ખુદા અને ખૌફે આખેરતથી મહરૂમ થઈ ચૂક્યાં છે. આપણી આવી સ્થિતિ જોઈ શરમથી માથુ નમી જાય છે અને એ એહસાસ સખ્તીથી થાય છે કે આપણે કયા મોઢે ઈમાનદાર હોવાના, ખુદા વ રસૂલના આશિક઼ હોવાના દા'વા કરી શકીએ ?

નબીએ અકરમ ﷺનું ફર્માન છે :–

**(ભાવાર્થ)** : "તમારામાંથી કોઈ ત્યાં સુધી કામિલ મો'મિન નહીં થાય જ્યાં સુધી તેની ખ્વાહિશો મારા લાવેલા દીનના તાબે ન થઈ જાય."

બારે ઈલાહા ! તારી શાને કરીમીના તુફૈલ અને તારા હબીબે અકરમ ﷺના સદકામાં અમારી જાહેર અને બાતિનની ગંદકીઓને દૂર ફર્માવી દે. અમારાં દિલોને નૂરે ઈમાનથી પુરનૂર અને તારા ખૌફો ખાશિય્યતથી મા'મૂર કરી દે.

*કીસ્ત મૌલાઈ બેહ અઝ રબ્બે જલીલ*
*હસ્બુનલ્લાહ રબ્બુના વનિઅ્મલ વકીલ*

(કિતાબ : 'ખુદાકો યાદ કર પ્યારે'માંથી સાભાર)

# ઘમંડની તબાહી અને તેનો અઝાબ

રજૂકર્તા :-
મુહમ્મદ મુબારક સુલેમાન દેસાઈ–ફ઼ાવી
(મુતઅલ્લિમ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

**પ્યારા ઈસ્લામી ભાઈઓ !** તકબ્બુર (ઘમંડ) એક ઘણી જ ખરાબ આદત છે. અસલમાં તકબ્બુર કરવું એ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની સાથે દુશ્મની રાખવા બરાબર છે. એટલા માટે કે મહત્તા, અઝમત અને મોટાઈ ફક્ત અલ્લાહ તઆલાની ઝાતની શાન માટે છે. મુસ્લિમ શરીફમાં હદીષે કુદ્સી છે કે રસૂલે આ'ઝમ ﷺએ ફર્માવ્યું છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ફર્માવ્યું કે **બડ઼ાઈ અને ઈજ્જત મારી સિફતો છે, જે કોઈ એનામાંથી કોઈ એકમાં મારી સાથે ટકરાશે (લડાઈ કરશે) તેને જહન્નમમાં નાખી દઈશ.**

નબીએ કરીમ ﷺથી સહાબાએ કિરામએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તકબ્બુર શું છે ? આપ ﷺએ ફર્માવ્યું, તકબ્બુર એને કહે છે કે ઈન્સાન અલ્લાહ તઆલાની સામે ગરદન ન ઝુકાવે અને લોકોને નફરતથી જાુએ, ત્યારે આ બંનેવ આદતો ઈન્સાન અને રહમાનની દરમ્યાન પર્દો છે અને એનાથી જ સર્વે બુરાઈઓ અને ખરાબ આદતો જન્મ લે છે અને ઈન્સાન સારો વર્તાવ કરવાથી મજબૂર થઈ જાય છે. જે આદમી પોતાની અમીરી, દેખાવ, ખૂદનુમાઈ અને ખૂદબીનીથી હારી જાય છે તે એવા થઈ જાય કે તે ફક્ત પોતાની જ પસંદમાં મશગૂલ રહે છે. બીજા મુસલમાન ભાઈઓને એ વસ્તુની પસંદમાં સામેલ જ નથી સમજતો. અને આ વાત ઈમાનની પહેલી શરતના ખિલાફ છે. એવો મનુષ્ય કોઈની પણ સાથે નમ્રતાના અંદાઝથી પેશ નથી આવતો. આ આદત મુત્તક઼ી અને પરહેઝગારોના ખિલાફ છે. એવા મનુષ્યથી ગુસ્સા પર ક઼ાબૂ રહેવું અશક્ય થઈ પડે છે. અને ઈર્ષા, અદાવત, દુશ્મની, બળજબરી અને ગુસ્સા ઉપરાંત એની ઝબાન ગીબતથી નાપાક રહે છે અને એનું દિલ ગમગીની અને નાપાકીથી ભરપૂર રહે છે. અગર જો એની તા'ઝીમમાં નહીં જેવો ફર્ક આવી જાય તો એનું દિલ કદી પણ સાફ થતું નથી અને એના દિલ પર ધૂળની સપાટી જામેલી રહે છે. *(કિમીયાએ સઆદત)*

ઘમંડી તે મનુષ્ય છે જેનામાં આ તમામ સિફતો જોવા તો ન મળે પણ પોતાના અંદર એ સિફતો હોવાનું સાબિત કરવાની કોશિશ કરે. જન્નતી તે જ છે જે પોતાના અંદર સારી આદતો હોવા છતાં પણ વિનમ્રતા, વિનય, આજીજીનો વધારો કરે છે, અને પોતાની નેકીઓના બદલે અલ્લાહ ﷻનો ફઝ્લ અને મહેરબાની સમજીને જન્નતમાં દાખલ થશે. *(નુઝહતુલ મજાલિસ)*

ઘમંડી લોકો માટે આથી વધારે બીજી શી સજા હોઈ શકે કે પોતે જે ઉમ્મતની શફાઅત કરનાર છે તેમણે ખૂદ ઘમંડીઓને જહન્નમીઓમાં સામેલ કર્યા. રસૂલે આ'ઝમ ﷺએ ખૂદ ફર્માવ્યું કે હું તમોને જન્નતવાળાઓની ખબર ન આપું ! તેઓ કમજોર છે જેઓને લોકો તુચ્છ અને કમજોર જાણે છે. જો તેઓ અલ્લાહ પર ક઼સમ ખાઈ બેસતા તો અલ્લાહ એને સાચુ કરી આપે. અને ફર્માવ્યું કે જહન્નમવાળાઓની ખબર ન આપું કે તે બુરી વાતો કહેનાર ખરાબ આદતોવાળા અને ઘમંડી છે.

જ્યારે કોઈ બદ્નસીબ તકબ્બુરની જાળમાં ફસાઈ જાય છે તો ભલે ને પોતાને મોટો સમજે પણ તે લોકોની નજરમાં હક઼ીર, ઝલીલ અને રુસ્વા (બેઈજ્જત) છે. અને જે પોતે પોતાને કમતર સમજે છે ભલે ને હક઼ીક઼તમાં કમતર જ હોય પણ લોકોની નજરમાં ઈજ્જતવાળો અને મોટો છે. જેમ કે રસૂલે આ'ઝમ ﷺએ ફર્માવ્યું, **જે અલ્લાહ તઆલા માટે આજીજી કરે છે અલ્લાહ એને બુલંદ કરે છે.** તે પોતાના નજદીક તો નાનો પણ લોકોની નજરમાં મોટા મર્તબાવાળો છે. અને **જે બડાઈ કરે છે અલ્લાહ તઆલા એના મર્તબાને નીચો કરી દે છે.** અને તે લોકોની નજરમાં ઝલીલ અને રુસ્વા (બેઈજ્જત) થઈ જાય છે. **જે પોતાને મોટો સમજે છે તે લોકોની નજરમાં કૂતરા અને ખિન્ઝીર (સુવ્વર)થી પણ વધારે હક઼ીર છે.** આક઼ા

ﷺએ ફર્માવ્યું કે તકબ્બુર કરવાવાળાઓનો હશ્ર કયામતના દિવસે કીડીઓના જિસ્મ બરાબર હશે અને એમની શકલ સૂરત આદમીઓની હશે, તમામ તરફથી એમના ઉપર ઝિલ્લત તથા રૂસ્વાઈ (બેઈજ્જતી) છવાએલી હશે, એમને ખેંચીને જહન્નમ તરફ લઈ જવાશે જેનું નામ 'બુલસ' છે. એમના ઉપર આગોની આગ હશે, જહન્નમીઓનું નીચોવેલ એમને પીવડાવવામાં આવશે, જેને 'તિનતુલ ખબાલ' કહે છે.

મુસલમાનો કાંપી જાવ ! અને તકબ્બુરના ખરાબ ડાઘથી પોતાના દામનને સાફ કરી લો ! અગર જો બદ્‌નસીબીથી તકબ્બુરની જાળમાં ફસાઈ ગયા તો જાણી લેજો કે દુનિયવી જિંદગી તો દુનિયવી પણ આખેરતમાં પણ ઝિલ્લત અને રુસ્વાઈનો શિકાર થવું પડશે અને એટલે સુધી કે હશ્રના મેદાનમાં જ્યાં તમામ લોકો અલ્લાહ તઆલાની રહમતભરી નજરના માટે દર દરની ઠોકરો ખાતા હશે ત્યાં ઘમંડ કરવાવાળાઓ પર અલ્લાહ તઆલાની રહમતની નજર કરશે નહીં. જેમ કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ત્રણ શખ્સો સાથે અલ્લાહ તઆલા ન તો કલામ કરશે અને ન તો એમને પાક કરશે, અને ન એમના તરફ રહમતની નજરથી જોશે. એ ત્રણ શખ્સો આ પ્રમાણે છે : (૧) ઘડપણમાં ઝિના કરનાર (૨) જૂઠો બાદશાહ (૩) ઘમંડી મોહતાજ. *(મુસ્લિમ શરીફ)* હુઝૂર ﷺ ફર્માવે છે કે જે કોઈના દિલમાં રાયના દાણા બરાબર પણ ઘમંડ હશે તે જન્નતમાં જશે નહીં. (અલ્લાહુ અકબર !) *(મુસ્લિમ શરીફ)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! તકબ્બુર જાતે ખૂબ જ બુરી આદત છે. અને એના પણ અમુક દરજા છે જે બહુ જ ખરાબ અને નુકસાનકર્તા અને શરમજનક છે. એને તબક્કાવાર માલૂમ કરી શકાય છે કે તકબ્બુર કોની તરફ સંબંધિત છે. તકબ્બુર અલ્લાહ તઆલા ﷻ સાથે થાય છે અથવા તો રસૂલે આ'ઝમ ﷺની બરકતવાળી જાત પર થાય છે. તકબ્બુરનો પહેલો દરજ્જો એ છે કે તકબ્બુર અલ્લાહ તઆલાની પાક ઝાતના ખિલાફ હોય જેવી રીતે નમરૂદ, ફિરઔનના દષ્ટાંતો આપણી સામે જ છે. તકબ્બુરનો બીજો દરજ્જો એ છે કે નબીએ કરીમ ﷺની પાક ઝાતની સાથે તકબ્બુર કરે જેવી રીતે કુરૈશી કાફિરો એ કર્યો, જેમનું કહેવું એ હતું કે તે અમારી જેવા બશર (માનવી) છે અને અમે એમને નબી નથી કહી શકતા, જો ફરિશ્તાએ વહી લઈને આવવુ જ હતું તો કોઈ માલદારની પાસે ન આવતાં એક યતીમ પાસે જ કેમ આવ્યા !

કુર્આનના વિશે કહેવા લાગ્યા, અગર આ અલ્લાહ તઆલાની કિતાબ છે તો મક્કા અથવા તાઈફવાળાઓમાંથી કોઈ અમીર માણસ પર કેમ ન ઉતારી ? એમની બે ટોળીઓ થઈ એકના માટે તકબ્બુર બહું જ ખતરનાક પર્દો બની ગયું અને એમણે સોચ્યા સમજ્યા વગર આપ ﷺની નબુવ્વત અને રિસાલતનો ઈન્કાર કર્યો અને સમજવાની પણ તકલીફ ન ઉઠાવી. જેવી રીતે કે અલ્લાહ તઆલા ફર્માવે છે કે, હું એવા લોકોને મારા હુકમોથી ઈન્કાર કરવાવાળા જ રાખીશ જેઓ ઘમંડી છે એટલે કે જે તકબ્બુર કરે છે.

જેઓ તકબ્બુર કરે છે તેઓને કોઈ હક્ક હાંસલ નથી એટલે કે તેઓ બદ્‌નસીબ છે. જેઓ નિશાનીઓ જોઈને પણ ઈસ્લામ કબૂલ કરવાથી મેહરૂમ રહ્યા, તકબ્બુરે એમને લાચાર અને વિવશ કરી દીધા એટલા માટે એમનામાં હક્ક સ્વીકારવાની તાકત ન રહી અને જુલ્મ અને ઘમંડના લીધે તેઓ મો'જિઝાઓનો પણ ઈન્કાર કરી બેઠા જયારે કે તેઓ મોઅતરીફ (સ્વીકારનાર) પણ હતા.

તકબ્બુરનો ત્રીજો દરજ્જો એ છે કે પોતે ગુલામ (બંદો) થઈને પણ અલ્લાહ તઆલાના બીજા બંદાઓ ઉપર તકબ્બુર કરે છે. તેમને કમતર અને નીચા દરજાવાળા અને હકીર સમજે છે. એમની સાચી વાતોને કબૂલ કરવાથી ઈન્કાર કરી દે છે અને પોતાને સૌથી ઊંચો અને બુદ્ધિશાળી ગુમાન કરે છે. તેઓ એવા ગુમાનમાં છે કે જેમ કે ફારસીમાં કોઈએ લખ્યું છે કે, "હમ ચું મા દિગરે નીસ્ત" મારા જેવો બીજો કોઈ નથી ! ભલે આ દરજ્જો પહેલા બે દરજ્જા કરતાં ઓછો છે પણ બહું જ ખરાબ અને રૂસ્વા કરવાવાળો. *(કિમીયાએ સઆદત)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! ભલાઈના રસ્તાથી અને ખુશનસીબીમાં આગળ આવનાર તે તમામ વસ્તુઓ

ચાહે રજ માત્ર પણ કેમ ન હોય એનો ઈલાજ કરવો ફર્ઝે ઐન છે. એટલે કે ખૂબ જ જરૂરી છે. તકબ્બુર એક એવી ભયાનક બીમારી છે જેનાથી કોઈપણ મનુષ્ય મેહફૂઝ નથી રહેતો. (ઈલ્લા માશાઅલ્લાહ !) એનો ઈલાજ બે વસ્તુઓથી કરી શકાય છે : (૧) ઈલ્મી (૨) અમલી

ઈલ્મી તો એ છે કે ઈન્સાન પોતાના હકીકી ખાલિક (પૈદા કરનાર રબ)ને ઓળખે અને બડાઈ ફક્ત અલ્લાહ તઆલાની જ જાત માટે સમજે, એના પછી પોતાની હકીકત જાતે જ જાહેર થઈ જશે કે મારાથી વધારે ઝલીલ અને કમતર કોઈ જ નથી. બસ આ જ ઉપાય જે દિલથી તકબ્બુરની જડને બહાર કાઢી શકે છે. જાણવું જોઈએ કે પોતાની પાત્રતા શું છે ? જેની હકીકતથી આગાહ કરવા માટે કુર્આન પાકની એક જ આયત કાફી છે જેનો તર્જુમો નીચે પ્રમાણે છે : "માણસ માર્યો જાય ! કેવો નાશુકરો છે ?! તેને શામાંથી બનાવ્યો ? પાણીના ટીપા વડે તેને પેદા કર્યો પછી તેને વિવિધ અવસ્થાઓમાં રાખ્યો પછી તેને માર્ગ આસાન કર્યો પછી તેને મૌત આપ્યું પછી કબ્રમાં રખાવ્યો." *(સૂરએ અબસ, આયત–૧૭ થી ૨૧, પારા–૩૦)*

આ આયતે મુબારકાના દ્વારા અલ્લાહ તઆલાએ ઈન્સાનને પોતાની તાકતથી બાખબર કરી દીધો અને એની શરૂઆત અને દરમ્યાની અંજામની ખબર આપી. આ આયતમાં શરૂઆતની તરફ ઈશારો એ છે કે અલ્લાહે ઈન્સાનને કેવી હકીર ચીજથી પેદા કર્યો, તો બસ ઈન્સાને આથી સમજી લેવું જોઈએ કે પૂરી દુનિયામાં એનાથી હકીર કોઈ ચીજ નથી જેને શૂન્યમાંથી સર્જન આપ્યું, ફરી તેને નષ્ટ કરી આપવામાં આવશે જેનું નામો નિશાન ન હતું. પહેલેથી જ જન્મ સુધી પરલોકમાં રહ્યો જેમ કે કુર્આને મુકદસમાં છે, "બેશક ! આદમી પર એક વખત એવો ગુજર્યો કે ક્યાંય એનું નામો નિશાન ન હતું." *(કન્ઝુલ ઈમાન, સૂરએ દહર, આયત–૧)*

પછી અલ્લાહ તઆલાએ માટી પેદા કરી જેનાથી વધારે હકીર કોઈ ચીજ નથી. પછી લોહીના ટીપા અને પાણીથી વિર્ય, પછી જામી ગયેલ લોહી બનાવ્યું જેનાથી વધારે નાપાક કોઈ ચીજ નથી. ત્યાર પછી તેને શૂન્યમાંથી સર્જન આપ્યું. જેની અસલને નાચીઝ માટી અને ગંદુ પાણી તેમજ નાપાક લોહીથી બનાવી. પછી એ ગોશતના ટુકડાની હાલતમાં રહ્યો જેમાં શ્રવણ શક્તિ, બીનાઈ, વાચાળ શક્તિ વગેરેનું નામો નિશાન ન હતું, ચાલવા ફરવાનો વજૂદ ન હતો, પછી અલ્લાહ તઆલાએ પોતાની કુદરતે કામેલાથી ગોશતના એ જ નિર્જીવ ટુકડાને શ્રવણ શક્તિ, બીનાઈ શક્તિ, વાચાળ શક્તિ, હાથ અને પગ અને તમામ જિસ્મના અવયવો અતા કર્યા જેને ઈન્સાન પોતે જ પોતાની જાતમાં જોઈ રહ્યો છે. અને એમાં સોચી પણ શકે છે કે મારામાં કઈ ચીજ એવી છે જે ગંદુ પાણી અને નાપાક લોહી અને વિર્ય ન હતી. આજે જ્યારે કે બેહિસાબ અજીબો ગરીબ વસ્તુઓ જે ઈન્સાન પાસે છે તો એ બતાવે તો ખરો કે કઈ કઈ વસ્તુ એના પાસે હતી ? યકીનન ! ઈન્સાન પાસે કોઈપણ વસ્તુ ન હતી. તો શું અલ્લાહ તઆલાની અઝમત અને બડાઈનું રાઝ એનાથી નથી સમજાઈ જતું ?! શું ઈન્સાનને ઘમંડ કરવા જેવી કોઈ ચીજ નજર આવે છે ? શું આ બધી વસ્તુઓ એની જાત મહેનતનો નતીજો છે ? અને જો નહીં ! તો તકબ્બુર કઈ વાત પર ?!!

અમલી ઈલાજ એ છે કે જે હાલતમાં રહે પોતાની વાતો અને કામોમાં વિનમ્રતા, લાચારી અને ફકીરી જેવો સ્પષ્ટ અંદાજ હોય. ફક્ત એ જ રસ્તો ઈખ્તિયાર કરે જે આજીજી કરવાવાળાનો તરીકો છે. હુઝૂર ﷺ જ્યારે પણ ખાણુ ખાતા તો તકીયો ન લગાવતા, હમેશાં એ જ ફર્માવતા કે, હું અલ્લાહ તઆલાનો બંદો છું તો ખાણુ પણ તેવી જ રીતે ખાવું જોઈએ. હઝરત સુલૈમાન علیہ السلامથી કોઈએ અર્ઝ કરી કે, આપ નવો લિબાસ કેમ નથી પહેરતા ? આપ علیہ السلامએ ફર્માવ્યું, હું તો ગુલામ છું ! જ્યારે દુનિયવી આઝાદી પછી આખેરતમાં જવાનું થશે ત્યારે નવો લિબાસ પહેરી લઈશ. *(કીમીયાએ સઆદત)*

અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ છે કે તમામ ઈમાનવાળાઓને હુઝૂર ﷺના વસીલાથી તકબ્બુરની બીમારીથી બચાવે અને આજીજી, નમ્રતાવાળી જિંદગી અતા કરે. (આમીન)

*(બહવાલા માહનામા કન્ઝુલ ઈમાન, ડિસેમ્બર–૨૦૦૭)*

# સ્ત્રી નિકાહની કાઝી બને તો તેનાં બુરાં પરિણામો !

કાર્યાલય

દરેક ચીજ તેના સ્થાને રહે તો તેમાં જ સૌની ભલાઈ છે. રેલ્વે ટ્રેન તેની ટ્રેક પર રહીને દોડે અને બસ રોડ પર રહે તેમાં સૌની સલામતી છે, જો ટ્રેન રોડ પર ઉતરી આવે અને બસ ટ્રેક પર ચાલી જાય તો કેટલી ખાના ખરાબીઓ સર્જાય શકે છે તે દરેક સમજે છે. તે જ પ્રમાણે બુટ ચપ્પલ પગમાં પહેરવાને બદલે માથે રાખવામાં આવે અને ટોપીને પગમાં પહેરવામાં આવે તો એ નર્યી મૂર્ખતાનું પ્રદર્શન થશે. એ જ પ્રમાણે ઈસ્લામી જીવન બંધારણમાં સ્ત્રીની ઈજ્જત તથા સલામતી એમાં જ છે કે તેણી પર્દામાં રહે અને પુરૂષ બહાર રહી તેણીનું ભરણ પોષણ તથા અન્ય જરૂરતો હક્કોને પૂરા પાડે. પણ આજે પશ્ચિમી બેહયા કલ્ચરે ઈસ્લામની વિરુદ્ધ જઈને ઈસ્લામના પવિત્ર સામાજિક બંધારણમાં ભંગાણ પડાવવા અને સ્ત્રીઓમાં બગાવત પેદા કરવા સ્ત્રી આઝાદીના નામ પર સ્ત્રીને પુરૂષ સમોવડી બનાવવા અને પુરૂષ સાથે ખભે ખભા મિલાવી ચાલવા ઉશ્કેરણી કરી અને ઠેરે ઠેર તેણીને આગળ ધરવા માંડી અને ગ્રાહકો રિઝવવાના રમકડાની હેસિયત તેણીની રહી ગઈ ! અને પતિની વફાદાર, ઈજ્જતદાર, સચરિત્ર સ્ત્રીને બદલે બેહયા તથા બદ્ચલન, નખરાળી નાચનારી જેવી તેણીની જિંદગી બની ગઈ, અને તેણીને એવી બેહાલ બનાવી કે નધણીયાતી થઈને અનેક ધણીઓની ગુલામડી બની ગઈ !

મુસ્લિમ સ્ત્રીઓને પણ ઈસ્લામ દુશ્મન તાકતોએ તેમના ફંદામાં ફસાવવા પ્રયાસો કર્યા અને પશ્ચિમી શિક્ષણ પદ્ધતિથી સ્કૂલ કોલેજોમાં છોકરા છોકરીઓને મિશ્ર રાખી શિક્ષણના નામે સ્કૂલ કોલેજોના મુક્ત વાતાવરણમાં બે વિજાતિય તબકાના મેળ મેળાપમાં જે ખરાબીઓ ઉપસ્થિત થઈ રહી છે તેનાથી સૌ કોઈ વાકેફ છે. પશ્ચિમી શિક્ષણ સ્વચ્છંદી તથા બેહયાઈનો માહોલ સર્વત્ર ફેલાવી રહ્યું છે અને કોન્ડમ તથા એબોર્શન કલચર ઉભુ કરી રહેલ છે. એથી ઉલ્ટુ ઈસ્લામી શિક્ષણ એક પાકીઝા સભ્યતાવાળો અને સુઘડ સમાજ રચે છે. પણ ઈસ્લામી જ્ઞાનથી દૂર રહી કેવળ પશ્ચિમી છૂટછાટવાળા માહોલથી આકર્ષાઈને બે ચોપડી ભણી લીધેલી કેટલીક સ્ત્રીઓ પોતાને મહાન સમજવા લાગી અને ઈસ્લામના બંધારણથી બગાવત કરીને ગૈરોની ડાયરેક્ટ ઈનડાયરેક્ટ ચડામણી તથા પોતાની ખ્યાતિના મોહમાં કાંઈક નવું કરવાની ઘેલછા સાથે નવાં નવાં દુઃસાહસો કરવા માંડી.

જેમ કે થોડા સમય પર અમેરિકાના એક ચર્ચમાં જુમ્આ કાયમ કરીને સ્ત્રી ઈમામ બની ! અને જગતરભરમાં કુખ્યાત થઈ ગઈ ! એ જ પ્રમાણે હાલમાં પ્લાનિંગ કમિશનની મેમ્બર કહેવાતી મુસ્લિમ સ્ત્રી સૈયદા હમીદે (શીઆ) લખનૌની એક હોટલમાં નામના મુસલમાન જોડા નાઈશ હસન અને ઈમરાનના નિકાહ પઢાવ્યા. નિકાહનો ખુત્બો પઢયો, ઈજાબો કબૂલની વિધિ કરી અને સ્ત્રીની ગવાહી ઈસ્લામમાં અડધી ગણાતી હોવાથી બે પુરૂષ ગવાહોને બદલે ચાર સ્ત્રી ગવાહો રાખ્યા...વગેરે સર્વ નિકાહનો કારોબાર સ્ત્રીઓ થકી થયો ! અને આ નિકાહ પઢાવનારીએ વધુમાં કહ્યું કે, સમય બદલાઈ ચૂક્યો છે, હવે આપણે બદલાઈ જવું જોઈએ, શું જરૂરી છે કે આપણે આપણા બાપદાદાના દૌરની રસમોને પકડીને બેસી રહીએ ?! આજના દૌરમાં જ્યારે સ્ત્રી દરેક કામ કરી શકે છે તો તેણી નિકાહ પણ પઢાવી શકે છે. અમે એ જ સાબિત કરવાની કોશિશ કરી છે કે સ્ત્રી પણ નિકાહ માટે કાઝી બની શકે છે.

*(નઈ દુન્યા, ૩૧ થી ૫ ઓગષ્ટ–૨૦૦૮)*

આ કહેવાતા નિકાહ કરનાર દુલ્હો ઈમરાન પણ આ વાતે ગર્વ લે છે કે એક સ્ત્રી કાઝીએ તેના નિકાહ પઢાવ્યા ! અને તેની દુલ્હન નાઈશ પણ ''ભારતીય મહીલા મુસ્લિમ આંદોલન''ની સભ્ય છે અને તેણીએ ઈસ્લામની વિરુધ્ધ જ આંદોલનનું આ એક દશ્ય ખડુ કર્યું છે ! એ પણ પોતાને મોડર્ન અને એડવાન્સ નારી ગણે છે, અને આ કહેવાતા નિકાહથી ગર્વિષ્ઠ છે. જો કે આ પ્રકારના નિકાહ એ એક ડ્રામો છે જેનાથી મીડિયામાં જગતભરમાં ચર્ચા થાય અને આ કરતૂત કરનારાઓની ખ્યાતિ થઈ જાય અને ગૈરો તથા અધર્મી લોકો એમની વાહ વાહ કરે એ જ હેતુ એમાં જોવા મળે છે.

આ સ્ત્રી કાઝીએ દલીલ કરી છે કે, ''કુર્આનમાં ક્યાંય નથી કે સ્ત્રી નિકાહમાં કાઝી ન બની શકે.'' અમારું કહેવું છે કે ઈસ્લામના બાની નબી કરીમ ﷺ તથા તેમના સહાબીઓ, ત્યારબાદ તાબઈનો, ત્યારબાદના ઉલમાએ કિરામના અત્યાર સુધીના ક્રમમાં સ્ત્રીને કાઝી બનાવવાની રજા નથી. આ નીચેથી જેમ ઉપર જઈએ

તો સૌ તે લોકો છે જેઓ કુર્આન, હદીષને તથા ઈસ્લામી શરીઅતને સૌથી વિશેષ સમજનાર છે. સૌ પ્રથમ તો એ કે કુર્આન, હદીષની રૂએ ઈસ્લામમમાં સ્ત્રીએ ગૈર મેહરમોથી પર્દામાં રહેવાનો હુકમ છે, તે પાકીઝગીના દૌરમાં સૌથી પવિત્ર ઉમ્મતની માંઓને તથા મુસલમાન પવિત્ર સહાબી સ્ત્રીઓને પર્દા પાછળ રહેવા તથા ચહેરા પર ચાદર નાખવાનો હુકમ કુર્આનમાં આવ્યો છે. જેમ કે રબ્બે કરીમનું ફર્માન છે :–

**يَآاَيُّهَا النَّبِىُّ قُلْ لِاَزْوَاجِك وَبَنَاتِكَ وَنِسَآءِ الْمُؤمِنِيْنَ يُدْنِيْنَ عَـلَيْهِـنَّ مِـنْ جَلَابِيْهِـنَّ ذٰلِكَ اَدْنٰـى اَنْ يُّعْرَفْنَ فَلَا يُؤْزَيْنَ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا**

''અય નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે.'' *(સૂ. અહઝાબ, રુકૂઅ–પ)*

તેમજ શરીઅતમાં સ્ત્રીના અવાજને પણ ''છુપાવવાની ચીજ'' ઠરાવી છે. તો પુરૂષ કાઝી તથા પુરૂષ ગવાહ બનવા પાત્ર મૌજૂદ હોવા છતાં સ્ત્રીઓનો આ ડ્રામો કોઈ રીતે શરીઅત હેઠળનો પુરવાર થતો નથી.

હવે આ ડ્રામાઈ નિકાહના મંઝરને જુઓ ! બેપર્દા ખુલ્લા કે છુટ્ટાવાળોવાળી સ્ત્રીઓ દુલ્હન, સ્ત્રી કાઝી તથા સ્ત્રી ગવાહો, મેકઅપ કરીને બની ઠનીને સ્ટેજ પર બેઠેલી છે, તેમની સાથે ફાસિક મેહરમ ગૈર મેહરમ પુરૂષો બેઠેલા છે અને સામે મજમામાં તેમને તાકી તાકીને જોઈ રહેલા નિકાહના ડ્રામામાં આવેલા વિવિધ પુરૂષો સ્ત્રીઓની ભેળસેળ હાજર છે. બતાવો ! આ બેપર્દા દુલ્હન, બેપર્દા સ્ત્રી ગવાહો, બેપર્દા સ્ત્રી કાઝી તેમનું આ રીતે જાહેર પબ્લિક સામે બેસવું તથા નિકાહનો ખુત્બો પઢવું એ ઈસ્લામી શરીઅતમાં હરામ નથી ?! ઉપર દર્શાવ્યું તેમ તથા અન્ય કુર્આની આયતો તથા હદીષોથી આ રીતના નિકાહ એ શું ઈસ્લામ સાથે એક મઝાક નથી ? શું કુર્આનમાં સ્પષ્ટ એવું જ લખાણ જોઈએ કે, ''સ્ત્રી નિકાહની કાઝી ન બની શકે ?'' તો તો કાલે સર્વ જાહેર ક્ષેત્રમાં વિવિધ કામો કરતી બેપર્દા ફરતી સ્ત્રીઓ કહેશે કે અમારા માટે કયાં કુર્આનમાં આ કામો ન કરવાની આયત છે ?! શું આ વાત નરી જેહાલત તથા મૂર્ખાઈ નથી ?! યકીનન ! મૂર્ખામી તથા ગુમરાહી છે, કારણ કે જ્યારે સ્ત્રીને ગૈર મર્દોથી પોતાના શરીરને છુપાવવાનો અને પર્દાનો હુકમ કુર્આનમાં આવ્યો, હદીષમાં તેના હુકમો વિવિધ રીતે આવ્યા, સ્ત્રીનો અવાજ પણ ઔરત (છુપાવવાની ચીજ) છે તેવું અલ્લાહના રસૂલના હુકમોના આધારે જાહેર થયું, તો શું એ તેણીઓને નથી સુઝતું ?! તો આ પરથી કુર્આન, હદીષની રૂએ મનાઈ ન થઈ ગઈ ? શું કુર્આનમાં તેમનાં નામો લઈને આયતો ઉતરવી જોઈતી હતી ! તો એ માનતી ! સારાંશ કે ક્યારેક ક્યારેક આવી મોર્ડન સ્ત્રીઓને બે ચોપડી ભણી લેતાં પોતે બુદ્ધિમાન હોવાનું ભૂત સવાર થઈ જાય છે અને તેમને અન્ય ગૈરો તથા અધર્મીઓનો ટેકો મળી જતાં આવા ડ્રામા ક્યાંક ક્યાંક યોજાય જાય છે, એથી વધુ એમના આ કરતૂતોનું કોઈ મહત્વ નથી હોતું.

આ કાઝી બનવાની શોખિન તેણીનું કહેવું કે દુનિયા બહુ આગળ વધી ગઈ અને જેથી આપણે બાપ દાદાની રસમો પકડીને બેસી ન રહેવું જોઈએ. તો તેણી જાણી લે કે આ બાપદાદાની રસમ નથી ! પણ આ નિકાહની રીત તો કુર્આન હદીષના હુકમો અનુસાર છે, અને શું કુર્આન હદીષને ૧૪૦૦ ઉપર વરસો થઈ ગયાં તો તેને પૂરાણુ કહીને તેને ત્યજીને કોઈ નવું જીવન બંધારણ તથા નવી માન્યતાઓ અપનાવીને તે મુસ્લિમ રહેશે ? માટે ખરું એ છે કે મુસલમાનની ભલાઈ એમાં જ છે કે દુનિયામાં ઉદ્‌ભવ પામતાં નવાં કપડાં, નવાં સફરનાં સાધનો, નવી જાતનાં મકાનો.... વગેરે સર્વ નવું અપનાવે પણ તેની નજાત તો એ જ અસલ મઝહબને પકડી રાખશે તો જ થશે, તેમાં મનમાન્યા ફેરફાર કર્યા તો ઈસ્લામથી બહાર થઈ જશે અને તેનો અંજામ હમેશાંની જહન્નમ જ છે.

વળી ગવાહો સંબંધે પણ મસ્અલો તો એ જ છે કે અસલમાં બે મર્દ ગવાહોના બદલે સ્ત્રી જો ગવાહ હોય તો બે સ્ત્રી ગવાહ થઈ શકે, ચારે ચાર નહીં કેમ કે એક મર્દનું ગવાહ હોવું તો જરૂરી છે, નહીં તો ગવાહી માન્ય રહેશે નહીં. અને નિકાહના માટે તો પુરૂષ જ ગવાહ હોવા જોઈએ કેમ કે જાહેરમાં નિકાહ થાય તો સ્ત્રી ગવાહોને લોકો જોશે અને બેપર્દગી ઉભી થશે જે શરીઅતનું ઉલ્લંઘન છે.

અલ્લાહ તઆલા મુસલમાનોને ઈસ્લામી કાનૂનોથી બગાવત કરવાથી મેહફૂઝ રાખે અને શરીઅતના મૂળ હુકમોના પાબંદ બનાવે. (આમીન)

## બરકાતે ખ્વાજાની ટપાલ કાર્યાલય

(મુંબઈ)ના પ્રસંગોપાત ઈમાન અફરોઝ બયાનો થયાં તેમજ નઅતખ્વાં તૂતીએ હિંદ જનાબ અસ્લમ ગોંડવી સાહબે નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા હતા. *(રજૂકર્તા : હાજી કચ્છી અલીયાબાડાવાળા)*

### ★ દયાદરા મદરસાનો ઈનામી જલ્સો ★

**દયાદરા** ખાતે મદરસા મઝાહેરુલ ઉલૂમના બાળકોનો ઈનામી જલ્સો પીરે તરીકત હઝરત સૈયદ બડા સાહબ તિર્મિઝી દયાદરવીની સદારતમાં તા. ૨૬/૮/૦૮ સવારે ૮ વાગે મદરસાના હોલમાં યોજાયો. ગ્રામ્યજનો વડીલોની હાજરીમાં મદરસાના બાળકો બાળકીઓએ હમ્દ, નઅત, ઈલ્મી સવાબ–જવાબના મુકાલેમા, તક્રીર વગેરે પેશ કરી ઉમદા તા'લીમની સાબિતી પુરવાર કરી હતી. ૧ થી ૫ નંબર મેળવનાર બાળકોને ઈનામો આપવામાં આવ્યાં હતાં. હાજરીમાં નંબર લાવનારને પણ ઈનામો અપાયાં. છેવટે હઝરત સૈયદ બડા સાહબના બયાન, દુઆ તથા સલાતો સલામ સાથે પ્રોગ્રામ ખત્મ થયો. રાત્રે ઈશા બાદ ૪ હાફિઝ થનાર તલબાની દસ્તારબંદીનો જલ્સો અકુજી હોલમાં થયો જેમાં હઝરત સૈયદ નૂરાની બાવા સાહબના મુબારક હસ્તે દસ્તાર બાંધવામાં આવી અને જનાબ મૌલાના સાદિક દહેગામી સાહબે શાનદાર તક્રીર કરી હતી. છેવટે સલાતો સલામ બાદ હઝરત નૂરાની બાવા સાહબની દુઆ પર પ્રોગ્રામ ખત્મ થયો.

**જુનાગઢ** : ખાતે મશ્હૂર ઔલિયા હઝરત તીન શહીદ પીર બાવા رحمۃ اللہ علیہનો ઉર્સ શરીફ તા. ૧૨–૮–૦૮ના રોજ મનાવાયો જેમાં ઈશા બાદ પીરે તરીકત હઝરત મૌલાના ગુલઝાર અહમદ નૂરી રઝવી (સજ્જાદાનશીન ખાનકાહે રઝવિય્યહ્ નૂરીય્યહ્)ની સદારતમાં દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફાના મુફ્તી હસીબુર્રહમાન સાહબે પુરજોશ તક્રીર કરી, નઅતે પાક જનાબ નસીરુદ્દીન સાહબ મીરે (સાવરકુંડલા) પેશ કરી. જનાબ સૈયદ અસ્ગર અલીબાપુ, હઝરત સૈયદ કાલુબાપુ, હઝરત મૌલાના નઝીર અહમદ.... વગેરે ઉલમાએ હાજરી આપી. *(રજૂ. ખાદિમ ઘાંચી મુહમ્મદહનીફ ઉમર બંગાલી રેસ્ટોરન્ટવાળા)*

### ★ જલસાએ દસ્તારબંદી ★

તા. ૯ શાબાન હિ.સ. ૧૪૨૯ના રોજ લાતૂર (મહારાષ્ટ્ર) ખાતે દારુલ ઉલૂમ હસનાત દીનીયાતનો સાલાના દસ્તારબંદી જલ્સો યોજાયો જેમાં ૯ હાફિઝ, કારી તલબાની દસ્તારબંદી થઈ. જેમાં ખતીબે અહલે સુન્નત હઝરત મૌલાના શહબાઝ અન્વાર સાહબ (કાનપુર) તથા ફાઝિલે જલીલ અલ્લામા ફહીમુલ કાદરી સાહબ

### ★ શાદી મુબારક ★

**કરજણ** : સાંઈસુધા સોસાયટી (ઝમઝમપાર્ક)થી બરકાતે ખ્વાજા (માસિક)ના ચાહક પટેલ જહાંગીરભાઈ જે. ખેરડાવાલા (કરજણ શહેર કોંગ્રેસ સંગઠન મંત્રી) લખી જણાવે છે કે તેઓની સુપુત્રી પટેલ આસેફાબાનુની શાદી ગામ ટુંડાવ તા. સાવલીના એ.એ. ભલાવાતના સુપુત્ર મયુરભાઈ સાથે અંગ્રેજી તારીખ ૪/૫/૨૦૦૮ને રવિવારના રોજ દિવસના કરજણ ઝમઝમ પાર્ક ખાતે જાહોજલાલીથી સંપન્ન થઈ છે. પીરે તરીકત મોઈને મિલ્લત હઝરત સૈયદ મોઈનુદ્દીન બાવાની ભરપુર દુઆઓથી, નિગાહે કરમથી મસ્જિદે ખ્વાજા ગરીબ નવાઝ (શુંભમંગલમ સોસાયટી, રહમતનગર) કરજણના ખતીબો ઈમામ મૌલાના દાઉદભાઈના થકી નિકાહ ખ્વાની થયેલ છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં જોડાને સદા ખુશ તથા આબાદ રાખે. મુબારકબાદ ! –તંત્રી

### ★ ઉર્સ મનાવાયો ★

**ઉંઢેલા** (તા. માતર, જિ. ખેડા) : મુકામે હઝરત મીરાં અલી સૈયદ બાવા رحمۃ اللہ علیہ તેમજ હઝરત કબીર અલી સૈયદ બાવા رحمۃ اللہ علیہ નો ઉર્સ શરીફ મુ. ચાંદ ૨૭ શાબાન તા. ૩૦/૮/૦૮ના રોજ ખૂબ જ શાનો શૌકતથી મનાવવામાં આવ્યો. મુ. ચાંદ ૨૬, તા. ૨૯ના રોજ જુલૂસરૂપે હઝરતના આસ્તાના પર હાજર થઈ ગ્રામ્યજનો દ્વારા સંદલ શરીફની રસ્મ અદા કરવામાં આવી. રાત્રે બાદ નમાઝે ઈશા મેહફિલે સમાએ નઅત શરીફનું આયોજન કરવામાં આવ્યું જેમાં જનાબ મુહમ્મદ સુલ્તાન રઝા મોઈની (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–વડોદરા)એ નઅતોના ગુલદસ્તા પેશ કર્યા. સાથે સાથે નમાઝ વિશે હાજરજનોને ખાસ તાકીદ કરવામાં આવી હતી. તા. ૩૦ ની બપોરે આમ ન્યાઝ ખવડાવવામાં આવી હતી. જ્યારે રાત્રે ઈશાબાદ જનાબ હાફેઝ હબીબુલ્લાહ સાહબ (વસોવાલા)ની તકરીરનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. એકંદરે ઉર્સ શરીફનો આ મુબુરક પ્રસંગ બખૂબી કામ્યાબીપૂર્વક સંપન્ન થયો હતો. –રજૂ. *: સૈયદ આફતાબ હુસૈન એ. (ઉંઢેલા)*

## અમીરે 'સુન્ની દા'વતે ઈસ્લામી'ને સખત સદમો ! વાલિદા મોહતરમાનો ઈન્તેકાલ પુરમલાલ !

આલમી તેહરીક **'સુન્ની દા'વતે ઈસ્લામી'**ના અમીર **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (મુંબઈ)**નાં વાલિદા **મોહતરમા હજ્જન હલીમા અબ્દુલ કરીમ** કેટલાક સમયથી બીમાર રહેતાં હતાં જેમનો ઈન્તેકાલ ૫–રમઝાનુલ મુબારકના રોજ લગભગ ૭૮ વરસની વયે ફજરના સમયે થયો અને ઝહોર બાદ દફનવિધિ સોનાપુર–મરીન લાઈન કબ્રસ્તાનમાં એક વલીના મઝારની તદ્દન નજીક અને મસ્જિદની દસેક ફૂટ જેટલા નજીકમાં દફન કરવામાં આવ્યાં. આલે રસૂલ હઝરત સૈયદ હસ્નેનમિયાં નઝમી મારહરવી (સજ્જાદાનશીન ખાનકાહે મારહરા શરીફ)એ મર્હૂમાની નમાઝે જનાઝા પઢાવી હતી. ચાહકો સ્નેહીઓની, સર્વ રોઝાદારોની ખાસ્સી ભીડે હાજરી આપી હતી. રવિવારના રોજ ૭ રમઝાનની રાત્રે ઈશા બાદ મર્કઝ ઈસ્માઈલ હબીબ મસ્જિદ ખાતે કુર્આન ખ્વાની બાદ દુઆ કરવામાં આવી તથા અન્ય ઘણે ઠેકાણે મુંબઈ આસપાસ તથા ભરૂચ, દયાદરા, આમોદ, જંબુસર, કરજણ, વડોદરા, ભાવનગર, દાહોદ, સૂરત તથા સૌરાષ્ટ્ર બાજુ.... જ્યાં ખબર પહોંચી ત્યાં કુર્આન ખ્વાની કરી મર્હૂમાને ઈસાલે સવાબ કરવામાં આવ્યો. દેશભરમાં વિવિધ રાજ્યોમાં તથા વિવિધ દેશો ઈંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા, પાકિસ્તાન તથા અન્ય દેશોમાં જ્યાં જ્યાં ખબર પહોંચી ત્યાં કુર્આન ખ્વાની દુઆઓ થઈ. મર્હૂમા તહજ્જુદ ગુઝાર ખૂબ નેક પરહેઝગાર હતાં.ખૂબ જ સાદગી પસંદ, સબ્રના પહાડ સમાં હતાં. અમારી જાણ મુજબ સારી તબીયત હતી ત્યાં સુધી વૃદ્ધાવસ્થામાં પણ તહજ્જુદ પઢી સૂરએ યાસીનની તિલાવત સાથે સવારનો નાશ્તો રોટી વગેરે જાતે કરતાં હતાં. એમની દુઆઓનો જ સદકો છે કે ફરઝંદો પણ ખૂબ નેક છે. ખાસ કરીને હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)ની કારકિર્દીથી સૌ વાકેફ છે કે આપના હેઠળ ચાલતી એક વિશ્વવ્યાપી તેહરીક 'સુન્ની દા'વતે ઈસ્લામી' જગતભરમાં લોકોને સુન્નિયત પર તથા નેક અમલો પર મજબૂત કરી રહી છે, કેટલાય માંબાપોની ઔલાદ ભટકી ગઈ હતી તે સીધા માર્ગે આવી ગઈ જેથી તેમની આંખોને ઠંડક પહોંચાડી રહી છે, અને એ ક્રમ ચાલુ છે કે હજારોને ગલત રાહ પરથી તૌબા કરાવીને ઈસ્લામી પાકીઝા જિંદગી બખ્શી રહી છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની કરવટ કરવટ મગફેરત ફર્માવી દરજાઓમાં સતત બુલંદી અતા કરે અને જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે. અને તેમની નેક ઔલાદ ખાસ કરીને હઝરત મૌલાના શાકિર નૂરી સાહબ તેમજ જનાબ રફીકભાઈ તથા જનાબ અમીનભાઈ તથા સર્વ કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. અમો સંપૂર્ણપણે તેમના ગમમાં પૂરી હમદર્દી સાથે શરીક છીએ. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં હમેશાં આ નેક મર્હૂમાનો રૂહાની સાયો તેમના ફરઝંદો તથા કુટુંબીજનો પર રાખે અને આપણને સૌને પણ તેમનો રૂહાની ફયૂઝ મળે જે સદા આપણને હઝરત મૌલાના શાકિર નૂરી સાહબ જેમ હોસલાભેર દીનના કામોમાં લાગેલા રાખે કે જે આપણા સૌની નજાતનો સબબ બને. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ઈન્તેકાલ પુરમલાલ

**નડિયાદ :** ખલીફાએ હુઝૂર તાજુશ્શરીઅહ જનાબ સૈયદ આલે રસૂલ ઝયનુલ આબિદીન સાહબની નાની વયની સાહબઝાદી સૈયદા આલે ફાતિમા કેટલાક સમયથી બીમાર હતી જેનો ઈન્તેકાલ ૨૧–શાબાનુલ મુઅઝ્ઝમના રોજ થયો છે.

**દયાદરા :** ના વતની ઈકબાલ અલી દેસાઈનો તા. ૨/૯/૦૮ના રોજ કુવૈત મુકામે હાર્ટફેઈલ થતાં અચાનક ઈન્તેકાલ થયો એ ખબર મળતાં ગ્રામ્યજનોએ આંચકો અનુભવ્યો હતો અને સર્વત્ર રંજમય વાતાવરણ છવાઈ ગયું હતું.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની મગફેરત ફર્માવે, તેમના દરજાઓની બુલંદી આપે ખાસ જનાબ સૈયદ સાહબને મર્હૂમાનો નેઅમલ બદલ અતા કરે. જન્નતમાં આ'લા મકામ અતા કરે અને તેમના વારસદારોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી*

### મદરસો બનાવી આપો !

**રાજગઢ પાલ્લા :** પંચમહાલ જિલ્લાનું એક નાનકડું ગામ છે આશરે પાંચસો ઘરની વસ્તી છે. અલ્લાહના કરમ અને હુઝૂર ﷺના સદકામાં આખુ ગામ સુન્નિયત પર છે. ગામની અંદર એક મસ્જિદ છે પરંતુ બાળકોના દીની ઈલ્મ શીખવા માટે મદરસાના અલાયદા મકાનની સગવડ નથી. અલ્લાહના કરમથી ગામમાં જમીન મદરસો તામીર કરવા માટે છે અને મદરસાનું બાંધકામ ગામની સુન્ની મુસ્લિમ કમિટીએ હાથ ઉપર લીધેલ છે. વધુ પડતી ગરીબ વસ્તી હોવાથી એકલા ગામથી પહોંચી વળવું મુશ્કેલ હોવાથી અમારી દરેક સુન્ની મુસ્લિમ ભાઈઓને આ નેક કામમાં મદદરૂપ થઈ સવાબે જારીયાના હક્કદાર થવા અપીલ છે. અંદાજિત ખર્ચ **૧૦ લાખ રૂા.** છે. સંપર્ક કરો :–

**મદરસએ દારુલ ઉલૂમ ગૌષિયા** (રજી નં. ૩૮) મુ. રાજગઢ–પાલ્લા,
તા. ઘોઘંબા, જિ. પંચમહાલ, પિન. ૩૮૯૩૬૫ (મો. ૯૪૨૮૦ ૧૨૮૦૮–રફીકભાઈ એડવોકેટ)

## બરકાતે ખ્વાજા (માસિક) તથા અંજુમનના મેમ્બર થવા સંપર્ક કરો

| | |
|---|---|
| **ભાવનગર** | : જનાબ ઈરફાનભાઈ MR (મો.) ૯૭૨૭૪ ૩૧૪૪૩ |
| **મુંબઈ** | : જનાબ ઈરફાનભાઈ નમકવાળા (મો.) ૯૨૨૩૩૨૯૫૭૩ |
| **જામનગર** | : જનાબ ઈરફાનભાઈ માણિયા હાતિનાવાળા (મો.) ૯૯૨૫૫૧૩૧૯૩ |
| **અમદાવાદ** | : જનાબ સલીમભાઈ પેટલાદવાળા (મો.) ૯૯૯૮૪૭૪૬૭૫ |
| **હાલોલ** | : જનાબ મૌલાના કમરુદ્દીન સાહબ (મો.) ૯૯૨૪૪૧૦૯૨૬ |
| **થર્મલ પાવર સ્ટેશન** | : જનાબ મૌલાના સાધીવાળા (મો.) ૯૮૨૪૪૮૩૨૪૬ |
| **કપડવંજ** | : જનાબ અ. કાદરભાઈ કારીગર (મો.) ૯૯૯૮૩૯૪૧૯૨ |
| **જુનાગઢ** | : રઝા પેન સેન્ટર (મો.) ૯૪૨૬૯૬૯૨૯૫ |
| **માજોઠી** | : જનાબ ઈબ્રાહીમભાઈ (મો.) ૯૮૨૪૯૫૭૦૧૭ |
| **દીવ** | : જનાબ અબ્દુલ્લાહભાઈ (મો.) ૯૯૨૫૩૩૬૨૮૪ |
| **અલીયાબાડા** | : જનાબ દાઉદભાઈ (મો.) ૯૪૨૭૨૭૬૫૧૯ |
| **વાડીનાર** | : ગુલામ રસૂલભાઈ (મો.) ૯૮૨૭૯૫૧૩૧૯૨ |
| **ધોરાજી** | : ગૌષે આ'ઝમ દસ્તગીર કિતાબ ઘર (મો.) ૯૯૦૪૨૯૩૦૧૦ |
| **ધોરાજી** | : બરકાતી બુક ડેપો (ઈમ્તયાઝભાઈ) (મો.) ૯૮૨૫૮૮૦૯૯૫ |
| **અંજાર** | : જનાબ રોશનઅલી (મો.) ૯૭૨૩૧૫૬૭૮૬ |

આ સર્વ ભાઈઓએ ફીસબીલિલ્લાહ **'બરકાતે ખ્વાજા'** (માસિક)ના ગ્રાહકો કરવામાં તથા **'અંજુમને રઝાએ મુસ્તફા'**ના મેમ્બરો કરવામાં તથા અન્ય જેમણે રમઝાન દરમ્યાન વરસ દરમ્યાન સહાય કરી કરાવી છે તેમને રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં બંને જહાનમાં નેઅમતોથી માલમાલ કરે. (આમીન) તંત્રી

## અલ્લાહના ઘર માટે અપીલ !

રાજપીપલા : જુમ્આ મસ્જિદ માજી રાજ્યના સમયની છે જેને આશરે ૨૦ વરસ પર ફરી બનાવેલી હાલ ગ્રાઉન્ડ ફલોરમાં નીચે પાણીનું હેઝ આવે છે તેમજ બીજા માળે ટાઈલ્સ ખરાબ થઈ જતાં માર્બલ બેસાડવાના છે. **રૂા. ૧ લાખ**નો ખર્ચ થાય તેમ છે. રાજપીપલાના સ્થાનિક લોકો મોટાભાગે ગરીબ વર્ગના છે જેથી સખીદાતાઓને વિનંતિ કે આ કામમાં સહાય કરી સવાબે દારૈન હાંસલ કરશો.

**:: સંપર્ક કરો :::**

**(પ્રમુખ) ઈબ્રાહીમ એ. ખત્રી**
**(એડવોકેટ)**
રહમાની મંઝિલ, ખત્રીવાડ, રાજપીપલા, જિ. નર્મદા (ગુજરાત)

## ● અલ્લાહ જઝાએ ખૈર આપે ●

- ★ જનાબ ઈસ્માઈલભાઈ ચરીવાલા (બીલીમોરા) હાર્ટફોર્ડ–યુ.એસ.એ. તરફથી 'ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'ને રૂા. ૨૫,૩૭૪/– મળ્યા છે.
- ★ જનાબ અબ્દુલ્લાભાઈ ઈસપબેટી દયાદરાવાળા તરફથી 'ઈસ્લામિક વેલ્ફેર મિશન'ના 'મસ્જિદ મદરસા બાંધકામ ફંડ' ખાતે સારો એવો સહકાર મળ્યો છે.
- ★ જનાબ હાજી યૂસુફભાઈ રાવલ્યા જામનગરી–જાંબિયા તરફથી તેમજ દયાદરાના જનાબ હાજી ઈબ્રાહીમ હવેલીવાળા, જનાબ મકસૂદ યાકૂબ હવેલીવાલા તથા જનાબ ફારૂક ઈસ્માઈલ પટેલ તરફથી 'ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'ને સારો સહકાર મળ્યો છે.
- ★ હજીયાણી જુબેદાબેન યૂનુસ માલજી (દયાદરા) તરફથી પણ રૂા. ૧૦,૦૦૦/– 'ઈસ્લામિક વેલ્ફેર મિશનને' મળ્યા છે.
- ★ જનાબ હાજી ગુલામ અહમદ લાકડાવાલા (દયાદરા) થકી 'અંજુમને રઝાએ મુસ્તફા', 'ઈસ્લામિક વેલ્ફેર મિશન' તથા 'બરકાતે ખ્વાજા '(માસિક)ને કુલ રૂા. ૧૦,૦૦૦/– મળ્યા છે.
- ★ જનાબ શફીક ઈસ્માઈલ ઘંટીવાલા (દયાદરા) તરફથી 'અંજુમન' તથા 'મિશન'ને કુલ રૂા. ૫૦૦૦/– મળ્યા છે.
- ★ નાસિર મુહમ્મદ શેઠ (દયાદરા) તરફથી બંને સંસ્થાને કુલ રૂા. ૫,૦૦૦/– મળ્યા છે.

**સર્વ નામો રજૂ થઈ શકે તેમ નથી જેથી નામી અનામી જે લોકોએ ઉપરોક્ત સંસ્થાઓને સહાય કરી છે, રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તે સર્વની નેકીઓને કબૂલ કરે તેમના મર્હૂમોની મગફેરત ફર્માવે, અને તેમની તથા તેમની ઔલાદોની બંને દુનિયાને પુરસુકૂન તથા આબાદ રાખે. (આમીન)**

# વાહ ! ક્યા જૂદો કરમ હૈ ! શહે બત્હા તેરા !

**અઝ : આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

વાહ ! ક્યા જૂદો કરમ હૈ શહે બત્હા તેરા
"નહીં" સુન્તા હી નહીં માંગને વાલા તેરા

ધારે ચલતે હૈં અતા કે વો હૈ ક઼તરા તેરા
તારે ખિલતે હૈં સખા કે વો હૈ ઝર્રા તેરા

ફૈઝ હૈ યા શહે તસ્નીમ નિરાલા તેરા
આપ પ્યાસોં કે તજસ્સુસ મેં હૈ દરિયા તેરા

અગ઼્નિયા પલતે હૈં દર સે વો હૈ બાળા તેરા
અસ્ફિયા ચલતે હૈં સર સે વો હૈ રસ્તા તેરા

ફર્શ વાલે તેરી શૌકત કા ઉલૂ ક્યા જાનેં
ખુસ્રવા અર્શ પે ઉળતા હૈ ફરેરા તેરા

આસમાં ખ્વાન, ઝમીં ખ્વાન, ઝમાના મેહમાન
સાહિબે ખાના લક઼બ કિસ કા હૈ તેરા, તેરા

મૈં તો માલિક હી કહૂંગા કિ હો માલિક કે હબીબ
યઅની મહબૂબો મુહિબ મેં નહીં મેરા તેરા

તેરે ક઼દમોં મેં જો હૈ ગ઼ૈર કા મુંહ ક્યા દેખેં
કૌન નઝરોં પે ચળહે દેખ કે તલ્વા તેરા

બહ્રે સાઈલ કા હૂં સાઈલ ન કુંએ કા પ્યાસા
ખૂદ બુઝા જાયે કલેજા મેરા છીંટા તેરા

ચોર હાકિમ સે છુપા કરતે હૈં યાં ઉસકે ખિલાફ
તેરે દામન મેં છુપે ચોર અનોખા તેરા

આખેં ઠંડી હોં જિગર તાઝે હોં જાનેં સૈરાબ
સચ્ચે સૂરજ વો દિલ-આરા હૈ ઉજાલા તેરા

દિલ અબસ્ ખૌફ સે પત્તા સા ઉળા જાતા હૈ
પલ્લા હલ્કા હી સહી ભારી હૈ ભરોસા તેરા

એક મૈં ક્યા મેરે ઈસ્યાં કી હક઼ીક઼ત કિત્ની
મુઝ સે સૌ લાખ કો કાફી હૈ ઈશારા તેરા

મુફ્ત પાલા થા કભી કામ કી આદત ન પળી
અબ અમલ પૂછતે હૈં ! હાય નિકમ્મા તેરા

તેરે ટુકળોં સે પલે ગ઼ૈર કી ઠોકર પે ન ડાલ
ઝિળકિયાં ખાયેં કહાં છોળ કે સદક઼ા તેરા

ખ્વારો બીમારો ખતાવારો ગુનહ્ગાર હૂં મૈં
રાફેઓ નાફેઓ શાફેઅ લક઼બ આક઼ા તેરા

મેરી તક઼દીર બુરી હો તો ભલી કર દે કિ હૈ
મહવ-વ ઈસ્બાત કે દફતર પે કળોળા તેરા

તૂ જો ચાહે તો અભી મૈલ મેરે દિલ કે ધૂલે
કિ ખુદા દિલ નહીં કરતા કભી મૈલા તેરા

કિસકા મૂંહ તકિએ કહાં જાઈયે કિસસે કહિએ
તેરે હી ક઼દ્મોં પે મિટ જાએ યહ પાલા તેરા

તૂ ને ઈસ્લામ દિયા તૂ ને જમાઅત મેં લિયા
તૂ કરીમ અબ કોઈ ફિરતા હૈ અતિય્યા તેરા

મૌત સુનતા હૂં સિતમ તલ્ખ ઝહ્રાબએ નાબ
કૌન લા દે મુઝે તલ્વોં કા ગુસાલા તેરા

દૂર ક્યા જાનિયે બદકાર પે કૈસી ગુઝરે
તેરે હી દર પે મરે બેકસો તન્હા તેરા

તેરે સદક઼ે મુઝે ઈક બૂંદ બહુત હૈ તેરી
જિસ દિન અચ્છોં કો મિલે જામ છલકતા તેરા

હરમો તૈબા વ બગ઼દાદ જિધર કીજે નિગાહ
જોત પળતી હૈ તેરી નૂર હૈ છનતા તેરા

તેરી સરકાર મેં લાતા હૈ "રઝા" ઉસકો શફીઅ્
જો મેરા ગ઼ૌષ હૈ ઔર લાડલા બેટા તેરા


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

૧. **સૈયદ યુવાન** : ઉંમર–૨૨ વર્ષ, આઠ પાસ, ધંધો : પ્રોવિઝન કેબીન (વડોદરા બાજુ)

૨. **સૈયદ યુવાન** : ઉંમર–૨૨ વર્ષ, બારપાસ, હોલસેલ ફૂટવેરનો ધંધો માસિક આવક રૂા. દસ હજાર, બાશરઅ, અગ્રેજી, હિંદી, ગુજરાતી જાણકાર (વડોદરા બાજુ)

૩. **હાલાઈ મેમણ યુવાન** : ઉંમર–૩૨ વર્ષ, ઘરની દુકાન, એજ્યુ. ૧૦ પાસ, દીનદાર વેલસેટ.

**નોંધ** : સુન્ની બરેલ્વી સિવાય અન્ય ફિર્કાવાળાએ બાયોડેટા મોકલવા તકલીફ લેવી નહીં. વાંચકોએ વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક) કાર્યાલયનો સંપર્ક કરવો તો જે તે પસંદગીના પાત્રો સાથે કોન્ટેકટ કરાવી આપીશું પણ છોકરા છોકરીની સર્વ સત્ય વિગત પોતે પણ ચેક કરવી કોઈ પ્રોબ્લેમ રહે નહીં.